# અવલોકન ગુલદસ્તો



## સુરેશ જાની

### ૨૧, ઓગસ્ટ - ૨૦૨૦

અનુક્રમણિકા

# અનુક્રમણિકા

## નીચેના કોઈ પણ લેખ પર ક્લિક કરી ત્યાં પહોંચી શકશો -


અનુક્રમણિકા ..... 2

લેખકનું નિવેદન ..... 6

૧ – અનાવલોકન ..... 7

૨ – અન્ડરવેરને ખીસું ..... 10

૩ – અવ્યવસ્થિત ..... 12

૪ – અશ્મિ ( Fossil ) ..... 14

૫ – એકલો ..... 15

૬ – એ શું? ..... 15

૭ – અંકુર ..... 18

૮ – અંધારઘેર્યા પ્રદેશનો આંધળો રાજા ..... 19

૯ – ઊભરો ..... 20

૧૦ – કારના વિન્ડ સ્ક્રીન પર પાણી ..... 22

૧૧ – કુકિન્ગ પ્લેટફોર્મ ..... 24

૧૨ – કેરીનો રસ કાઢતાં ..... 24

૧૩ – કેલેન્ડર ..... 26

૧૪ – ખાલીખમ ..... 27

૧૫ – ખાલી ઘર ..... 28

૧૬ – ખાસ ઘડિયાળ ..... 31

૧૭ – ખીંટી ..... 33

૧૮ – ખેલ ખરાખરીનો ..... 35

૧૯ – ગરાજ સેલ ..... 36

૨૦ – ઘંટી ..... 37

૨૧ – ઘાસ ..... 38

૨૨ – ઘાસ પરનું ઝાકળ ..... 39

૨૩ – ચા તૈયાર છે ..... 40

૨૪ – ચાના કૂચા ....... 42
૨૫ – ચા બનાવતાં ....... 43
૨૬ – ઝાટકો ....... 44
૨૭ – ત્રિવાચુ ....... 45
૨૮ – ટ્રાફિક સિગ્નલ ....... 48
૨૯ – દુર્યોધન ....... 49
૩૦ – ધોળા વાળ ....... 50
૩૧ – નાગ પકડનાર ....... 51
૩૨ – નિશાળમાં ....... 52
૩૩ – નીંદણ ....... 53
૩૪ – પડછાયા ....... 54
૩૫ – પથ્થરમાં ઝાકળ ....... 56
૩૬ – પરપોટા ....... 57
૩૭ – પરબીડિયું ....... 58
૩૮ – પાણીની શીશી ....... 59
૩૯ – પાનખર ....... 60
૪૦ – પુલ ....... 61
૪૧ – પ્રતિબિંબ ....... 62
૪૨ – પ્રવાસની ખાલી પેટીઓ ....... 63
૪૩ – પ્લાસ્ટિકની બેગ ....... 64
૪૪ – ફાયર ટ્રક – એક અવલોકન ....... 65
૪૫ – બાઈટ ....... 66
૪૬ – બારીમાંથી ....... 67
૪૭ - બાસ્કેટબોલ ....... 68
૪૮ - મોઝેક ....... 69
૪૯ - રણમાં વસંત ....... 70
૫૦ - રમત – શૂન્ય ચોકડીની ....... 70

૫૧ - રસ્તો – ત્રણ અવલોકન ...71
૫૨ - રિવર વોક અને બંધ બારી...73
૫૩ - રિસાયકલ કેન...74
૫૪ - લિપિ...74
૫૫ - વૃક્ષ અને વેલી - ૧ ...76
૫૬ - વૃક્ષ અને વેલી - ૨...78
૫૭ - વૃક્ષ અને વેલી - ૩ ...80
૫૮ - વૃક્ષ અને વેલી - ૪...82
૫૯ - શા માટે? ...83
૬૦ - સાબુ પર સાબુ...86
૬૧ - સુડોકુ...88
૬૨ - સ્વીમિંગ પુલમાં...90
૬૩ - હાઈવે પર સફર ...91
૬૪ - હાથનાં મોજાં...96
૬૫ - હીમકણિકા ...97
૬૬ - હાલોકન – પહેલું અને છેલ્લું...98



અનુક્રમણિકા

# લેખકનું નિવેદન

૨૦૦૫ ની સાલથી શરૂ થયેલી સર્જન યાત્રા પંદર વર્ષ પૂરા કરે છે, ત્યારે રિયર-વ્યૂ- મિરરમાં જોતાં મારાં સર્જનોનો મૂખ્ય પ્રકાર 'અવલોકન' રહ્યો છે. મને એ જાણ છે કે, આ બધા અવલોકનો મારા મનમાં આડેધડ આવેલા વિચારોનો શબ્દ દેહ માત્ર જ છે. એનો સાહિત્યના કોઈ સર્વમાન્ય અને રાબેતા મૂજબના પ્રકારમાં સમાવેશ  થઈ શકે તેમ નથી.  બહુ બહુ તો એને લલિત નિબંધ કહી શકાય. પણ સાદી ભાષામાં તો એને 'વિચારવાયુ' જ કહેવાય!

આથી એક ક્ષણે એ લખ'વા' છોડી દેવા મન થયું હતું અને ***'અનાવલોકન'*** લેખ હેઠળ મારા બ્લોગ પર એની ઇચ્છા વ્યક્ત કરી હતી. માત્ર વર્તમાનમાં જીવવાની એ કોશિશ હતી. પણ એ કેટલું દુષ્કર છે – એ સમજાતાં ***'હાલોકન'*** – હાલમાં, એક નાનકડી ક્ષણમાં  જીવનની  સ્થિતિનું આલેખન કરવા પહેલી અને છેલ્લી કોશિશ કરી હતી. પણ તરત જ એની પણ અશક્યતા સમજાઈ ગઈ હતી.

અનાવલોકન અને હાલોકનના એ બે અંત બિંદુઓ વચ્ચે, લખ'વા' ના સબબે, જીવનમાં ઘટેલી સાવ નાની નાની ઘટનાઓ અને ચીજો પરથી ૩૭૫  અવલોકનો ચિતરાઈ ગયાં હતાં! એમાંથી ચૂંટેલા અને મને જરાક વધારે ગમી ગયેલાં ૬૪ અવલોકનોનો આ ગુલાદસ્તો છે. આ ગજરાની શરૂઆત 'અનાવલોકન'થી અને સમાપન 'હાલોકન' થી કર્યું છે.

મનમાં આવતા વિચારોના ઘોડાપૂરને કોઈ દિશા નથી હોતી. કોઈ જાતના બંધન વિનાના એના પોતને ચિત્રદેહ એક શિર્ષક ચિત્રથી આપ્યો છે. બે'ક વાત, એ ફ્યુઝન અંગે -

| | |
|---|---|
| અવલોકન + ગુલદસ્તો | સંસ્કૃત +  ફારસી |
| ફૂલ + મેગ્નિફાયર | કળા + વિજ્ઞાન |
| ઇકેબાના | જાપાનીઝ કળા |
| ફૂલ પર મેગ્નિફાયર | સૂક્ષ્મ અવલોકન |
| ગુલાબી અને લીલા રંગો | હિંદુ / મુસ્લિમ માન્યતાઓ |

આશા છે કે, વાચકને આ વાવંટોળ ગમશે.

## બધાં અવલોકનો  નેટ ઉપર આ ઠેકાણે –

https://gadyasoor.wordpress.com/category/%e0%aa%aa%e0%ab%8d%e0%aa%b0%e0%aa%95%e0%aa%be%e0%aa%b0/%e0%aa%85%e0%aa%b5%e0%aa%b2%e0%ab%8b%e0%aa%95%e0%aa%a8/

**- સુરેશ જાની**

# ૧ – અનાવલોકન

તે દિવસે પાર્કમાં ગયો હતો. રાબેતા મુજબ ચારે બાજુ નજર નાંખી. બધી જૂની અવલોકન કથાઓની યાદ તરોતાજા થઈ ગઈ. કશું જ નવું ન સુઝે! અને ત્યાં જ આ 'અનાવલોકન' જડી ગયું.

એમ બને કે, સામે રહેલી વસ્તુઓ કે ઘટનાઓ જોઈએ અને કશો વિચાર જ ન આવે? કોઈ પ્રતિક્રિયા નહીં. કોઈ ઉપમા કે કોઈ ઉત્પ્રેક્ષા નહીં. કોઈ રુપક નહીં, કોઈ સજીવારોપણ નહીં, કોઈ દ્રષ્ટાન્ત નહીં, કોઈ જાતનો અલંકાર કે કથા નહીં. બસ, સાવ કશું જ નહીં.

કેવળ વર્તમાન જ હોય. અત્યાર સુધી શબ્દીત કરેલાં બધાં અવલોકનો મનના વિચાર પર આધારિત હતાં. મોટે ભાગે માનવજીવન સાથે એમની જાણે અજાણે તુલના થઈ જતી હતી. એ બધો મનનો ખેલ હતો; વાણી-વિલાસ હતો.ભુતકાળના જ્ઞાન અને અનુભવોનો કહેવાતો નિચોડ હતો! એમ બને કે કશો વિચાર જ ન આવે, અને કેવળ વર્તમાનમાં જ હું જીવતો થઈ જાઉં?

અરે ભાયા! એમ જીવવાની એક જ ક્ષણ મળી જાય તો? એને પાછી જ ન વાળું ને? લ્યો ! શુભા જોશીએ ગાયેલું મને અત્યંત ગમતું ગીત વાંચી લો ...

**ટળવળતી હોય આંખ જેને જોવાને, એ મીંચેલી આંખે ય ભાળું.**
**અંદર તો એવું અજવાળું, અજવાળું ……**
**ઊંડે ને ઊંડે ઊતરતાં જઇએ, ને તો ય લાગે કે સાવ અમે તરીએ.**
**મરજીવા મોતીની મુઠ્ઠી ભરે ને એમ ઝળહળતા શ્વાસ અમે ભરીએ.**
**પછી આરપાર ઉઘડતાં જાય બધાં દ્વાર, નહીં સાંકળ કે ક્યાં ય નહીં તાળું**
**અંદર તો એવું અજવાળું……**
**સૂરજ કે છીપમાં કે આપણમાં આપણે જ ઓતપ્રોત એવાં તો લાગીએ,**
**ફૂલને સુવાસ જેમ વાગતી હશે ને તેમ આપણને આપણે જ વાગીએ.**
**આવું જીવવાની એકાદ ક્ષણ જો મળે તો એને જીવનભર પાછી ના વાળું.**
**અંદર તો એવું અજવાળું……**

**– માધવ રામાનુજ**

**સાભાર – શ્રી. માવજી ભાઈ મુંબાઈવાળા** http://mavjibhai.com/MadhurGeeto/180_andarto.htm

આંતરમનની સૃષ્ટિની ઝાંખી કરાવતું આ કાવ્ય મને બહુ જ પ્રિય છે. આપણી આંખ જે પરમ આનંદની અનુભૂતિ કરવા ઝંખતી હોય છે, તે તો મીંચેલી આંખે ય અનુભવી શકાય છે. આવી અનુભૂતિ થાય ત્યારે કેવા ભાવ ઊઠે? તેનું આ કાવ્યમાં કવિએ અદ્‌ભૂત શબ્દચિત્ર આપ્યું છે.

આમ તો ઘરની અંદર, ઓફિસની અંદર, બધે રાત્રે સાવ અંધારું જ હોય છે. બારી ખુલ્લી હોય અને બહાર પ્રકાશ હોય તો જ થોડોક પણ ઉજાસ થાય. ઘર કે ઓફિસમાં દીવો પ્રગટાવીએ કે, ઇલેક્ટ્રિક લાઈટ ચાલુ કરીએ તો અજવાળું થાય. પણ આપણા શરીરની અંદર? ત્યાં તો સતત અંધકાર જ હોય છે. આપણે તેના વિશે જે જાણીએ છીએ તે વિજ્ઞાને શીખવેલું અથવા કોઈ મેડિકલ સંગ્રહાલયમાં કે શરીર શાસ્ત્રની કોઈ ફિલ્મમાં જ ને? અને એ જોનાર આંખો પોતે તો અંધાર કોટડી જ હોય છે. આપણે ત્યાંય દીવો પેટાવી શકતા નથી! જે જોનાર છે, તે તો આપણું મગજ છે.

વળી એ મગજ તો પણ કાજળ કાળી કોટડીમાં, કાળાડિબાંગ અંધકારથી ગ્રસ્ત હોય છે. આપણે માનીએ છીએ કે, બહુ જ્ઞાની બનીને એનાથી ઘણું બધુ જોઈ શકાય છે. પણ એ દર્શનો પણ જન્મ બાદ મળેલા જ્ઞાનના આધારિત ભેગા થયેલાં હોય છે. આપણે એનાથી આગળ કાંઈ જોવા અસમર્થ હોઈએ છીએ. નવું કોઈક જ્ઞાન મળે, કોઈ નવો પ્રકાશ મળે, કોઈ નવી બારી ખુલી જાય. અને આપણે વધારે જ્ઞાની થયાના ગર્વમાં મુસ્તાક

**અનુક્રમણિકા**

બનીને – કોલર ઊંચા કરીને (!) મ્હાલવા માંડીએ. પણ એ બધું બહારથી આવેલું જ. આપણી પોતાની અંદરથી જાગેલું તો કાંઈ જ નહીં. અહીં એ અંદરની બાજુ પૂરેપૂરી ઝળહળાટ થઈ જવાની શક્યતાની વાત કવિએ કરી છે.

અંતર્મુખી યાત્રામાં જેમ જેમ આપણે આગળ વધતા જઈએ અથવા ઊંડે ઊતરતા જઈએ, તેમ તેમ એ પ્રદેશમાં અજવાળું પથરાવા લાગે છે – એમ અંતરયાત્રીઓ કહે છે. જાગૃતિના આરંભની એ અવસ્થા જ્ઞાનથી નથી મળી શકતી. જ્ઞાન/ ભક્તિ/ સાધના/ સેવા/ સત્સંગ એ અવસ્થા પ્રાપ્ત કરવાના સહારા જરૂર હોય છે. પણ એ આખો પ્રદેશ અનુભવનો પ્રદેશ હોય છે. જેમ જેમ આપણો અહંભાવ/ કર્તાભાવ ઓળગવા લાગે તેમ તેમ એવા અનુભવોની માત્રા, તીવ્રતા, સતતતા વધવા લાગે છે. નિર્ભેળ આનંદ, પરમ શાંતિ, સમસ્ત સૃષ્ટિ પર કૃતજ્ઞતાનો ભાવ, કરૂણાભાવ, સર્જકતા, અપાર કાર્યશીલતા વિ. ધીમે ધીમે ઊભરવા લાગે છે. એ અનુભવનાં નાનકડાં ઝરણાંનો ખળખળાટ, એની અનુભૂતિઓ તેવા પ્રદેશના હોવા વિશે આપણી પોતીકી પ્રતીતિ કરાવતી જાય છે. એ ઝરણાંઓ ભેળા મળીને મોટા વહેળા, નાનકડી નદી, મોટી નદી, મોટાં જળાશયો બની વિસ્તરવાં લાગે છે. એની ચરમસીમા રૂપે એ બધાંનો મહાસાગર ઘૂ ઘૂ કરતો ઘૂઘવવા લાગે છે.

આપણે એ આનંદસાગરમાં ડૂબતા જઇએ અને છતાં તરતા હોઇએ તેમ લાગે. પ્રત્યેક શ્વાસે હરખની એવી છોળો ઊઠે કે જાણે મરજીવાને મુઠ્ઠીમાં મોતી મળી ગયા હોય. શ્વાસ નિહાળવાથી શરૂ થયેલી એ યાત્રા શરીરના પ્રત્યેક કોશમાં શ્વસતા, જીવનનો રાસ રમતા આપણા પાયાના હોવાપણાને સતત નિહાળવા માંડે છે. વીતરાગ મહાત્માઓ કહે છે કે, એ મુકામ પર પહોંચ્યા બાદ લોભ, મોહ, માયા, મત્સર, અહંકાર, કામનાઓ વિ. જીવનની ગ્લાનિ, નિરાશા અને દુઃખમય ભૂતાવળો આપણી ચેતનાને કશી અસર કરી શકતાં નથી. બધાં વાવાઝોડાં શમી જાય છે.

આપણી ચેતનાના બધા દ્વાર ખૂલતા જ જાય, ખૂલતા જ જાય છે. કદી જોયા , જાણ્યા કે અનુભવ્યા ન હોય તેવા પ્રદેશોના કોઠા ખુલવા માંડે છે. એમને આપણાથી અદશ્ય રાખતા તોતિંગ દરવાજાઓ જમીનદોસ્ત થઈ જાય છે. હવે તે ફરી ઊભા થઈ શકતા નથી કે એમને કોઇ આગળો કે તાળું વખાઈ જતું નથી. એ આનંદ સાગરનાં બધાં ભંડાર આપણી ચેતના સમક્ષ સાવ ખુલ્લા થઈ જાય છે. મરજીવાને મુઠ્ઠીમાં મોતી મળે અને તે હરખાય. પણ આ અવસ્થામાં તો આપણું હોવાપણું એ મોતીના ખજાનાઓમાં આળોટવા લાગે છે. મરજીવાની જેમ એને તરત કિનારે પાછા જવાની જરૂર નથી રહેતી. અહીં આપણે શ્વાસ રોકીને કે અદ્ધર શ્વાસે જીવવાનું નથી રહેતું. હરેક શ્વાસે જીવનની એક નવી સંભાવના હકીકત બનીને આપણ સમગ્ર હોવાપણામાં છવાઈ જાય છે. આ અવસ્થાના પ્રતિક તરીકે કવિ સૂરજ, છીપ, અને ફૂલનો ઉપયોગ કરે છે.

આપણા આયખામાં ઘટેલી ઘટનાઓ,અનુભવો, વિચારો, મેળવેલ જ્ઞાન કે એ બધાંના આધારે કરેલી કલ્પનાઓ, એ અવસ્થા કેવી હોય તેનો અણસાર આપણને આપવા માટે સક્ષમ નથી. આથી કવિ સૂરજની વાત કરે છે. સૂરજને જોવા માટે કોઈ બતાવનારની જરૂર નથી હોતી. આંધળી વ્યક્તિને પણ તેના દેદિપ્યમાન સ્વરૂપનો ઈશારો થઈ જાય, એટલો એ ઉજ્વળ હોય છે. છતાં આપણે તેની તરફ મીટ માંડીને જોઈ શકતાં નથી. એના ભર્ગવરેણ્યની આપણે સ્તુતિઓ જ ગાઈ શકીએ. એના ઝળહળતા પ્રતાપને સાંખી શકવા જેટલી આપણી હેસિયત નથી હોતી.

એનાથી ઊંધી વાત છીપની છે. એની અંદર લાખેણું, ઝળહળાટ મોતી છુપાયેલું છે, એ આપણે એના બહારના કદરૂપા દિદાર પરથી જાણી નથી શકતા. એના એ બાહ્ય કવચને ભેદ્યા વિના એનું સૌંદર્ય અબોટ જ રહે છે. આવી જાગૃતિ, આવા પ્રકાશનો પ્રાદુર્ભવ એ આપણને જન્મથી મળેલી સંભાવના છે. પણ જીવનની એ સંભાવના હોવા છતાં, આખાય જીવતર દરમિયાન એ છીપના અંધારા બોગદામાં પૂરાયેલા મોતીની જેમ આપણે પણ કેદ હોઈએ છીએ.

એનાથીય સૂક્ષ્મ ઈશારો કવિ ફૂલની સુવાસનો ઉલ્લેખ કરીને કરે છે. ફૂલનું હોવાપણું મઘમઘતી સુવાસ પેદા કરે છે. પણ એ સુવાસ એનાથી ખમાતી નથી. એને વહેંચવાનો પ્રચંડ જુવાળ એની અંદર જાગી ઊઠે છે. એ એકલપેટું બનીને, જાતે જ ભોગવવાનું ત્યજીને એની ફોરમના ફાલે ફાલ લૂંટાવતું રહે છે. આપણી કૃપણતા પર, આપણી એકલપેટી સ્વાર્થી મનોવૃત્તિ પર કવિનો આ સૂક્ષ્મ આક્રોશ છે. જ્યારે આવી અવસ્થાની અનુભૂતિ આપણને થવા લાગે ત્યારે આપણને એ વાગવા લાગે છે. એકલપેટા થઈ એને ભોગવ્યા જ કરવાની આપણી મનોવૃત્તિમાં આમૂલ પરિવર્તન આવવા લાગે છે. આપણી પ્રવૃત્તિઓનું કેન્દ્ર ‘સ્વ’ નહીં પણ ‘સર્વ’ બનવા લાગે છે. અંતર્મુખિતાની ચોટ આપણને બહારની તરફ ખોલવા લાગે છે.

અનુક્રમણિકા

જીવનના આ નવા પરોઢમાં સુવાસને ફાગણના ફાલની જેમ વેરાવી દેવા માટે આપણને અનાવૃત્ત કરી દે છે. કદાચ.. આખી ય કવિતાનું આ સૌથી સૂક્ષ્મ ચરણ છે.

જેમ જેમ જાગૃતિ આવતી જાય, તેમ તેમ આપણી અસલ જાત, આપણા મૂળ હોવાપણા, આપણા સમગ્ર અસ્તિત્વ સાથે આપણે એવા તો ઓતપ્રોત થઇ જઈએ છીએ કે, કોઇ ભેદ જ રહેતો નથી. આપણે પરમ ચેતના સાથે જીવતે જીવ, એકાકાર થઇ જઇએ છીએ. આંખ બંધ હોય કે ખુલ્લી; જાગૃત અવસ્થામાં હોઈએ કે, સુપ્તાવસ્થામાં હોઈએ – અંધકાર ભરેલા, વ્યતિત જીવનમાં જે આશા અને અભિપ્સા આપણે સેવી હોય , તે બધી હવે આપણી સાથે હમ્મેશ રમમાણ બની રહે છે. એ અવસ્થામાં કોઈ જૂદાઈ નથી રહેતી. કવિ કહે છે કે, જીવવાની આવી જો એક જ ક્ષણ આપણને મળી જાય તો પછી તેને કદી પાછી ન વાળીએ.

આપણને શંકા રહે છે કે, આવું તો હોતું હશે વળી?! પણ આવા પ્રદેશોમાં પ્રવેશી એની સાક્ષાત અનુભૂતિ કરી હોય, તેવા મહાત્માઓ કહે છે કે, જેમ જેમ આપણા જીવનમાં એવા અપૂર્વ આનંદના ઝરા વહેવાની શરૂઆત થવા લાગે છે, તેમ તેમ આવી શક્યતા એ જ્ઞાનનો નહીં પણ અનુભવનો વિષય બનવા લાગે છે. આપણને એમાંથી પાછા વળવાની નહીં પણ વધારે આગળ ધપવાની તાલાવેલી થવા લાગે છે. મીરાંની, નરસૈયાની, રાબિયાની  તડપન.

આ છે, કવિના અંતરમાંથી પ્રગટેલી વાણી, એનો સુમધુર વૈભવ. આવી કવિતાઓ મનની એક અલગ અવસ્થામાંથી પ્રગટતી હોય છે, અને જીવનની એક અણજાણ સંભાવનાને ઉજાગર કરે છે.

એવા કોક ભાવના પ્રાગટ્ય સાથે અવલોકનો લખવાનું બંધ કરવાનું સૂઝ્યું હતું. એ આ અનાવલોકન છે.



અનુક્રમણિકા

# ૨ – અન્ડરવેરને ખીસું

તે દિવસે કપડાંના એક સ્ટોરમાં હું બેઠો હતો. મારી પત્ની ખરીદીમાં મશગૂલ હતી; અને મારે એની ખરીદી પતે એની રાહ જોવાની હતી. તે દિવસે સાથે વાંચવાની ચોપડી લાવવાનું ભુલી ગયો હતો; એટલે મારે નવરા બેઠા માખીઓ જ મારવાની હતી! અને આ અત્યંત ચોખ્ખાઈવાળા દેશમાં તો માખીઓય ક્યાં રેઢી પડેલી હોય છે? પ્રેક્ષાધ્યાન કરવા કોશિશ કરી; પણ કાંઈ ખાસ જામ્યું નહીં; એટલે હું આમતેમ ડાફોળિયાં મારવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

સ્પોર્ટ્સવેરના એ વિભાગમાં અન્ડરવેર લટકાવેલાં હતાં અને આકર્ષણ માટેની આ વિશેષતા ઊડીને આંખે વળગે તેવી હતી. ત્યાં મારી નજર એની ઉપર ગઈ. 'અન્ડરવેરને ખીસું.'

મારા પિતાજી હમ્મેશ દરજી પાસે ખાસ અન્ડરવેર સિવડાવતા હતા; તે યાદ આવી ગયું. કોઈ ખિસ્સાકાતરૂ કારીગરી કરી ન જાય; એ માટે સાથેની રોકડ રકમ એ ખિસ્સામાં તેઓ રાખતા હતા.

પણ અહીં આ ફેશનેબલ દુકાનમાં અને તેય સ્પોર્ટ્સના કપડાંમાં એની શી જરૂર?- આ ક્રેડિટ કાર્ડના જમાનામાં?

હું ઊભો થયો, અને ધ્યાનથી એ માલનો અભ્યાસ કર્યો. ત્યારે કેવળજ્ઞાન લાધ્યું કે, જિમમાં વર્કઆઉટ કરતી વખતે અથવા જોગિંગ કરતી વખતે મોંઘાદાટ આઈફોન કે આઈપોડ રાખવા આ ખાસ સવલત બનાવનારે આપી હતી.

અને કોણ જાણે કેમ; તરત એ બાઈ યાદ આવી ગઈ.

દેશમાં એસ.ટી.ની બસમાં એ મારી બાજુની સીટ પર આવીને બેઠી હતી. કન્ડક્ટરે ટિકીટના પૈસા માંગ્યા; ત્યારે એણે સાલ્લાના છેડે વાળેલી ગાંઠ છોડીને નોટ કાઢી. ટિકીટ મળ્યા બાદ, વધારાની રકમ તેણે પાછી સાલ્લાના છેડે બાંધી દીધી.

કાળી મજુરી કરીને કમાયેલી રકમ રાખવા એ બાઈ માટે પર્સ રાખવું એ લક્ઝરી હતી!

અને ઓલ્યા અન્ડરવેર પહેરીને જિમમાં વર્ક આઉટ કરનાર પાસે કેટલી બધી લક્ઝરી? શી જાહોજલાલી?

માનવતાના બે સામસામા ધ્રુવ પરનાં બે અંતિમ બિંદુઓ. એક પાસે રોજનો રોટલો મળે એની જ પેરવીઓ ; અને બીજા પાસે એટલી સમ્પત્તિ કે, જિમ, જોગિંગ, આઈફોન, આઈપોડ અને એવું બધું.

કેટલી વિષમતા? બેની તુલના કરતાં આંખે ઝળઝળિયાં આવી ગયાં.

એનાથી વધારે હું શું કરી શકું તેમ પણ હતો?!

……

બે સાવ સામસામે આવેલા ધ્રુવોના આ વર્ણપટ( spectrum)માં આપણે ક્યાંક હોઈએ છીએ. અને સૌને ધખારો ખિસ્સાવાળું અન્ડરવેર ધરાવવાનો હોય છે. સમગ્ર જિંદગીની મુસાફરી – એ ધ્રુવ પર પહોંચવા માટેનો વલોપાત. અથવા તો ત્યાં પહોંચી શકાય તેમ નથી; તે સત્ય સમજાતાં મોક્ષ મેળવી આ બધા ધખારાથી મુક્તિ મેળવવાનો ધખારો! પણ એ બન્ને વૃત્તિઓના વવળાટમાં ક્યાંય **'જ્યાં છીએ, ત્યાં બરાબર છીએ.' – એમ માની, એ ઘડીમાં જીવવાના આનંદનો છાંટો માત્ર નહીં.**

**અનુક્રમણિકા**

કદાચ એમ બને; અને મોટે ભાગે એમ બનતું પણ હોય છે કે, સાલ્લાના છેડે કાવડિયાં બાંધનાર વ્યક્તિ વર્તમાનમાં વધારે જીવતી હોય છે.

અને બીજી એક વાત ખીસાં બાબત - "માનવી જન્મે છે ત્યારે ઝભલું અને મૃત્યુ પામે ત્યારે કફન એ બંન્ને અંતિમ છેડા ટાણે દેહના આવરણોને ખીસુ(ગજવું) નથી હોતું." કશું લીધા વગર આવ્યા હતા; અને કશું લીધા વગર જવાનું છે. વાત તો એક જ છે. ખિસ્સાના ખેલ! એ અર્થહીન છે; તે જાણ્યા છતાં એના વગર આપણે જીવી નથી શકતા. બાળ અને કિશોર વયથી શરૂ થયેલી એ આદત – સોગાત ભેગી કરવાની- કફન ઓઢાડાય ત્યાં સુધી નથી જ જવાની! ખીસ્સું ભરેલું હોય કે ખાલી; બેન્ક એકાઉન્ટ તરબતર હોય કે, લઘુત્તમની નજીક – એ તો રહેવાના જ. લાખ ઉપદેશો ભલે ને મળ્યા કરે – બે કાન ભગવાને નિરર્થક નથી આપ્યા!

આને માનવ જીવનની લાક્ષણિકતા ગણીએ કે વિડંબના – એ જ તો માનવ જીવન છે. માટે આ બધી તરખડમાં પડ્યા વિના, 'આ ઘડી' નું ખીસ્સું ખાલી ન રહી જાય, આનંદવિહોણું ન રહે – એનો હિસાબ રાખતા રહીએ તો?



# ૩ – અવ્યવસ્થિત

**વ્યવસ્થિત નહીં, પણ અવ્યસ્થિત ?**

હા! 'વ્યવસ્થિત' તો દાદા ભગવાનનો પ્રિય શબ્દ છે. તેઓ હમ્મેશ વ્યવસ્થિતનો જ ઉલ્લેખ કરતા. આ સૃષ્ટિનો **'કોઈ બાપોય બનાવનાર નથી.'** એમ એ સતત કહેતા આવ્યા છે. ઈશ્વર, અલ્લા, યહોવા, વ્યવસ્થિત શક્તિ – જે નામ આપો તે પણ મુદ્દે વાત એક જ છે. કશુંક સનાતન સત્ય, કશુંક સાવ વ્યવસ્થિત, કશુંક અપરિવર્તનશીલ.

પણ અહીં અવ્યવસ્થિતની વાત, અવ્યવસ્થિતનું અવલોકન છે!

વાત જાણે એમ છે કે, આ અવલોકન લખાયું ત્યારે, ઘર નવેસરથી સજાવવાનું કામ ચાલુ હતું. પહેલાં દસેક દિવસ કાર્પેટની જગ્યાએ ટાઈલ્સ લગાવડાવ્યા અને પછી બે અઠવાડિયાના વિરામ બાદ દિવાલો અને બારી, બારણાંને રંગ કરવાનું કામ ચાલ્યું. આખોય વખત સરસામાન ભડાભૂટ પડેલો રહ્યો.

અમારું આ મકાન ખરીદે પાંચ વર્ષ થયાં હતાં. દિવાલો પર ખોટી લગાવેલી ખીલીઓના કાણાં, બાળકોના ચિતરામણ, મેલના ડાઘા, અભાવ પેદા કરે એવો ફિક્કો રંગ, સતત નજર કોરી ખાતા હતા. કાર્પેટ સાવ જૂની અને ગંદી લાગતી હતી. એની ઉપર ઠેર ઠેર ડાઘા, ક્યાંક ઢોળાયેલા જ્યુસના અવશેષના રેલા હમ્મેશ દીલમાં ખટકો પેદા કરતા હતા. છેવટે એમ નક્કી થયું કે, કાર્પેટની જગ્યાએ ટાઈલ્સ લગાવવા અને દિવાલો અને બારી બારણાંને નવેસરથી, નવા રંગે રંગાવવા.

કામ શરૂ થયું અને બધું સાવ અવ્યવસ્થિત.

તમે કહેશો- 'એ તો એમ જ હોય ને? કાંઈક નવી વ્યવસ્થા કરવી હોય ; તો થોડીક અવ્યવસ્થા તો થાય જ ને? '

**હા! તમારી વાત સાવ સાચી છે. અને આ અવલોકનમાં એ જ કહેવાનું છે.**

જો સઘળું સદા વ્યવસ્થિત જ રહેવાનું હોય, તો એમાં કશી મજા નથી. આ મારી પ્રિય રમત 'સુડોકુની જ વાત કરું . ખાલી બોર્ડ કેવું સોહામણું હોય છે? કોઈ રમત નહીં; કોઈ સમસ્યા નહીં; કોઈ જંગ નહીં; હાર કે જીત પણ નહીં! કોઈ ભૂલભુલામણી નહીં. કોઈ ચાવીઓ નહીં. પણ એ બોર્ડ જ રહે – રમત નહીં.

***અધુરા આંકડા,***
***એક અવ્યવસ્થા,***
***થોડીક ચાવીઓ***
***થોડીક મગજમારી જ***
***એક રમત બનાવી શકે છે!***

અને બધેય એમ જ હોય છે. એક સરસ મજાની વ્યવસ્થા હોય; સદીઓ સુધી એમને એમ જ ચાલતું હોય. પણ કશુંક બને અને બધી વ્યવસ્થા ખળભળી ઊઠે. આખુંય માળખું કડડભુસ્સ થઈને ટૂટી પડે. અને નવી વ્યવસ્થા આકાર લે. અને એનાય ગણતરીના જ દિવસો ને? ફરીથી બધું અવ્યવસ્થિત

ઉત્ક્રાન્તિની તવારીખ જોઈએ તો, એક જીવરચના પર્યાવરણ સાથે સંતુલન સાધવા, જીવન સાતત્યની રક્ષા કરવા; એના અંગ ઉપાંગ અને સ્વભાવ બદલતી રહે. નવી જ એક જીવરચના આકાર લે. એક માછલી તરફડતી, તરફડતી દરિયા કિનારે જીવતી રહી જાય અને સરિસૃપોની આખી વણજાર જીવન જીવવાની સાવ નવી રીત શરૂ કરી દે.

અરે! એ લાખો વર્ષોથી ચાલી આવતી વ્યવસ્થા કે અવ્યવસ્થાની કલ્પના કે વૈજ્ઞાનિક સિદ્ધાંતની વાત બાજુએ જવા દઈએ; અને માત્ર ચાર પાંચ હજાર વર્ષ જૂના માનવ ઈતિહાસ પર જ નજર નાંખીએ, તો તરત આંખે ઊડીને વળગે એમ જણાશે કે, માનવ સમાજ, એની સમજ, જ્ઞાન, પ્રજ્ઞા, ચેતના એ બધાંએ કેવા કેવા ઉથલા જોયા છે? એક વ્યવસ્થા, એક માન્યતા, જીવન જીવવાની એક રીત ખેદાન મેદાન બની જાય; અને નવી વ્યવસ્થા, નવી માન્યતાઓ, જીવવાની અવનવી રીતો પેદા થાય.

ભગવદગીતામાં ખુદ કૃષ્ણ ભગવાને કહ્યું છે –

**परित्राणाय साधुनाम् विनाशाय च दुष्कृताम्**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे।**

ગાંધી બાપુ જેવા શીલ, સદાચાર અને સત્યના પૂજારીને પણ સવિનય કાનૂન ભંગ અને અસહકારના શસ્ત્રનો આશરો લેવો પડ્યો હતો. સમાજને આઝાદીનો અહેસાસ અને તરોતાજા શ્વાસ લેતો કરવા, દેશનું તંત્ર ખોરવી નાંખ્યું હતું. અને હવે એ આઝાદીથી પણ હવે ઉબકા આવે એવી પરિસ્થિતી ફરી સર્જાઈ ગઈ છે. એક આમૂલ ક્રાન્તિ બારણાં ખખડાવી રહી છે. અવ્યવસ્થિતના ટકોરા. **અમારા ઘરના એ નજારાની જેમ!** આ માઉસ , કીબોર્ડ અને મોનિટરની માયામાં, ઓલી નોટબુક અને કલમ હવે શોધવા જવું પડે એમ છે. કેવી સરસ મજાની, સુસ્થાપિત વ્યવસ્થા હતી? હવે ગ્રંથોની ઘડીઓ ગણાઈ રહી છે !

દરેક પરિવર્તન માટે જોઈએ – 'અવ્યવસ્થિત'. અહીં અવ્યવસ્થિતતાનો મહિમા ગાવાનો આશય નથી. પણ, અવ્યવસ્થિત પણ વ્યવસ્થિત રચનાનું એક અવિભાજ્ય અંગ જ છે. એના અસ્તિત્વનો પણ સ્વીકાર.

**Disorder in order.**

આમ તો આ બધી સાહિત્યિક / આધ્યાત્મિક વાત થઈ ગણાય પણ આપણને જાણીને નવાઈ થશે કે, સૌથી આધુનિક વિજ્ઞાન પણ અવ્યવસ્થિતતાનો સ્વીકાર કરે છે ! એ માટે એમણે એક રૂપકડો શબ્દ બનાવ્યો છે-

CHAOS THEORY

https://www.youtube.com/watch?v=JnlkKdDXk-I&feature=emb_logo

# ૪ – અશ્મિ ( Fossil )

શહેરની વચ્ચે અશ્મિ? શહેરની બધી જ મહાન કે મામૂલી હસ્તિઓ લાખો વર્ષો પછી અશ્મિ બની જવાની – એ ખરું! પણ હાલમાં એ અહીં ક્યાં? વાત જાણે એમ છે કે, અમારી નજીકના એક પાર્કમાં બાળકોને 'રોક ક્લાઈમ્બિંગ'નો ટચૂકડો અનુભવ કરાવવા એક નાનીશી ટેકરી બનાવી છે – માંડ સાડા છ ફૂટ ઊંચી. પણ એની ખરબચડી, પથ્થરમય સપાટી પર થોડાંક અશ્મિઓના આકાર સિમેન્ટના પ્લાસ્ટરમાં ઢાળી રાખ્યા છે – અલબત્ત બાળકોને રમત સાથે જ્ઞાન આપવા માટે જ તો. એક અદ્‌ભૂત સાધન….અને એમાંનું એક સિન્થેટિક અશ્મિ…

અને એ જોતાંની સાથે સાથે શ્રી. જવાહર બક્ષીની એ અદ્‌ભૂત ગજ઼લ યાદ આવી ગઈ,

**કૈં સાવ એમ જ કોઇ અણધારી ક્ષણે કોઇ,**
**અજાણી અશ્મિના(*) ચ્હેરામાં સૂતેલું કોઇ**
**ઝીણું સ્મરણ જાગી ઊઠે,**
**ઇતિહાસનો આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઇ બેસેલ તે,**
**આખો ને આખો મ્હેલ, બસ પળવારમાં તૂટી પડે.**

*અશ્મિ - Fossil

આટલા લાંબા કાફિયા વાળી ગજ઼લ ગુજરાતી સાહિત્યમાં બીજી કોઈ હશે કે કેમ; તે તો ખબર નથી – પણ અહીં ડલાસ ખાતે માનનીય શ્રી. જવાહર બક્ષી પધારેલા; ત્યારે તેમની પાસેથી સાંભળેલ આ ગજ઼લ અને તેમના આખાયે કાવ્યપઠનનો કેફ તાજો થઈ ગયો. પથ્થરમાં કેદ થઈને બેઠેલો, વીતેલો ભુતકાળ જાગી ઊઠે; એમ જ આ અશ્મિ –મોડલ જોતાં થઈ આવ્યું. મારા પ્રિય વિષય – ઈતિહાસ અને પુરાતત્વ માટેની કૂણી લાગણીઓ પણ પોષાઈ. બાળકોને રમતાં/ કૂદતાં આ મહાન વિદ્યાનો આછો અણસાર આપવાની 'પાર્કકાર'ની(!) આ ચેષ્ઠા પણ ગમી જ.

પણ …….

પળમાં જીવવાની તાલીમ લેનારને - એ યાદો શું? એ ભૂતકાળ શું? એ અશ્મિઓ શું? સૃષ્ટિનું સઘળું સર્જન કોઈક કણ આમ હોવાનો કે તેમ હોવાનો એક ખેલ માત્ર જ ને? મૂળમાં તો જીવતો જાગતો કોઈ જીવ હોય કે, લાખ વરસ પછી એનું અશ્મિ – હંધા ય ન્યુટ્રોન અને પ્રોટોનના ગઠ બંધનની આજુબાજુ ઘૂમતા ઈલેક્ટ્રોનોનો રાસ જ ને? અને લાગણીઓ / સુખ – દુઃખનુંય એમ જ હશે ને? હંધાંય સોફ્ટવેરનાં વમળો જ કે બીજું કાંઈક? પણ એ રાસ આપણું પાયાનું હોવાપણું જાગૃત થઈને અનુભવી શકે ત્યાં સુધી તો …

**વિશ્વાસનો આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઇ બેસેલ તે,**
**આખો ને આખો મ્હેલ, બસ પળવારમાં તૂટી પડે.**
**સહવાસનો આ ખેલ જે સદીઓ ઉપર સામ્રાજ્ય લઇ બેસેલ તે,**

# પ – એકલો

આજે સવારે પાર્કમાં ગયો; અને બાંકડા પર બેઠો. એક વૃદ્ધજન એના કૂતરાને ફેરવી રહ્યો હતો. થોડીવારે એ બન્ને વિદાય થઈ ગયા. હું પાર્કમાં સાવ એકલો બેસી રહ્યો. પણ,  શું ખરેખર હું એકલો હતો?

ચારે બાજુ ઊંચા ઝાડ હવામાં ઝૂલી રહ્યાં હતાં. બાજુમાં મનને હરી લે તેવી, લીલી કુંજાર વિલસી રહી હતી. દૂર નાનકડા તળાવમાં બતકો અને હંસ તરી રહ્યાં હતાં. એક ખિસકોલી સરકી, અને ભોય પડી રહેલા બ્રેડના સૂકા ટૂકડાને બે હાથે પકડી, ખાવા લાગી. ત્યાં એક પક્ષીએ ઘાસમાં ઊતરાણ કર્યું; અને એના ખોરાક – જીવડાંને ગોતવા લાગ્યું. થોડી થોડી વારે, એની ચાંચ હલતી દેખાઈ. જરૂર એને ભક્ષ્ય મળી જતું હતું. એક મકોડો મારા અસ્તિત્વની કશી દરકાર કર્યા વિના સડસડાટ એના કામ તરફ દોડી ગયો.

કેટકેટલાં જીવન વિલસી રહ્યાં હતાં? કેટકેટલાં હોવાપણાં ધબકી રહ્યાં હતાં; શ્વસી રહ્યાં હતાં? અને હું માનતો હતો કે, હું એકલો છું!

# ૬ – એ શું?

આમ તો રોજ સૂતા પહેલાં,
જોતો હતો
સાવ ઘટના વિહીન,
કોઇ નોંધ કે પ્રાણ
કે કવિતા વિના …

રાતની નિર્જન શાંતિમાં,
પાછળ આવેલા,
થોડીક ઊંચાઇ પરના,
પાડોશીના ઘર
અને અમારી વચ્ચે,
કાળી ધબ લાકડાની વાડની,
ફાટોની વચ્ચેથી,
ચળાઇ આવતી,
નિર્જીવ, પીળાશ પડતા
કેસરી રંગની ફીક્કી,
એ જ વીજળીની બત્તી.

અને કોઇ પ્રાણ વિના,
પાનખરના ઝપાટે  ખરેલાં
પાનના વિયોગમાં આક્રંદ કરતી,

**અનુક્રમણિકા**

તે બતીના ફીક્કા પ્રકાશથી,
અંધારામાં થોડી ઉજાસાતી
ઓકના ઝાડની એ જ
સાવ નિર્વસ્ત્ર ડાળીઓ.

પણ ……

કાલે જોયું મેં એક દર્શન,
અભૂતપૂર્વ, અવર્ણનીય,
કોઇ કવિતામાં કદી ન વાંચેલું.

એ જ સૂમસામ ઘર
એ જ નિસ્તબ્ધ શાંતિ,
એ જ કાળી ધબ્બ,
લાકડાની વાડ ની ફાટો,
એ જ નિષ્પ્રાણ વૃક્ષ,
એ જ પીળો ચટ,
નીરસ પ્રકાશ વેરતી
એ જ વીજળીની બત્તી,

પણ …..

એ જ પીળો ચટ્ટ પ્રકાશ,
ઉજાળી રહ્યો હતો,
એ જ નિષ્પ્રાણ ડાળીઓ પર,
**થીજી ગયેલાં**
**વર્ષાબિંદુઓને.**
અને એ જ પીળો ચટ્ટ
સાવ પ્રાણ વિહીન
પ્રકાશનો ટૂકડો,
બની ગયો હતો…..
અગણિત, સોનેરી,
આભની અસંખ્ય તારલીઓ સમ,
કાળા ધબ પાર્શ્વમાં, ઝળહળતી,
દેદીપ્યમાન, પ્રકાશ કણિકાઓનો
ઝળહળતો પુંજ.

**અનુક્રમણિકા**

અને મુગ્ધ મને પૂછ્યુ… "એ શું?"

આમ તો આ હીમ કણિકા ( iccicle ) પરથી સૂઝેલું  અવલોકન – કાવ્ય છે, પણ એના પરથી અવલોકન આ રહ્યું !

***વિજળીની એ બત્તીના નિર્જીવ પ્રકાશની જેમ પરમ તત્વનું અસ્તિત્વ આપણા ધ્યાન પર આવતું નથી. પણ જ્યારે એક સાવ નાનકડી હીમકણિકા તે પ્રકાશનું પરાવર્તન કરે છે, ત્યારે તે તેજ પુંજની જેમ ઝળહળી ઊઠે છે. પરમ તત્વના પ્રકાશનો એક નાનો-શો ટૂકડો દેદિપ્યમાન થઇ જાય છે. તે હીમકણિકાનું આયુષ્ય બહુ લાંબું નથી હોતું, પણ તેના આ સ્વરૂપનું એક ગૌરવ હોય છે.***

***ચાલોને ! આપણે ભલે સાવ નાના હોઇએ, પણ એ હીમકણિકા જેવા બનવા પ્રયાસ કરીએ  અને પરમ તત્વના ઉજાસને પરાવર્તિત કરીએ.***



અનુક્રમણિકા

# ૭ – અંકુર

અમારા ઘરની આગળ એક નાનું સરખું ઝાડ છે. લગભગ બાર ફુટ ઊંચું હશે. કો'ક વાર નવરો પડ્યો હોઉં ત્યારે મકાનની આગળ ટહેલવાનું ગમે. એક દિવસ આ ઝાડની બાજુમાં ઊભો હતો. થડના નીચેના ભાગમાં નાની, કુમળી ડાળીઓ ફૂટેલી હતી. બધી ચુંટી કાઢી. આમ ન કરીએ તો ઝાડના મૂળમાંથી આવતો રસકસ આ નવી કૂંપળો વાપરી નાંખે, અને ઝાડ મોટું ન થાય. અમને બે ત્રણ વરસ પહેલાં આવું જ્ઞાન  ન હતું; પણ એક સજ્જન પાડોશીએ અમને આ શીખવ્યું હતું. ત્યારથી  હું હમ્મેશ આનું ધ્યાન રાખતો રહું છું.

આ ડાળીઓ ચુંટ્યા પછી નજર કરી તો એક નાનો શો ઘેરા રંગનો, બિંદુ જેવડો ડાઘ દેખાયો. બેત્રણ દીવસ પછી ફરી જોયું તો તે ડાઘ એક નાની ફોલ્લી જેવો બની ગયો હતો. બીજા દિવસે તો તેમાંથી વાગે તેવી એક નાની અણી નીકળી આવી હતી. પછી તો એકાદ અઠવાડીયું ખાલી ગયું. પણ વળી એક વાર નજર પડી તો એક નાની ડાળી તે અંકુરમાંથી ફૂટી આવી હતી. અને તેને ચાર પાંચ પાંદડાંય આવી ગયા હતા.

આપણા જીવનમાંય આમ જ બને છે ને? આપણી મોટા ભાગની શક્તિઓ વ્યર્થ બાબતોમાં જ વપરાઈ જાય છે. વિકાસને અવરોધતી આવી બાબતો જ આપણો બધો રસકસ ચૂસી લે છે. પછી જીવનવૃક્ષ શી રીતે મોટું થાય? તેને સાચી દિશામાં વિસ્તારવું હોય તો, આવા વ્યર્થ પ્રયત્નોને કાપવા જ રહ્યા, ભલે ને તે પ્રેય હોય.

વળી દરેક વસ્તુની શરુઆત પેલા નાના ડાઘાથી જ થતી હોતી નથી? આપણી માન્યતાઓ, આપણા પૂર્વગ્રહો, આપણી કુટેવો, આપણી માન્યતાઓ, આપણા ગમા- અણગમા એ સૌના મૂળમાં તો એક નાનીશી શરુઆત જ હોય છે. આ બધા શ્રેય નથી હોતા.  જો તેમને પ્રયત્નપૂર્વક ચૂંટી નાંખવામાં ન આવે; તો તે મસ મોટી ડાળી પણ બની શકે છે. પછી તે ડાળીને ચૂંટી શકાતી નથી. તેને કાપવા તો મજબુત કાતર કે કુહાડી જ વાપરવાં પડે છે.

આવા વિષાંકુર આપણી નજરે પડે **એ માટે** આપણે અંતર્મુખી બનવાની જરુર નથી લાગતી? આપણે તેને ચૂંટી શકીએ તેવા મજબુત મનોબળ વાળા બનવાની જરુર નથી લાગતી?   અને પેલા સજ્જન પાડોશી જેવા કોઈ પથદર્શક મળે; અને આપણે તેમની સલાહને અમલમાં મુકીએ તો કેવું સારું થાય?



અનુક્રમણિકા

# ૮ – અંધારઘેર્યા પ્રદેશનો આંધળો રાજા

તે અંધકારથી ભરપૂર પ્રદેશ છે. ત્યાં બધું અંધારામાં જ થાય છે. ત્યાં જીવનનો લાલચોળ પ્રવાહ સાવ અંધારામાં, સતત વહ્યા કરે છે. ત્યાં જીવનનો ધબકાર અવિરત થયા કરે છે : કોઈ જ અજવાળા વગર. ત્યાં પૂરવઠો ઠલવાય છે, વપરાય છે અને કચરાનો નિકાલ પણ થાય છે; ત્યાં જાતજાતના પવન ફૂંકાય છે; ત્યાં વિકાસ અને વિનાશ થાય છે; વિચારો અને ચિંતન થાય છે; યોજનાઓ ઘડાય છે, એમનું અમલીકરણ થાય છે; માન્યતાઓ, પૂર્વગ્રહો, ચિંતાઓ, વ્યથાઓ, ઉલ્લાસો, ઉત્સવો પણ થાય છે. ત્યાં સંગીતની સૂરાવલીઓ અને નિરર્થક ઘોંઘાટ પણ થાય છે. ત્યાં નવસર્જન પણ થાય છે. પણ સઘળું નકર્યા અંધકારમાં. માત્ર બે જ ગોખલામાંથી પ્રકાશનાં નાનકડાં કિરણ પ્રવેશે છે ; પણ એનાથી નાનકડી ઉત્તેજનાઓના સંકેતો જ અંદરની કાજળકાળી કોટડીમાં પ્રવેશી શકે છે.

એ પ્રદેશની અંદરની વ્યવસ્થામાં સહેજ પણ ફેરફાર થાય ; અવ્યવસ્થા સર્જાય તો એનું સમગ્ર હોવાપણું ખળભળી ઊઠે છે. નાનકડી અવ્યવસ્થા પણ તેને ડગમગાવી દે એટલું સંવેદનશીલ એનું માળખું છે. અને જેવી આવી કોઈ નાનકડી આપત્તિ આવી પડે કે તરત જ, એની અંદર સતત જાગૃત રહેતી સેના એ અડચણ પર તુટી પડે છે; એને તહસનહસ કરી નાંખવા કેસરિયાં કરી, જંગમાં ઝૂકાવી દે છે.

પણ આશ્ચર્યની વાત એ છે કે, એનો નિયંત્રક સમ્પૂર્ણ અંધકારથી ભરેલી કાજળકોટડીમાં નિવાસ કરતો હોવા છતાં, મેધાવી છે; પ્રજ્ઞાચક્ષુ છે. એ સાત સમંદર પાર પહોંચી શકે છે; એને કોઈ અવયવ ન હોવા છતાં, એના હાથ બહુ લાંબા છે!

કયો છે એ અવનવો પ્રદેશ? શું નામ છે એનું? એ ક્યાં આવેલો છે? કયા અક્ષાંશ અને રેખાંશ પર? આપણે એને બહુ જ સારી રીતે જાણીએ છીએ. તમે, હું, તેઓ – આખી દુનિયાનું દરેક જણ તેને બહુ જ સારી રીતે જાણે છે! આપણા દરેકનો એ પ્રદેશ પોતીકો છે. બહુ જ વહાલો છે. આપણી બહુ નજીક છે. સહેજ પણ દૂર નથી. એના માટે જ આપણે બધી પ્રવૃત્તિઓ કરીએ છીએ. અને છતાં એની અંદર સહેજ ડોકીયું પણ કરી શકતા નથી. આ તે શું આશ્ચર્ય? આ તે કેવી વિડંબના? લો! ત્યારે એનું નામ ઠેકાણું આપી જ દઉં. એ છે – આપણું શરીર!

લે! કર વાત! બહુ મોંયણ નાંખી દીધું ને વાતમાં?

પણ તમે કબૂલ કરશો કે, આપણે આપણા દેહ વિશે કશું જ જાણતા નથી. જે કાંઈ આપણને ખબર છે; એ તો કોઈકે શિખવાડેલું છે. એની અંદરની બધી પ્રવૃત્તિઓ વિશે આપણે પૂર્ણ રીતે અણજાણ હોઈએ છીએ. જે કાંઈ ખબર આપણને પોતાને પડે છે; તે તો સંવેદનાઓથી જ ખબર પડે છે. અને જેને એ ખબર પડે છે; તે મન તો સૌથી વધારે જડબેસલાક, અંધારપેટીમાં કેદ છે. એ ડગલું પણ ચસકી શકતું નથી. ( અને છતાં ચસકી જાય ખરું! મોટે ભાગે ચસકેલું જ હોય છે! ) અને એ મન જ આપણી બધી આપત્તિઓનું મૂળ છે. એ પોતાને બહુ જ જ્ઞાની માને છે. આખા જગતના કેન્દ્રમાં હોય તેમ, અભિમાનમાં રાચે છે. આખી દુનિયાને ગોળ ફરતી રાખવાના ગુમાનમાં ચકચૂર છે.

**અંધાર ઘેર્યા પ્રદેશનો આંધળો રાજા! એનો દેશ અંધાર્યો; એની પ્રવૃત્તિઓ અંધારી; એની હિલચાલ અંધારી; એના મતલબો અંધાર્યા. એનાં કરતૂત અંધાર્યા. જ્ઞાન ને પ્રકાશની બડાઈઓ હાંકવામાં માહેર; પણ સતત અંધકારમાં ભટકતો, મદમાં ચકચૂર, આંધળો અને સૌથી વધારે જોખમકારક, ખોફનાક ખવીસ.**

# ૯ – ઊભરો

સવારે રોજની જેમ ચા બનાવતો હતો. બની રહેલી ચાની સપાટી પર થોડીક ગતિ દેખાતી હતી. ચાની એકાદ પાંદડી આમથી તેમ સરી રહી હતી. કોઈક પરપોટો સપાટી પરથી ઊપસી આવતો હતો. મનમાં એમ થતું હતું કે, 'હમણાં ઊભરો આવવો જોઈએ.' ધીરે ધીરે પરપોટા વધવા માંડ્યા.

અને ત્યાંજ એકાએક, ન જાણે ક્યાંથી, એકદમ તે ચઢી આવ્યો. સમસ્ત સપાટી એક તીવ્ર આંદોલનથી ભરાઈ ગઈ, ખળભળાટ મચી ગયો. મને અંધારામાં રાખીને ઊભરો આવી ગયો હતો ! બધી વરાળ એકસામટી બહાર આવવા મથી રહી હતી, અને સાથે આખી સપાટીને પણ ઉપર તરફ પ્રવેગિત કરી રહી હતી. બધું ઉપરતળે થઈ રહ્યું હતું. ચાની તપેલીમાં એક વિપ્લવે જન્મ લઈ લીધો હતો.

—————————

કેટકેટલી જાતના ઊભરા જીવનમાં આવતા હોય છે?

મનના કો'ક ખૂણે, ક્યાંક કોઈક ગમો, અણગમો આકાર લઈ રહ્યો હોય, વિવેકે તેને દબાવી રાખ્યો હોય. પણ કો'ક ક્ષણે એ વિવેકની પાળ ટૂટી જાય, અને બધો આક્રોશ, બધો અણગમો ક્રોધ બનીને ઊભરાઈ આવે.

કોઈ પ્રિય વ્યક્તિની આપણે બહુ જ આતુરતાથી રાહ જોઈ રહ્યા હોઈએ – 'તે હમણાં આવશે. હમણાં તેની ટ્રેન આવશે.' અને ટ્રેન આવી પહોંચે, પ્રિય વ્યક્તિ તેમાંથી ઊતરે અને પ્રેમ ઉભરાઈ આવે.

આપણી કો'ક પ્રિય વ્યક્તિનું અકસ્માત મૃત્યુ થયાના સમાચાર આવે. મન હતપ્રભ બની જાય. ગળે ડૂમો ભરાઈ જાય. છાતી પર મણ મણના ભાર ઠલવાઈ જાય. અને ત્યાં કોઈ આપણને પુછે , 'કેમ શું થયું?' અને બધો શોક આંખોના આંસુઓ વતી ઊભરાઈ આવે.

જાદૂનો ખેલ જોવા ગયા હોઈએ, અને જાદૂગર આપણને અંધારામાં રાખીને, ઘડીના છઠ્ઠા ભાગમાં અદ્રશ્ય થઈ જાય. આપણે આશ્ચર્યના ઊભરામાં ગરકાવ થઈ જઈએ.

મનમાં કોઈક ભાવ જાગ્યો હોય, ચિત્ત અભિવ્યક્તિ કરવા મથામણ કરતું હોય, અને કો'ક વિચારનો ઊભરો ઊમટી આવે. કો'ક કવિતા સરજાઈ જાય.

કોઈ રાજકીય કે ધાર્મિક નેતા પોતાના વક્તૃત્વના પ્રવાહમાં લોકોને મંત્રમુગ્ધ કરી, કોઈ એક મનોવૈજ્ઞાનિક ક્ષણે એવો નારો લગાવવાનું એલાન આપે; જે સાંભળતાં જ સમગ્ર મેદની એકી અવાજે તે આદેશનું પાલન કરે. અને એક આંધી સરજાઈ જાય; લોહીની નદીઓ વહેવા માંડે; આગ અને લૂંટનાં તાંડવો રચાઈ જાય. આ ટોળાંનો ઊભરો. પોતાના બાળકને ય એક તમાચો મારવાનું ન વિચારનાર માણસ ટોળામાં કોઈ દુકાનના કાચ પર પથ્થર ફેંકી દે, તેવો ટોળાંશાહીના પાગલપનનો એ ઊભરો.

એક કલાકાર કર્ણપ્રિય બંદિશમાં કોઈ રચના રજૂ કરતો હોય, તેની ચરમસીમા આવતાં સુકોમળ રીતે તેની સમાપના કરે, અને શ્રોતાઓ એકી અવાજે તાળીઓના ગડગડાટથી તેને વધાવી લે – તે રસ-સમાધિનો પણ ઊભરો.

અમેરિકાના પ્રમુખની ઓફિસમાં બહુ જ સંરક્ષણ વાળી સ્વિચો છે. અમેરિકન કોંગ્રેસની અનુમતિ મળી હોય અને પ્રમુખ એમાંની સ્વિચો દબાવે તો, છેવટના ઉપાય તરીકે, અણુશસ્ત્રો લઈ જતી આંતરખંડીય મિસાઈલો કાર્યરત થાય અને થોડા સમય બાદ શત્રુ પ્રદેશ ઉપર સેકંડોમાં અભુતપૂર્વ તારાજી થઈ જાય.

અનુક્રમણિકા

નિબિડ અંધકાર અને કેવળ સ્થૂળ જડતામાં રમમાણ 'શૂન્ય'માં, સર્જનની આદિમ પળે કો'ક પ્રચંડ વિસ્ફોટ ઊભરે ( બિગબેન્ગ) ; અને તેના ખર્વાતિખર્વ અણુબોંબોથીય વધુ શક્તિશાળી તાંડવમાં બ્રહ્માંડ ઊભરતું રહે, ફેલાતું રહે, કરોડો મહાસૂર્યો સર્જાતા રહે; તે પણ અનંતનો ઊભરો જ ને?

ઊભરા સાથે આપણા કેટકેટલી જાતના સંબંધ હોય છે? કેવા કેવા ઊભરા અજાણતાં ઊભરાઈ જતા હોય છે? પણ દરેક ઉભરાની પાછળ કોઈક પ્રક્રિયા, કશીક પૂર્વભુમિકા અજ્ઞાત રીતે કામ કરતી હોય છે. કોઈક ગોપિત સ્વિચ કે ઉત્તેજના ક્યાંક, ક્યારેક, કશાક સંજોગો એકત્રિત થતાં કાર્યરત થાય અને બધી સામાન્યતાને બાજુએ ધકેલી દઈ એક પ્રચંડ ઊભરો, એક વિપ્લવ, એક પ્રભંજન, એક ધડાકો, એક અકલ્પનીય ઘટના ઊભરાઈ આવે. ઊભરા વગરનું જીવન હોઈ શકે? ગીતાના પેલા સ્થિતપ્રજ્ઞને ઊભરા આવતા હશે? રાગ અને દ્વેશથી પર, સુખ અને દુ:ખથી પર, ક્રિયા અને પ્રતિક્રિયાથી પર થવાતું હશે? તપોભંગ ઋષિઓની વાતો ક્યાં અજાણી છે? અને શૂન્યનો એ ઊભરો , એ બિગબેન્ગ જ ન થયો હોત તો?

પણ ઊભરા તો થવાના જ. ઊભરાનું કાંઈ કહેવાય નહીં. ઊભરાનુંય એક અનિશ્ચિત હોવાપણું હોય છે.

**'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે.'**



# ૧૦ – કારના વિન્ડ સ્ક્રીન પર પાણી

એક દિવસ કાર પાર્ક કરીને બેસી રહેવું પડ્યું. બહાર ઠીક ઠીક વરસાદ આવતો હતો, અને મારી પાસે છત્રી ન હતી. હું વાઈપર ચલાવીને વિન્ડ સ્ક્રીનનો કાચ સાફ રાખતો હતો. જેવો કાચ સાફ થાય કે તરત, જે જે ટીપાં ઠીક ઠીક મોટાં હતાં તે હિમ્મતભેર નીચે સરકવા માંડતાં. બે ટીપાં ભેગાં થઈ જાય અને એક મોટું ટીપું બને, તેની નીચે સરકવાની ઝડપ પણ વધે. આમ નીચે જતાં કોઈ જુનો રેલો મળી જાય તો ટીપું પોતાનું અસ્તિત્વ ગુમાવી તેના પ્રવાહમાં ભળી જાય. વળી એ રેલો નીચે જતાં બીજા રેલામાં ભળી જાય અને એક મોટો રેલો બને – જાણે એક વહેળો. પછી નીચે તો આવા વહેળા જ વહેળા; આપણે જુદા પણ ન પાડી શકીએ. જાણે એક જ નાનો શો જળરાશિ!

સતત, એકધારી આ પ્રક્રિયા ચાલુ ને ચાલુ જ. પણ તેમાંય કેટલું બધું વૈવિધ્ય? કયું ટીપું ક્યાં, ક્યારે અને કેવો આકાર લેશે; કયો માર્ગ ગ્રહણ કરશે, તેના કોઈ નિયત નિયમ જ નહીં. હર ક્ષણે જુદી જુદી ગતિ અને જુદી જુદી દિશા. ફરી પાછું વાઈપર ચાલુ કરું અને આખી ઘટના નવેસરથી શરુ. જાણે મારી કારના વિન્ડ સ્ક્રીન પર ધરતીના ઊંચા નીચા સ્તરો ઉપર વાદળ વરસતાં થતી પાણીની અખંડ લીલાની નાની શી પ્રતિકૃતિ આકાર લઈને કાંઈક કહી રહી હતી.

———————————————-

કુદરતની ઘટના, નાની હોય કે મોટી – કશુંક તત્વ સામાન્ય નથી હોતું? જ્યાં સુધી કાળચક્રનું વાઈપર ન ચાલે ત્યાં સુધી આ ઘટમાળ ચાલુ જ રહેતી હોય છે. વરસાદની માત્રા અને દિશા બદલાતી હોય. એમ જ પવનનું પ્રમાણ અને દિશા પણ બદલાતાં રહે. ઘટનાનું સ્વરુપ ભિન્ન ભિન્ન હોય પણ સતત વહેતો પ્રવાહ એ જ એક સામાન્યતા.

પર્વતો, નદીઓ, સરોવરો, સમુદ્ર, વાદળ, પવન, વરસાદ – વર્ષો વર્ષ એ જ ઘટમાળ. કોઈ ક્ષણે કોઈ પ્રચંડ ધરતીકંપ થાય અને બધું રમણભમણ બની જાય. નવા પર્વતો, નવી નદીઓ, નવું પર્યાવરણ. સૂર્ય, ગ્રહો, તારાઓ, ધૂમકેતુઓ, નિહારિકાઓ – હર ક્ષણ વિસ્તરતું વિશ્વ. અને કોઈ ક્ષણે કોઈ પ્રચંડ વિસ્ફોટ ( Big Bang) અને બધું જ તહસ નહસ; નવી જ સૃષ્ટિની શરૂઆત.

જીવનનો પ્રવાહ, જીવની ઉત્પત્તિ, બે જીવોનું ભળવું , એકાકાર થઈ જવું, કોઈ નવા જીવનું પ્રાગટ્ય, અને કોઈક અજાણ્યા, બળિયા પ્રવાહમાં તેનું વિલીન થઈ જવું. પરમ ચૈતન્યના એક ભાગ જેવા એક નાના બિંદુની જીવનગાથા. વિન્ડ સ્ક્રીન પરનાં પાણીનાં ટીપાં હોય, પૃથ્વી પરનું પર્યાવરણ હોય, અતિ વિશાળ બ્રહ્માંડ હોય કે એક નાનકડું જીવન હોય - વાત તો એની એ જ.

**અંતે તો હેમનું હેમ હોયે.**

## બીજા એક દિવસે...

અમે ગરાજમાંથી ગાડી બહાર કાઢી. બહાર ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. બારીના કાચ પર ટીપાં બાઝવાં લાગ્યાં. અમારી કાર શેરીના રસ્તાથી બહાર, મૂખ્ય રસ્તા પર આવી અને પૂરપાટ આગળ ધસવા માંડી. અને એક નવો જ નજારો સર્જાવા લાગ્યો. ધસમસતા પવનના જોરે, હવે વિન સ્ક્રીન પરના પાણીના રેલા થોડાક ફંટાવા લાગ્યા. ગુરૂત્વાકર્ષણના એકમાત્ર બળના સ્થાને પવનના ઝપાટાનું નવું બળ ઊમેરાયું હતું. ગાડી હવે હાઈવે પર આવી ગઈ હતી. કલાકના સાઠ માઈલની ઝડપે ચાલતી ગાડીના પ્રતાપે, પવન પણ પ્રબળ શક્તિ વાળો બની ગયો હતો.

ઓલ્યાં પાણીનાં ટીપાં અને રેલા આ બે બળના પ્રતાપે મુક્ત બની ગયાં. બ્રાઉનિયન મોશન જેવી રમતનો માહોલ ખડો થઈ ગયો. હવે અવનતિનું સ્થાન આનંદભરી રમતે લીધું હતું. સજીવ બની ગયાં હોય, તેમ એમની રમત જોવા લાયક લ્હાવો બની ગઈ હતી.

**અનુક્રમણિકા**

કુદરતનો સામાન્ય નિયમ અચૂક અવનતિને જ પોષતો હોય છે. ગુરૂત્વાકર્ષણનું બળ નીચે પાડે, પાડે ને પાડે જ. જીવન અચૂક મૃત્યુ તરફ જ ગતિ કરતું રહેવાનું. એમાં કોઈ મીનમેખ ફરક ન જ હોય. પણ આગળ ધસવાની ગતિ, ઉન્નત ગતિ, પાણીના એક નાચીજ બિંદુને એક એવું પરિમાણ આપી શકે, કે એ વળાંક ઓલી પાણીની રમત જેવો રમણીય હોઈ શકે. ભલે એ રમત પણ ક્ષણજીવી રહેવા સર્જાઈ હોય; ભલે એ બ્રાઉનિયન્ મોશનનો અંતિમ તબક્કો પાણીને ધરાશાયી જ કરવાનો હોય; ભલે એક રમતિયાળ રેલો ઓગળી જાય અને બીજો એનું સ્થાન લે - એ નાનકડી રમતની પણ એક ગરિમા હતી. એક સુંદરતા સાકાર બની નિરાકાર થઈ ગઈ હતી. એના ક્ષણિક અસ્તિત્વનો પણ એક રૂવાબ હતો.

જીવનના આવા નાના નાના ઝબકારાઓની રમત થકી જ તો ઉત્ક્રાંતિનો પ્રવાહ મંદ પણ અવિરત ગતિએ આગળ ધપતો રહે છે ને? અને કલ્યાણમિત્ર શ્રી. અતુલ ભટ્ટે દિલના ભાવથી લખેલી કવિતા યાદ આવી ગઈ.

સાચું સુખ તે જિવંત જીવ્યા. જીવીને સૌને જીવાડ્યા.
આંધી આવે, ત્સુનામી લાવે, તોયે એનું ચિતડું ચિદાનંદ.
સત્તા સાથે લક્ષ્મી આવે, તોયે એનું જીવન શિવાનંદ.
રાત્રિ સાથે દિવસ આવે, સારી સૃષ્ટિએ દિવ્યાનંદ.
સુખ સાથે દુઃખ આવે, તોયે એને હૈયે સચ્ચિદાનંદ.
જીવન સાથે મૃત્યુ આવે, સ્નેહીજનને સદા અતુલાનંદ.

– અતુલ ભટ્ટ

કારની બારી પરનો પાણીનો રમતિયાળ રેલો - જીવનની એક મધુરિમાનો સુભગ સંદેશ.



# ૧૧ – કુકિન્ગ પ્લેટફોર્મ

જીવનના પ્રભાત સમા, સવારના પહોરમાં કુકિન્ગ પ્લેટફોર્મ આગળ હું મારી સવારીય ફરજો નિભાવવા પહોંચી જાઉં છું. એ સાવ ચોખ્ખું ચંદન જેવું છે – સાવ નવજાત શિશુ સમાન. એ કોરી સ્લેટ જેવું, સાવ ખાલીખમ્મ છે.

ચા બનાવવાની સામગ્રી એક પછી એક, હું કાઢતો જાઉં છું – ચા, ખાંડ, દૂધ, આદુ, અને ઈલાયચી. એમ જ બધાં સાધનો – તપેલી, સાંડસી, ગળણી, અને અલબત્ત પ્યાલા -રકાબી પણ પ્લેટફોર્મ પર આવી જાય છે. દસ વરસના મહાવરાથી પ્રાપ્ત કરેલી, ચા બનાવવાની કળાના જ્ઞાનના આધારે, હું માપથી તપેલીમાં પાણી લઉં છું અને શક્તિના સ્રોત સમો સ્ટવ ચાલુ કરી, એને ગરમ કરવા મૂકું છું. પછી એ જ જ્ઞાનથી જાણીતા થયેલ માપથી ચા અને આદુ એમાં પધરાવું છું. સમયાન્તરે એમાં ઊભરો આવે છે. નિયત સમય માટે એને ઊભરવા દઈ, એમાં હવે માપથી દૂધ ઉમેરું છુ. એ પછી નિયત માપથી ખાંડ ઉમેરું છું. બીજો ઊભરો આવતા છેલ્લે, ચપટીક મઘમઘતી ઈલાયચી પણ એમાં હોમાય છે. અને લો! સરસ, સોડમવાળી ચા તૈયાર. માપમાં ક્યાંક સહેજ ફેર થઈ જાય તો ચાનો સ્વાદ અને સોડમ અણગમતા બની જાય.

ચા ગળી, નકામા થઈ ગયેલા કૂચા કચરાપેટીમાં પધરાવું છું. બધી મહેનતના પ્રતાપે બનેલી ચાથી છલોછલ, પ્યાલા ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ જાય છે. માંજવા માટે તૈયાર તપેલી અને અન્ય વાસણો સિન્કમાં સ્થાન પામે છે. ગંદું થયેલું કુકિન્ગ પ્લેટફોર્મ પોતાં વડે સાફ થઈ જાય છે.

અને ફરી પાછું એ પ્લેટફોર્મ હતું તેવું, પ્રારંભની સ્થિતિમાં આવી જાય છે.

…….

આ અવલોકન કુકિન્ગ પ્લેટફોર્મનું છે કે, આપણા જીવનનું? - જરા વિચારી જોજો!

# ૧૨ – કેરીનો રસ કાઢતાં

કેરીનો રસ કાઢવા માટે આ જણને કામ સોંપવામાં આવ્યું- કેરીના ટુકડા કરવાનું. પછી એ ટુકડા મિક્સરમાં પીલીને રસ નીકળશે.

જુનો જમાનો યાદ આવી ગયો. સીઝનમાં કેરીઓના ટોપલે ટોપલા ઘરના ઉપલા માળે ભરેલા રહેતા – ઘાસથી વિંટળાયેલ અને શિયાળામાં આવેલા ઘઉંના કોથળા ઓઢાડેલ કેરીઓ. છાનામાના ઉપર જઈ મઝેથી પાકેલી કેરીઓ ચૂસવાની એ મજા જ ગઈ. આખા કુટુંબ માટે રસ કાઢવાનું કામ પણ આ જણનું જ. કેરીઓ ગોળી ગોળીને તપેલી પર મુકેલ ચાળણામાં રસ કાઢવાનો. કેરીનાં છોતરાં અને ગોટલા ધોઈને એનો બાફલો બને અને ગોટલા પણ ફેંકી શેના દેવાય? એ તો ઉનાળાની ગરમીમાં છાપરે સુકાય અને પછી એને ભાંગીને નીકળેલી ગોટલીઓનો મુખવાસ બને અને બાકીના ગોટલા પાણી ગરમ કરવાના બંબા માટે શિયાળા સુધી કોથળાવાસી!

અરે, પણ એ અમદાવાદી રીતની સ્મૃતિઓ તાજી કરવા થોડું જ આ અવલોકન હાથ ધર્યું છે? વાત છે – છાલ કાઢી નાંખેલી કેરીના ટુકડા કરતી વખતની અને ગોટલા પર વધેલા માલના અવશેષો ઉશેટી લેવા વખતની. બંને વખતે કેરીના ડિંટા આગળથી વાઢ શરૂ કરીએ તો સરળતાથી કપાય. ઉંધી દિશામાં રેસા નડે નડે ને નડે જ. એક દિશામાં રેસા અવરોધ ન કરે.

લાકડાના પાટિયાંને વ્હેરતાં પણ આમ જ બને – એક દિશામાં એના રેસા પણ અવરોધ ન કરે.

અનુક્રમણિકા

બે દિ' પહેલાં બેક યાર્ડમાંથી ઊતારેલાં ફુદીનાનાં પાન ચૂંટતાં પણ આવો જ અનુભવ થયો. એક એક પાનું ચૂંટવા કરતાં છેક ટોચના ભાગથી ડાળી પકડી, બે આંગળી સરકાવીએ તો, ફટાફટ બધાં પાંદડાં કપાઈ જાય અને કામ સરળ બની જાય. અહીં પણ એક દિશામાં પાનનાં છેડા અવરોધ ન કરે.

જીવનના અનુભવો સાથે કેવી સામ્યતા? પ્રવાહની સામી દિશામાં તરી તો જોઈએ? એની સાથે તરતા રહેવાનો અનુભવ જ સુખદ હોય ને?

***જે પ્રવાહની સામે તરતા રહી શકે છે, એમની શુરવીરતાને સલામ.***



**અનુક્રમણિકા**

# ૧૩ – કેલેન્ડર

રોજ સવારે હું એને ખોલું છું; અને અદરથી બે ગોળી કાઢીને ગળી જાઉં છું! કેમ નવાઈ લાગી ને? હા! એમ જ છે. અહીં એને આમ તો પિલબોક્સ કહે છે.

રવિવારથી શનિવાર સુધીના સાત ખાનાં – રોજ લેવાની ગોળીઓ એમા મૂકી દઈએ, એટલે ગોળી લીધી તેનો હિસાબ સચવાઈ રહે. આથી એને હુ કેલેન્ડર કહું છું. પહેલાં આમાં બહુ ગોટાળો થઈ જતો હતો. લોહીના દબાણને મર્યાદામાં રાખવા લેવાની ગોળી લીધી કે નહીં; તે ઘણી વાર ભૂલાઈ જતું હતું. હવે આ કેલેન્ડર આવવાથી રાહત થઈ ગઈ છે.

જાતજાતના કેલેન્ડર – દિવાલ પર રાખવાનું મહિનાવાર કેલેન્ડર. રોજની તારીખ ફાડવાનું ડટ્ટા કેલેન્ડર. આખા વર્ષના બધા મહિના બતાવતું વાર્ષિક કેલેન્ડર. સૌથી સરસ તો કોમ્પ્યુટરનું કેલેન્ડર. એમાં આજની તારીખ તારવેલી જુદી દેખાઈ આવે. જોડે પાછી રૂપાળી ઘડિયાળ તો ખરી જ!

કેલેન્ડરનો પ્રતાપ – વીતતા દિવસોની, મહિનાનોની, વર્ષોની ગણતરી હાથવગી કરી દે. રોજનો હિસાબ. ભૂત અને ભવિષ્યનો ચિતાર.

રોબિન્સન ક્રુઝો યાદ આવી ગયો. એ બિચારો, વખાનો માર્યો અજાણ્યા ટાપુ પર એકલો આવી પડ્યો અને પહેલા કે બીજા દિવસે તેને વીતતા દિવસોનો હિસાબ રાખવાનું સૂઝ્યું. ઝાડ પર ચપ્પાથી કાપા પાડી, તેણે પોતાનું આગવું કેલેન્ડર બનાવી દીધું. સાત કાપે મોટો કાપો એટલે રવિવાર જુદો તરી આવે. મહિનો પૂરો થાય એટલે વળી વધારે લાબો કાપો. આમ એ જેટલા વર્ષ એ ટાપુ પર રહ્યો; તેની તારીખ, મહિનાની બધી વિગત તેણે સાચવી રાખી.

અમેરિકા આવ્યો હતો; ત્યાર બાદ પહેલી વાર દેશમા પાછો ગયો હતો ત્યારની યાદ તાજી થઈ ગઈ. જૂની ડાયરીઓ કબાટમાં સાચવીને રાખી હતી. નકામી વસ્તુઓ કાઢી નાંખવાનું અભિયાન હાથ ધર્યુ હતું. તેના અંતર્ગત, આ ડાયરીઓ ફેંકી દેવા વિચાર હતો. એક વર્ષની એક ડાયરી. ઘણી બધી ભેગી કરેલી હતી. પાનાં ફેરવતાં વિતેલા ભૂતકાળમાં સરી ગયો.

નાની નાની ઘટનાઓ. ઘણી બધી બિન જરૂરી બાબતો. પણ અમૂકે તો યાદગાર ઘટનાઓની તવારિખ નજર સમક્ષ ખડી કરી દીધી. પ્રવાસો, મુલાકાતો, કરેલાં, નહીં કરેલાં, કરવાનાં કામોની વિગતો. વ્યથાઓ, સંઘર્ષો, ચિંતાઓ, યુદ્ધો, આશાઓ, ઉલ્લાસો, પ્રાપ્તિઓ , ઉપ્લબ્ધિઓ, નવા પરિચયો, નિરાશાઓ, ટૂટેલા સંબંધો - વિતેલા આયખાનો દિવસ  વાર ચિતાર.

કલાક, બે કલાક વિતી ગયા. હવે આ બધુ વ્યર્થ લાગતું હતું. એ હવે પ્રસ્તુત ન હતું. બધી ડાયરીઓ પત્નીની તાકીદ યાદ કરી ફગાવી દીધી. પસ્તી ભેગી કરી દીધી.

પણ મનમાં  તુમૂલ યુધ્ધ જાગી ઊઠ્યું. જીવનની ઘટનાઓ જ્યારે ઘટતી હતી; ત્યારે કેટલો બધો મનનો કબજો લઈ લેતી હતી? સમગ્ર ચિત્તને ખળભળાવી દેવાની એમનામાં ગુંજાઈશ હતી. હવે તે બધીયે વહી ગયેલા પવનની કની અદ્રશ્ય થઈ ગઈ હતી. ડાયરી એની યાદ તાજી કરાવી ગઈ.  એ ડાયરીઓ હવે નષ્ટ થઈ ગઈ છે. બધો ભૂતકાળ ભૂંસી દીધો. હવે તો નિવૃત્ત થઈ ગયો છું.

***નવી ડાયરી નથી રાખી.***

***હવે માત્ર વર્તમાનમા જીવવાની ટેવ પડવા માડી છે.***

હવે તો એ નષ્ટ કરેલી ડાયરીઓની વિગતોએ વધારી દીધેલા, લોહીના દબાણને સંયમિત કરવા લેવાની ગોળીઓનો હિસાબ રાખવા આ પિલ બોક્સ જ એક માત્ર જરૂરી કેલેન્ડર છે!

# ૧૪ – ખાલીખમ

પાવર હાઉસમાં વપરાતા પાણીને શુદ્ધ કરવાના પ્લાન્ટમાં પ્રોસેસની એક પ્રક્રિયા માટે, મીઠાનું પાણી વપરાતું હોય છે. આ પાણીના જથ્થાને સંઘરવા માટેની કોન્ક્રીટની ટાંકીની બહારની સપાટી પર મીઠાના થરના થર જામી જતા જોયેલા છે. ઘણી જગ્યાઓએ તો ગુફાઓમાંના સ્ટેલેક્ટાઈટની યાદ અપાવે તેવા ઝુમ્મર જેવા એ લાગે. ટાંકીના કોન્ક્રીટમાં અમદાવાદના હવામાનના કારણે પડેલી તિરાડોમાંથી ઝમી ઝમીને બહાર આવતા પાણીના કારણે, આમ બનતું હતું. મજબૂત, અડીખમ કોન્ક્રીટમાં પણ તિરાડો.

એને યાદ કરતાં બોઈલરની હાઈ પ્રેશર ટ્યુબોને વેલ્ડિંગ કર્યા પછી, અચૂક કરાતું એક્સ-રે પરિક્ષણ યાદ આવી ગયું. અત્યંત ભારે દબાણ અને ઉષ્ણતામાને કામ કરતાં આ બોઈલરની ટ્યુબોમાં સહેજ પણ કચાશ રહી જાય તે ન ચાલે. આથી વેલ્ડિંગ કર્યા બાદ, રેડિયો એક્ટિવ આઈસોટોપમાંથી નીકળતા, હાઈ પાવર એક્સ –રે વડે, વેલ્ડિંગ જોઈન્ટનો ફોટો પાડવામાં આવતો હતો. પોલાદની એ જાડી ટ્યુબોને પણ વીંધી શકવાની એ કિરણોમાં ગુંજાશ હોય છે. પોલાદની એ અભેદ્ય ટ્યુબોમાં પણ તિરાડો!

પોલાદના એ અણુની રચના જરા વધારે ઊંડાણમાં જોઈએ તો? એના પરમાણુની અંદર ઝાંખી કરીએ તો? મોટા ભાગની જગ્યા – સાવ ખાલીખમ્મ! એના પ્રોટોન, ન્યુટ્રોન અને ઇલેક્ટ્રોનની વચ્ચેની બધી જગ્યામાં કેવળ શૂન્યાવકાશ જ.

આખું વિશ્વ જુઓ તો? ગણ્યા ગણાય નહીં એટલા મહાકાય તારાઓ, નિહારીકાઓ ભલેને હોય ; એમની વચ્ચેનાં અંતરોમાં કેવળ શૂન્યાવકાશ જ ને? સમસ્ત વિશ્વમાં પદાર્થ જે જગ્યા રોકે છે; એનાથી અબજો કે ખર્વો ગણી જગ્યામાં - સાવ ખાલીખમ. અને છતાં, એ બાકીના નજીવા પદાર્થની કેટલી બોલબોલા?

એમાંયે સાવ તુચ્છ માત્રામાં જીવંત તત્વોનું હોવાપણું. અને એમાંયે સાવ નાનકડી માનવજાત. અને એમાં સાવ છેવાડેનો એક જણ .. આ લખનારો. અને શો એનો અહં? આખી દુનિયા એની આસપાસ ફરે છે, તેવું ગુમાન રાખી કોલર ઊંચા રાખી ફરનાર અભિમાનનું પૂતળું! સાવ ખાલીખમ. ઓલ્યા વિશ્વને આવરી લેતા ખાલીખમ કરતાંય એનું ખાલીપણું - કેવું ભારેખમ!



# ૧૫ – ખાલી ઘર

**- ૧ -**

એક નવું, તરોતાજા ઘર બન્યું છે. અથવા જૂના ઘરને સમારકામ કરી, રંગરોગાન કરી વેચવા કાઢ્યું છે. અથવા ખરીદાઈ ગયેલું એક ઘર છે, જેમાં નવાં વસનારાં રહેવા જવાનાં છે. તેની ચોખ્ખાઈ અને ઉજાસ આંખે ઊડીને વળગે તેવાં છે. અહીં ખાલીપો તો છે, પણ આશાઓ છે, એક નવું ઘર બનવાનો ઉન્માદ છે. અહીં હમણાંજ નવું નક્કોર ફર્નિચર ગોઠવવાવાનું છે; સોડમવાળી રસોઈ બનવાની છે. સંગીતની સૂરાવલીઓ રેલાવા માંડવાની છે. અહીં દેવની પૂજા કરીને મંગળગીતો ગવાવાનાં છે. અહીં થોડા જ વખતમાં બાળકોની કિલકારીઓ અને કલશોર થવાનાં છે. અહીં પ્રણયની મસ્તી અને શ્રુંગારની મદિરા છલકાવાનાં છે. અહીં હવે નવું જીવન જીવાવાનું છે, અને આ ઘર તે માટે તલપાપડ થઈને બેઠું છે.

બીજું પણ એક ઘર છે, જે હમણાંજ ખાલી થયું છે. તેમાં વસનારાં, તેને તજીને બીજે રહેવાં જતા રહ્યાં છે. બચેલો, કોઈ કામ વિનાનો સામાન, ગાભા, ડૂચા, નકામા કાગળો, ખસી ગયેલા ફર્નિચર પાછળથી હવે ડોકિયાં કરતાં કરોળિયાનાં જાળાં, ફર્શ ઉપર ભેગાં થયેલાં ધૂળ અને કચરો અને ખાસ તો વિદાય થઈ ગયેલાં જીવતરના અભાવના ઓથારથી ભરાતાં ડૂસકાં અને ડૂમો – આ ખાલી ઘરના સમસ્ત અસ્તિત્વને ઘેરું અને સોગિયું બનાવી રહ્યાં છે.અહીં ખાલીપો છે, જે નજીકના ભવિષ્યમાં ભરાવાનો નથી. અહીં કેવળ નિરાશા અને એકલતા છે.  અહીં હવે કોઈ જીવન નથી. એ માત્ર ખાલી મકાન જ છે. ઘર નથી.

————————-

આ એક મકાન હોઈ શકે. એક નવો સંબંધ હોઈ શકે. એક નવો રસ્તો હોઈ શકે. એક નવો વિચાર, એક નવી અનુભૂતિ હોઈ શકે. એ સંગીતકારની મસ્તીમાં હમણાં જ પ્રગટેલી, સંગીતની લયબદ્ધ સૂરાવલી પણ હોઈ શકે. અંતરના ઊંડાણમાંથી હમણાં જ પ્રગટેલી, પણ હજુ નહીં વંચાયેલી; ભાવથી છલકાતી અને છંદબદ્ધ કવિતા પણ હોઈ શકે. હમણાં જ ફૂટેલી એક કળી કે તે કળી જેવું બાળક કે નવયૌવના પણ હોઈ શકે.

અને એ ખાલી થયેલું મકાન પણ હોઈ શકે. વિજેતાના ક્રૂર ઘણથી ખંડિત થયેલો અને ગયેલી સમૃદ્ધિને યાદ કરીને વલવલતો રાજાનો મહેલ પણ હોઈ શકે. હુલ્લડ પછી, કરફ્યુના અમલમાં સોરાતો, તૂટેલા સ્વપ્નો અને જીવનો માટે આંસુ સારતો અને વલવલતો, નિસ્તેજ અને નિર્જન રસ્તો પણ હોઈ શકે. કે ટૂંપાઈ અને નંદવાઈ ગયેલો સંબંધ પણ હોઈ શકે. અભરાઈએ મૂકેલી પસ્તી જેવી બુઠ્ઠી લાગણીઓ કે વિચાર શૂન્યતા પણ હોઈ શકે. એ કેવળ 'સ્વ'માં જ જીવાતું જીવન પણ હોઈ શકે કે સ્વજનની હમ્મેશની વિદાયથી ભેંકાર બનેલું એકલતાભર્યું અસ્તિત્વ પણ હોઈ શકે.

સાચું કહું ? સાવ સ્વલક્ષી, સહિષ્ણુતા, અનુકંપા, કે જીવનના ઉત્સાહ વિનાનાં; સંવેદનશીલતાના અભાવમાં સાવ ચાડિયા જેવાં લાગતાં જીવન મને તો ખાલી ખંડેર જેવાં ઘર જ લાગે છે.

જાતજાતનાં ખાલી ઘર. ખાલીપણાં ય કેવાં જાતજાતનાં અને ભાતભાતનાં ?

https://www.youtube.com/watch?v=HOxPblnK8NA&feature=emb_logo

## - ૨ -

૨૦૧૨, ડિસેમ્બર
રણછોડજીની પોળ
સારંગપુર-અમદાવાદ

મારી બહેનને મેં કહેલું કે, આપણું મૂળ મકાન એક વાર જોવું છે. એણે કહ્યું , “જોઈને શું કરશો? એ તો વેચાઈ ગયે પણ દસ વરસ થયાં. અને પછી એમણે પણ વેચી નાંખ્યું. નવા ખરીદનારાએ આખું પડાવી નવેસરથી બંધાવ્યું છે.” પણ મનનો ભાવ હતો એટલે અમે તો ગયા. સાવ નવું નક્કોર મકાન હતું. પણ પ્રવેશ દ્વાર અમારી પછીતે આવેલા રસ્તા પર બદલેલું હતું. અમારો દરવાજો હતો ત્યાં તો એક બંધ બારી જ હતી. અમે પછીત વાળા રસ્તા પર ગયા. પાછળ વાળા પાડોશીને અમારા મનની વાત કહી. એમણે કહ્યું, ” એ લોકો કોક જ વખત અહીં આવે છે. ઉત્તર પ્રદેશમાં ક્યાંક રહે છે. પણ બાજુના ‘રામભવન’ વાળા પાસે એની ચાવી છે.”

સદભાગ્યે રામભવનમાં રહેતા સ્વ. સીતારામ શાસ્ત્રીજીનો ભત્રીજો હજી ત્યાં રહેતો હતો. એ અમને ઓળખી ગયો. એના કોઈ સંબંધીએ અમારું એ જૂનું મકાન ખરીદ્યું હતું. એ ચાવી લઈ આવ્યા અને અમને ખોલીને બતાવ્યું. સરસ હવા ઉજાસ, નવું નક્કોર આધુનિક ફર્નિચર, બીજા માળે સરસ મજાનો ઝરૂખો.

પણ અમને એમાંનું કશું જ ન દેખાયું . અમને તો દેખાયું - **એના પાયામાં દટાયેલું અમારું શૈશવ.** અમે ભારે હૈયે , જૂની યાદોને વાગોળતાં મારી બહેનના ઘેર પાછા આવ્યા. આખા રસ્તે એ જૂની યાદો મહેંકતી રહી. હવે એ ઘર અમારું નથી રહ્યું એનો તસુભાર પણ ખેદ અમને ન હતો. નીચલા મધ્યમ વર્ગના એ પૂણ્યશાળી મહાત્માઓનાં સંતાન, એવા અમે પાંચે ભાઈ બહેન બહુ જ સુખી છીએ. દરેકને સરસ મઝાનાં પોતાનાં ઘર છે.

પણ એ ઘર જેવી યાદો હજી નવા ઘરોમાં ભેગી નથી થઈ. એ બધાં ઘર હજુ ‘ખાલી’ જ છે. નવી યાદો એના નવા કબાટોમાં **ધીમે ધીમે …… હોલે હોલે ….. હળુ હળુ…..** ભરાતી જાય છે.

## - ૩ -

### ત્રીજું ખાલી ઘર

ઉપર લખેલાં બે ખાલી ઘરની ઘટના અને અવલોકન પછી, ત્રણેક વર્ષ વીતી ગયાં હતાં. એમાં બે જાતનાં ખાલી ઘરની વાત કરી હતી. પણ તે દિવસે ત્રીજા પ્રકારના ખાલીપાનો અનુભવ થયો. એનું અવલોકન.

આમ તો આ ત્રીજું ઘર ખાલી નથી. એ માણસોથી ભરચક ભરેલું છે! વાત જાણે એમ છે કે, તે દિવસે ભાડે આપેલા અમારા એ ઘરમાં રહેતાં ભાડવાત પાસે ભાડાની રકમ લેવા ગયો હતો. એ ઘરને સોગિયું, ઉજ્જડ, ખાલીખમ્મ, ડૂસકાં ભરતું નિહાળ્યું હતું. કાલે એ ઘરના બારણા આગળ હું ભાડવાતની રાહ જોતો ઊભો હતો. એમને બોલાવવા મારે ઘંટડી મારવી પડી હતી.

તાળું ખોલી એમાં  પ્રવેશવાનો મારો અધિકાર હું ગુમાવી બેઠો હતો. બારણું ખૂલ્યું. ભાડવાતનો પુત્ર ચેક લઈને આવ્યો. મેં એને રસીદ આપી. કશી વાતચીત વગર બારણું બંધ થઈ ગયું ; વ્યવહાર પતી ગયો હતો. કોઈ આત્મીયતા નહીં. સાવ પારકું ઘર  – એ ઘરના માલિકનો બાપ હોવા છતાં પણ. ભાડે આપેલું ઘર – ભરેલું પણ સાવ ખાલી. ઓલ્યા સોગિયા, ઉજ્જડ, ખાલીખમ્મ, ડૂસકાં ભરતાં ઘર કરતાં પણ વધારે ખાલીપો આપી ગયું.

***આત્મીયતા વિનાનો સંબંધ, નંદવાયેલો સંબંધ, સમય વીતી ચૂકેલો સંબંધ***

**પરિચિત છું છતાંયે દૂર ખૂણામાં ઉભેલો છું,**
**મને શું ઓળખે લોકો સમય વીતી ચુકેલો છું.**

**તિરસ્કારો અભિમાની ગણીને યોગ્ય એ ક્યાં છે?**
**મનાવી લેશો હું તો એ ગણતરીથી રૂઠેલો છું.**

**ના કોઈ નોંધ, ના ઉલ્લેખ મારો – થાય કિસ્મત છે,**
**મુગટની જેમ ક્યારેક મસ્તકે હું પણ રહેલો છું.**

**ઉપેક્ષાઓ જમાનાની સહી હસતે મુખે 'અબ્બાસ',**
**રહ્યું છે શીશ અણનમ પણ કમરથી તો ઝુકેલો છું.**

**– ગુલામ અબ્બાસ 'નાશાદ'**



# ૧૬ – ખાસ ઘડિયાળ

## ....૧....

અમારા સ્વિમિંગપૂલમાં એક મોટા વ્યાસવાળું, ખાસ ઘડિયાળ છે. તેમાં કલાકનો કાંટો જ નથી! સેકન્ડનો અને મિનિટનો એમ બે જ કાંટા છે. ડાયલ પરના આંકડા પણ મિનિટ દર્શાવતા જ છે. ૦ થી ૬૦ સુધીના – ૧ થી ૧૨ નહીં. કારણ સાવ સરળ છે. તરવા આવનાર માટે તે કેટલો વખત તરવા માંગે છે, તેનું માપ જ જરૂરી હોય છે. કો'ક પંદર મિનિટ તરે તો કો'ક અડધો કલાક, તો કો'ક વીરલા એક કલાક પણ તરે. એ ગાળો આ ઘડિયાળ માપી આપે તે પૂરતું હોય છે.

આવી જ બીજી વિશિષ્ઠ ઘડિયાળ સ્ટોપ વોચ છે. કોઈ ઘટનાનો ગાળો આપણે ચોક્સાઈથી માપવો હોય તો સ્ટોપ વોચ વપરાય છે. જેવું તેનું બટન દબાવ્યું કે તરત જ સમયની માપણી શરુ. અને ફરી 'ક્લિક' કરો એટલે સમય મપાતો બંધ થઈ જાય. આમાંય કલાક કાંટો નથી હોતો.

આવું જ સમયનું પણ હોય છે. સમયનું માપ બધે એક સરખું નથી હોતું. ગાડી કે પ્લેન પકડવાનાં હોય તો ત્યાંના સમય સાથે તાલ મિલાવવો પડે છે. પ્રિયપાત્રને મળવાનું હોય, તો તે ન આવે ત્યાં સુધી સમય જાણે થંભી ન ગયો હોય; એટલી બધી ચટપટી થાય છે. પાંચ મિનિટ જાણે પાંચ કલાક જેવી લાંબી લાગે છે! અને તે આવે પછી કલાકોના કલાકો ક્યાં જતા રહ્યા, તે પણ ખબર નથી પડતી! આપણે કોઈ ચિંતા ભરેલી અવસ્થામાંથી પસાર થઈ રહ્યા હોઈએ ત્યારે તો સમય જાણે ખૂટતો જ ન હોય, તેમ આપણને લાગે છે. અહીં પણ ખરેખર કેટલો સમય થયો તેની આપણને ખબર પડતી નથી.

જીવનની અંતિમ ક્ષણે કોઈ આપણી સ્ટોપ વોચનું બટન દબાવી દે છે; અને સમય સ્થગિત બની જાય છે! ઘડિયાળ જોનાર વ્યક્તિ જ ગાયબ!

**સમયનું માપ, એને માપવાનાં સાધન સાપેક્ષ હોય છે.**

## ....૨....

તે દિવસે પૂલમાં પડતાં પહેલાં એ ઘડિયાળની નજીકથી પસાર થતાં એનું ધ્યાનથી નિરીક્ષણ કર્યું . એનો સેકન્ડ કાંટો બીજી ઘડિયાળોની જેમ અચકાઈ અચકાઈને ચાલતો ન હતો. એ સતત આગળ વધતો હતો. થોડાક તક્નિકિ જ્ઞાનના આધારે એવા નિષ્કર્ષ પર આવ્યો કે, એમાં સપ્લાયના પાવરથી ચાલતી, ઈલેક્ટ્રિક મોટર હશે; પલ્સ આપતી યાન્ત્રિક રચના નહીં હોય. મોટર એ વધારે સસ્તું, સરળ અને ટકાઉ સાધન હોય છે. આ ઘડિયાળમાં સમયની ચોક્કસતા બહુ અગત્યની નથી હોતી. પૂલમાં તરનાર વધારેમાં વધારે એકાદ કલાક જ રહે. એમાં એકાદ સેકન્ડ આમ કે તેમ હોય; તેમાં કાંઈ તાત્વિક ફરક પડતો નથી. જ્યાં માપની ચોક્કસતા જરૂરી ન હોય ત્યાં વધારે મોંઘું કે વિલક્ષણ સાધન વાપરવું જરુરી નથી હોતું.

**અનુક્રમણિકા**

જેવો ઘાટ એવું ઘડામણ. જરુર કરતાં વધારે જટિલતા શા માટે? સાદગીનો પણ મહિમા હોય છે. એની પણ ગરિમા હોય છે. આપણે ઘરમાં એક જણ હોઈએ છીએ, ઓફિસમાં બીજા , અને કોઈ અગત્યના સમારંભમાં ત્રીજા જણ હોઈએ છીએ.

**ઘડિયાળ અલગ અલગ . પણ સમય તો સમય જ. મ્હોરાં અલગ, પણ મ્હાંયલો ? ! અને. સમાપને એક કવિતા....**

સમય ભૂલાવે ભાન, એવું કહો છો મારા ભાઇ!
હતા કદીયે ભાનમાં? તે ભૂલીયે પાછા ભાઇ ?!
સમય સમયની બલિહારી છે, એવું કહો છો ભાઇ!
સમય આવે ને મન ઊઠે, એમેય બને છે ભાઇ!
સમય વર્તે સાવધાન, તે ભારી બંકા ભાઇ !
શેરને ય માથે સવાશેર છે, તે પણ સાચું ભાઇ!
સમયનાં વાજાં સમયે વાગે, તે તો સાચું ભાઇ!
સંકટનાં પડઘમ ના શમતા, તેનું શું કરવું ભાઇ ?
સમય જતાં સહેવાશે, એવું કહો છો ભાઇ!
પણ દિલની આ ઊલઝન, શેં કદિ ન ઊલઝે ભાઇ ?
કોઇને માટે નથી અટકતો, સમય તે સાચું ભાઇ!
પગલે પગલે અટકાવી દે, તેનું શું કરવું ભાઇ ?
શ્વાનનો ય સમય આવશે, એવું કહો છો ભાઇ!
રાહ એની શેં જોવી? મુજને સમઝાવો ભાઇ!
ક્યારે ય કોઇનો થયો નથી, આ સમય, મારા ભાઇ
ખયાલ બદલું તો તને ય નાથું, એ પણ સાચું ભાઇ!
સમય સમય બલવાન છે, તે તો સાચું ભાઇ!
પણ નિર્બલકે બલ રામ છે, તે પણ સાચું ભાઇ!

# ૧૭ – ખીંટી

સામે દિવાલ પર ખીંટીના આધારે, મોટી ફ્રેમમાં મઢેલું, એક સરસ ચિત્ર લટકી રહ્યું છે. દિવાલની ગુંજાઈશ માત્ર ઊભા રહેવાની છે. છતને ટકાવી રાખવાની છે.  આવા ચિત્રને લટકાવવાની એની સપાટીની સહેજ પણ ગુંજાઈશ નથી. એની ઉપર ખીંટી લગાવી અને ભીંતમાં છબી લટકાવવાની ક્ષમતા આવી. દિવાલ છતનો આધાર છે; તો ખીંટી છબીનો.

જમીન પર એક પૈડું પડેલું છે, તેની ગુંજાઈશ નથી કે તે ગોળ ફરી શકે. તેને કોઈ ધરીના આધાર પર ટેકવી દો; અને તેનામાં ગોળ ગોળ ફરવાની ગુંજાઈશ આવી જશે. હતાશ પડેલું એ પૈડું એક કાર કે સાઈકલનો આધાર બની જશે.

પ્યાલો ન હોય તો પાણી ક્યાં રહે? એ એની ખીંટી. કાંઠા અને તળીયું છે તો નદી છે. તલાતલ પાતાળ છે તો દરિયો છે.  ધરતીનું ગુરુત્વાકર્ષણ ન હોય તો ફરફરતો વાયરો પણ ક્યાંનો ક્યાંય  જતો રહે.  સમગ્ર પર્યાવરણ અને ભૂમિતલની એ ખીંટી. એ બળ જ ન હોય તો?

સમજુ અને શાણી માતા ઘરના વાત્સલ્યની આવી ખીંટી છે. એની ઉપર વ્હાલ અને મમતા લટકે છે. ઘરની સુખ શાંતિનો આધાર સમજુ અને પ્રેમાળ મા છે. બાપ કમાઈને આજીવિકા લાવે છે. એનાથી બધાંના જીવનનો નિર્વાહ થાય છે. બાપ કુટુંબની  આર્થિક  ખીંટી છે. એમ જ સારો શાસક સમાજની, કોઈ પણ સંસ્થાની, કોઈ પણ રાજ્ય કે દેશની ખીંટી છે.

સૂર્ય બધાય ગ્રહોની ખીંટી છે. તેના પ્રચંડ કદ અને વજનને કારણે તે બધા ગ્રહોને પોતાની આજુબાજુ ફરતા રાખે છે. એ ગ્રહમંડળની ખીંટી છે.

એમ કહે છે કે, નિહારિકાના કેન્દ્રમાં ‘બ્લેક હોલ’ હોય છે. એમાં બધું સમાઈ જાય છે – પ્રકાશ પણ. આથી જ તેને સૌથી શક્તિશાળી દૂરબીન વડે પણ જોઈ શકાતું નથી. પણ એની ખર્વાતિ ખર્વ ઘનતાને કારણે તે સૂર્યથી અનેક ગણા મોટા એવા લાખો તારાઓને પોતાની આજુબાજુ ફરતા રાખી શકે છે. નહીં તો એ બધાય ક્યાંના ક્યાં ફેંકાઈ જાય.એય એક ખીંટી જ ને?

એક નાનકડા પરમાણુની અંદર તેના કદથી ય અત્યંત નાનું કેન્દ્ર આવેલું હોય છે; જેમાં પરમાણુનું બધું દ્રવ્ય (Mass) સમાયેલું હોય છે. તે પોતાની આજુબાજુ ઘણા બધા ઈલેક્ટ્રોનોને પ્રચંડ વેગથી ફરતા રાખી શકે છે. એ પરમાણુની ખીંટી?

આપણા રંગ, રૂપ, વિચાર, વાણી અને વર્તનનો આધાર આપણી અંદર રહેલું જીવંત તત્વ છે. એ ન હોય તો આપણે શબ જ બની રહીએ ને? એ જીવ એ આપણા જીવનની ખીંટી.

વાડ વિના વેલો ન ચઢે.’ એમ કહે છે. આ ઈન્ટરનેટ અને આ બ્લોગિંગ જગતે મારા જેવા ઘણાંને લખતા કરી દીધા – એ પણ એક ખીંટી !

**જાતજાતની ખીંટીઓ, જાતજાતના આધાર. કોઈ પણ આધાર વિનાની કોઈ પણ વસ્તુ હોઈ શકે ખરી?**

**અનુક્રમણિકા**

# અંગ્રેજી પરથી ભાવાનુવાદ - મનની ખીંટી

અમારા ઘરમાં રિપેરકામ માટે એક સુથારને બોલાવેલો. એના કામના પહેલા દિવસની આ વાત છે.

કામ પર આવતાં રસ્તામાં ટાયર પંક્ચર થયું. એમાં એનો એક કલાક બગડ્યો. કામ શરુ કર્યા પછી અધવચ્ચે એની ઈલેક્ટ્રિક કરવત બગડી ગઈ. તેણે હાથ કરવતથી કામ ચલાવી લીધું. દિવસ પુરો થયા પછી, ઘરે પાછા જતી વખતે, એની નાની ટ્રક ચાલી નહીં. હું એને મારી ગાડીમાં એના ઘેર મુકવા ગયો. રસ્તામાં એ એક પણ શબ્દ બોલ્યો નહીં.

અમે એના ઘેર પહોંચ્યા ત્યારે એણે કહ્યું : 'ઘરમાં થોડી વાર આવો ને ! મારાં પત્ની અને બાળકોને તમને મળીને આનંદ થશે.'

ઘરના વંડામાં દાખલ થતાં પહેલાં નાના ઝાડ પાસે એ રોકાયો. બન્ને હાથ એણે ઝાડ પર મૂક્યા. બારણામાં દાખલ થતી વખતે મેં એનામાં અજબનો ફેરફાર થતો જોયો. એના થાકેલા ચહેરા પર સ્મિત ફરી વળ્યું. એનાં બે બાળકોને વહાલથી ભેટ્યો અને પત્નીને ચુમી આપી. મને એ કાર સુધી મુકવા આવ્યો.

અમે પેલા ઝાડ પાસેથી પસાર થયા; ત્યારે મારું કુતુહલ હું રોકી શક્યો નહીં. મેં એને પુછ્યું : 'ઘરમાં દાખલ થતાં પહેલાં તમે ઝાડને શા માટે અડ્યા ?'

'અરે, હા. આ ઝાડ તો મારા મનની ખીંટી છે. હું કામે જાઉં ત્યાં કોઈ ને કોઈ તકલીફ તો આવવાની; પણ એક વાત નક્કી કે, ઘરે મારાં પત્ની અને બાળકોને એની સાથે શું લેવાદેવા? એટલે, જ્યારે સાંજે કામ પરથી ઘરે પાછો આવું છું ત્યારે તકલીફો આ ઝાડ પર લટકાવી દઈ ઘરમાં દાખલ થાઉં છું. સવારે કામ પર જતાં આ ઝાડ પરથી તકલીફો પાછી લઈ લઉં છું.

**પણ નવાઈની વાત તો એ છે કે, રાતે મુકેલી તકલીફોમાંથી ઘણીખરી સવારે ત્યાં હોતી નથી.'**



# ૧૮ – ખેલ ખરાખરીનો

**ખેલ ખરાખરીનો**
**જંગ રસાકસીનો**
**બોલ બરાબરીનો**
**ડંકો સુભટમણિનો**

આવા એક ખેલની આ દિલ ધડકાવન વાત છે! પ્રબળ જંગ – સતત, સદા, સર્વત્ર ચાલતું યુદ્ધ – દરેક સેકંડે લોથની લોથ પડતી થાય એવું લોહિયાળ યુદ્ધ. કોઈ દેશ કે પ્રદેશ એમાંથી બાકાત નથી; અરે! કોઈ જાતિ પણ નહીં. દરેક યોદ્ધો એનું કર્તવ્ય બજાવીને શહીદ બનતો જ રહે. એની એ મર્દાનગી અને કર્તવ્યનિષ્ઠામાં તસુભાર પણ કચાશ કદી આવે જ નહીં. એનું જીવનકાર્ય સમાપ્ત થતાં વારમાં જ એનું મૃત્યુ નિશ્ચિત જ હોય. એની મહાન વીરતાના પ્રતિક સમી કોઈ ખાંભી ન ચણાય. એને ખોળામાં લેવા કોઈ બહેની, માતા કે પ્રિયા ન આવે. એ તો અજ્ઞાત, અનામી, કદી નામના ન પામનાર એકલવીર લડવૈયો. અને એના જેવા તો કરોડો, અબજો, ખર્વાતિખર્વ લડવૈયા સતત એ યજ્ઞમાં હોમાતા જ રહે.

હા! એક ભુલ થઈ ગઈ. આ લડાઈ સાવ નીરવ રીતે જ ચાલ્યા કરે છે- એમાં કોઈ બરાબરીના બોલ, હોંકારા, પડકારા થતા નથી. એ ભેંકાર યુદ્ધ છે – સાવ અંધકારમાં. સતત ચાલી રહેલું યુદ્ધ. એ યુદ્ધના અણસાર આપણને સતત મળતા જ રહે છે. પણ એ અણસાર એટલા તો સતત હોય છે કે, આપણે એ અણસારની પાર્શ્વભૂમાં ચાલી રહેલા એ જંગથી સાવ અજ્ઞાત જ રહેતા હોઈએ છીએ. એ જંગની ખબર આપવા કોઈ સમાચારપત્ર કે ટીવીનું ન્યુઝ બુલેટિન હાજર નથી.

પણ આખાયે આ લોહિયાળ જંગના સુભટનો ડંકો તો સતત ગાજતો જ રહેવાનો ને? કોણ છે એ સુભટ? અને કયો છે એ અનંત જંગ? શી છે એ ખરાખરીની બાબત? શેં લડાય છે – આ ભેંકાર, બિહામણું યુદ્ધ? ખબર ન પડી ને? એટલે જ… એ મહાન જંગની અહીં ઘોષણા થઈ રહી છે!

**એ યુદ્ધ છે…**
**જીવન સંગ્રામ.**
**એના અણસાર છે-**
**શ્વાસ અને પસીનો**

હરેક શ્વાસે શરીરના કોશે કોશની અંદર પ્રદિપ્ત આતશને પ્રાણવાયુ મળતો રહે છે; અને પ્રત્યેક ઉચ્છ્વાસે એ આગની પેદાશ, એ ગરમાગરમ જ્વાળા બહાર નીકળતી રહે છે. પસીનાના પ્રત્યેક બુંદ સાથે અવસાન પામેલા એ કોશોની લાશના અવશેષોનો નિકાલ થતો રહે છે.

કેમ ? ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવી વાત લાગી ને?

પણ ભલા'દમી! આ જ તો છે જીવન સંગ્રામ. બહારી સંગ્રામો થાય કે ન થાય. એમાં વિજય મળે કે પરાજય; પણ આ સંગ્રામ તો સતત જારી જ રહ્યો છે – અનાદિકાળથી, કરોડો વર્ષોથી. અને જ્યાં સુધી જીવન છે ; ત્યાં સુધી એનો કોઈ અંત નથી.

હા! લાશને કોઈ શ્વાસ કે પસીનો થતા નથી હોતા!

અને એ પણ કહેવું પડશે કે એ સુભટ મણિ કોણ? એને જે નામ આપવું હોય તે આપો.

અનુક્રમણિકા

# ૧૯ – ગરાજ સેલ

કેટલા ઉમંગ અને પ્રેમથી એ ડ્રેસ જીવનસાથીએ જન્મદિવસે ભેટ આપ્યો હતો? માંડ એક બે વખત જ પહેર્યો હતો. અને પછી તો અહીંની વ્યસ્ત જિંદગીમાં એ પહેરવાનો અવસર જ ક્યાં મળ્યો? સેલમાંથી સાવ સસ્તા ભાવે એ શર્ટ લાવ્યા હતા. પણ જ્યારે જ્યારે પહેરવાનો સમય આવે ત્યારે; એનો રંગ ગમતો ન હતો, એટલે એ પહેરાયું જ નહિ. બાબા માટે કેટલા બધા, સરસ મજાના બાબાસૂટ લાવ્યા હતા; અને બર્થડે પાર્ટી વખતે ભેટમાં મળ્યા હતા. પણ બાબલો તો માળો ઝટપટ એટલો તો વધવા લાગ્યો કે, એ બધા એમનાં એમ પડી રહ્યાં. રમકડાંના ઢગલે ઢગલા ભેગા થઈ ગયા છે. સહેજ વપરાયા, ન વપરાયા અને એ પણ સાવ અણગમતા થઈ ગયા. પેલા રમકડાંને તો બાબલો અડ્યો પણ ન હતો.

દર વરસે અહીં તો નવા ઈલેક્ટ્રોનિક સાધનો ખરીદી લાવીએ. અને જૂનાં પડ્યાં જ રહે. કોમ્પ્યુટર તો ત્રણ વરસ થાય અને નવું મોડલ આવી જ ગયું હોય. જૂનું આઈપોડ તો એમનું એમ પડી રહ્યું છે. ત્રણ કેમેરા ભેગા થઈ ગયા છે. હવે તો સેલફોન અને આઈપેડથી ફોટા પાડવાની આદત થઈ ગઈ છે. સીધો ઈમેલથી આખી દુનિયામાં ફેલાયેલા મિત્રો અને સંબંધીઓને ક્લિક કરતાં જ પહોંચાડી દેવાય. ચોપડીઓના ઢગલે ઢગલા ભેગા થઈ ધૂળ ખાઈ રહ્યા છે. હવે તો ઢગલે ઢગલા ઈ-બુક આઈપેડ પર અવનવી સગવડો સાથે મફતમાં વાંચી શકાય છે. કસરત કરવાનું ટ્રેડમિલ. પણ બહાર ચાલવા જવાની મજામાં એય ક્યાં ખાસ વપરાય છે? જિમના સભ્ય બની ગયા છીએ, એટલે ડોલર વસૂલ કરવા પણ ત્યાં જ જઈએ છીએ. અને ત્યાં એક નહીં વીસ ટ્રેડ મીલો અને લાઈનો ની લાઈનો ભરીને જાતજાતનાં કસરતનાં સાધનો, સ્પા , સ્ટીમ રૂમ અને પૂલ ! હવે ટ્રેડ મિલ પર વંચાયેલાં, ન વંચાયેલાં છાપાં અને મેગેઝિનો ધૂળ ખાય છે.

આમ ને આમ કેટલો બધો સામાન – સાવ વપરાશ વગરનો, નકામો, મહામૂલી જગ્યા રોકતો કે ગરાજમાં ધૂળ ખાતો, ભેગો થઈ ગયો છે? નવી ચીજો મૂકવા જગ્યા જ નથી! અને એ બધો વેચી દીધો પાણીના મૂલે ગરાજ સેલમાં. કોઈક એક ડોલરમાં તો કોઈક બે ડોલરમાં. ૨૫૦ ડોલરમાં કેટલા હરખથી મ્યુઝિક કીબોર્ડ લાવ્યા હતા? – બેબી બિથોવન જેવી મહાન સંગીતકાર બને તેવાં ખ્વાબો સાથે. પચીસ ડોલરમાં એ ગયો ત્યારે હાશ થઈ! જૂનું નોટબુક કોમ્પ્યુટર ૬૦ ડોલરમાં એક મેક્સિકન એની બેબીને તાલીમ માટે લઈ ગયો ત્યારે તો હરખ હરખ થઈ ગયો. દોડીને ઘરમાં અંદર બધાને આ શુભ સમાચાર પાઠવી દીધા! ગરાજ સેલ પાંચ દિવસ ચલાવ્યું! કેટલા ઉમંગથી હજારો ડોલર ખર્ચીને ખરીદેલો આ બધો કાટમાળ વેચતાં ગાડાંના પૈડાં જેવા ૫૦૦ ડોલર હાથમાં આવ્યા ત્યારે ઊનાળાની બળબળતી બપોરે આસમાનમાં મેઘધનુષ્ય દેખાવા લાગ્યું!

વસ્તુની કિમ્મત કેટલી ક્ષણિક હોય છે? દુકાનમાંથી પગ બહાર મૂક્યો અને એની કિમ્મત અડધી થઈ જાય. થોડોક વપરાશ કે વપરાશ વગરનો સમય વીતે અને એની કશી કિમત જ નહી.એ બધી ચીજો પાણીના મૂલે વેચતાં મળેલી એ મહાન રકમ પાછી બીજી વસ્તુઓ ખરીદી આપશે; અને એ વસ્તુઓની પણ આ જ ગતિવિધી.

અને આપણે પણ ક્યાં એવાં ને એવાં રહ્યાં છીએ ? ભણતા વિદ્યાર્થી હતા ત્યારે પરીક્ષામાં માર્ક અગત્યના હતા. લગ્ન થયા ત્યારે જીવનસાથી સિવાય જગતમાં બીજું કાંઈ દેખાતું ન ન હતું. પહેલું બાળક આવ્યું અને આપણે સાતમા આસમાનમાં મા કે બાપ બન્યાનો ફાંકો રાખીને ઊડવા લાગ્યા હતા. અને હવે? બે રોટલી ખાતાં ખાતાં પણ હાંફી જવાય છે ! સાંજે તો માત્ર એક સફરજન જ.

**પરિવર્તન…પરિવર્તન…પરિવર્તન…**

કશું શાશ્વત જ નહીં. કિમત બદલાય, વપરાશ બદલાય, રૂચિ બદલાય, ચીજો બદલાય. જ્યારે આપણે એ ઘટમાળની અંદર ખૂંપેલા હોઈએ ત્યારે, એના સિવાય બીજા કશા તરફ ધ્યાન જાય જ નહીં. અને થોડાક જ સમય પછી ચિત્ત બીજે ક્યાંક . પેલું બહુ ગમતીલું તો ગયું !

***આમ જ સતત અનિત્ય ભાવ કેળવીએ તો?***

# ૨૦ – ઘંટી

ઘંટી જોયે તો દસકાં વીતી ગયાં – છેલ્લી એ ક્યારે જોયેલી એ તો યાદ પણ નથી. સોરી ! એ તો ભુલાઈ જ ગયું કે, અમેરિકા આવ્યા પહેલાં નોકરી કાળમાં સાબરમતી પાવર હાઉસની કોલોનીમાં રહેતાં હતાં , અને ઘેર જ ઇલેક્ટ્રિક ઘરઘંટી હતી! એને જોયે પણ સત્તર વર્ષ વીતી ગયાં. કદીક દેશમાં જઈએ તો નજીકની કરિયાણાની દુકાનેથીએ લોટ જ લાવતા હતા. તો પછી ઘંટી વિશે અવલોકન કેમ?

વાત જાણે એમ છે કે, કલ્પના બહેન રઘુ કોઈને કોઈ જૂનો શબ્દ યાદ કરી, એના વિશે સંશોધન કરી, સરસ મજાના લેખ લખે છે. આ જણને આમેય શબ્દ વિશેની રમતો ગમે છે. એમાં આમ જૂના શબ્દોને યાદ કરવાની પ્રવૃત્તિ ગમી જ છે. એવો એક લેખ ઘંટી વિશે તેમણે લખેલો – આ રહ્યો. એમાં મારી યાદ ઉમેરવાની મજા આવી. પણ એ પછી દાવડા ભાઈએ એ ચર્ચાને સરસ મજાનો વળાંક આપ્યો. એમનો પ્રતિભાવ આ રહ્યો-

*"ચલતી ચાકી દેખકે, દિયા કબીરા રોય,*
*દો પાટનકે બીચમે બાકી બચા ન કોય."*

ઘંટી જેવા કાળના ચક્રના પડ વચ્ચે પીસાતા, રીબાતા, માનવજીવનની યાતનાનો કબીરજીનો આ દોહો બહુ જ જાણીતો છે. એવી જ માનવજીવનની યાતનાઓનું પ્રતીક ઘાંચીની ઘાણીનો બળદ છે. એ રૂપકમાં પણ આપણા રગશિયા, એકધારા, બીબાંઢાળ જીવન પર આક્રોશ છે. ગરીબાઈની રેખાથી નીચે જીવતા માનવજંતુઓની વેદના તો એમાં પ્રતિબિંબિત થાય જ છે. પણ મધ્યમ વર્ગ અને ઉચ્ચ વર્ગના લોકો પણ કોઈ ને કોઈ જાતની ઘંટીમાં ફસેલા જ હોય છે. એ પણ એમના બીબાંઢાળ જીવનથી ત્રસ્ત જોવા મળે છે. શહેનશાહથી સિપાઈ સુધી કોઈને ય જીવે જંપ નથી.

આમ કેમ છે? એનો ઉકેલ શો? એ પ્રશ્ન એટલા તો મોટા છે કે, એના પર શાસ્રોના ઢગલે ઢગલા લખાયા છે. મોટા ભાગની ફિલસુફીઓ , ધર્મો, સમ્પ્રદાયો આ હકીકતના કારણે ઉદ ભવ્યાં છે. એ બધાંનો કોમન ફેક્ટર – 'એમાંથી શી રીતે ઉગાર થઈ શકે?' એ માટે જાતજાતના નૂસખાઓ શોધાયા! અને પછી 'આપણો નૂસખો શ્રેષ્ઠ' એનો વળી નવો વિવાદ. ઢગલાબંધ ચર્ચાઓ અને યુદ્ધો. નવી જાતની ઘંટીઓ અને ઘાણીઓ. હાથથી ફરતી ઘંટીની જગ્યાએ ઈલેક્ટ્રિક ઘરઘંટી આવી- એટલો જ ફરક! પણ પીસાવાનું તો એમનું એમ જ રહ્યું.

બોલો તમે કોઈ નવો નૂસખો બતાવી શકો એમ છો?

# ૨૧ – ઘાસ

સામે દૂર આંખોને ઠંડક આપતું, લીલીછમ્મ ધરતીનું મનોહારી દ્રશ્ય છે. તમે કલ્પનાની પાંખે ઊડીને તેની નજીક ને નજીક જતા જાઓ છો. પ્રતિક્ષણ તે લીલો પટ્ટો મોટો ને મોટો થતો જાય છે. તમારું ક્ષિતિજ આ લીલી ઝાંયથી ઘેરાવા માંડે છે. હવે તમારી ચારે બાજુ આ લીલો રંગ છવાઈ જાય છે.  જેમ આ લીલાશ નજીક આવતી જાય છે; તેમ તમે નાના ને નાના થતા જાઓ છો. એ હરિયાળીની ઠંડકમાં તમને તમારા સંકોચાતા કદનો ખયાલ જ આવતો નથી. હવે તમે ચારે બાજુ આ હરિયાળીની વચ્ચે ઘેરાઈ ગયા છો. તમને હવે લીલા સિવાય બીજો કોઈ રંગ દેખાતો નથી. ઘાસનાં તણખલાં હવે વિશાળ નારિયેળીનાં પાન જેવાં લાગી રહ્યાં છે. તમે એક જંતુની જેમ તેની ઉપર બેસી તેની ઠંડકનો સ્પર્શ માણી રહ્યા છો. તમારું જગત હવે લીલુંછમ્મ બની ગયું છે. પરીકથામાં માણેલા મધુર વિશ્વની અંદર તમે મહાલી રહ્યા છો. ઈડનનો બગીચો તમારી ચારેપાસ હેલ્લારા મારી રહ્યો છે. આ લીલા સાગરના લીલ્લોળે હીલ્લોળે તમારા દિલમાંય અપરંપાર આનંદનો મહાસાગર ઘૂ ઘૂ કરતો ઘૂઘવી રહ્યો છે. તમે આ આનંદના સાગરમાં ડુબી જવા, તેની સાથે એકાકાર બની જવા, લાલાયિત બની ગયા છો. તમારા ઉત્સાહને પ્રતિધ્વનિત કરતો મંદ મંદ સમીર આ લીલા સાગરને હિંચોળી રહ્યો છે.

અને તમે એક ઠેકડો ભરીને એ લીલાંછમ્મ પાનની અંદર કૂદકો મારો છો. બાજુમાંથી એક વિશાળ નળીમાંથી પાનના કણકણને જીવન સિંચતા પાણીની નદી વહી રહી છે. લીલાં લીલાં અસંખ્ય કણ સૂર્યના કિરણોથી તપ્ત બની ફૂલી ને સંકોચાઈ રહ્યાં છે- શ્વસી રહ્યાં છે. હરેક શ્વાસે નળીમાંથી પાણી તેમની અંદર પ્રવેશે છે. અને હરેક ઉછ્વાસે તે કણે બનાવેલું મિષ્ટ પકવાન પાણીની સાથે પાછું જાય છે. તમે પાનના હરેક શ્વાસની સાથે તાદાત્મ્ય અનુભવી રહ્યા છો. જીવનનો એ ધડકતો, ફરકતો રાસ તમારા જીવનતાલની સાથે એક્તાલ બનવા માંડે છે.

અને આ આનંદનો તીવ્રતમ અનુભવ કરવા તમે હવે બીજો ઠેકડો મારીને એક કણની અંદર પ્રવેશો છો.

અને આ શું? અહીં તો કોઈ ઠંડક જ નથી, બધી શીતળતા વિદાય લઈ ચૂકી છે. ગરમ ગરમ ભઠ્ઠીની અંદર તમે શેકાઈ રહ્યા છો. અહીં તો બાળી નાંખે તેવા જલદ તેજાબ ધખધખી રહ્યા છે. તમારા સમગ્ર હોવાપણાને ગ્રસીને ઓહિયાં કરે તેવી પાનના એ કણની હોવાપણાની ચિરંતન ભૂખ તમારો કોળીયો કરવા આતુરતાથી તમારી તરફ ધસી રહી છે. એ તેજાબના સાગરની મધ્યમાંથી કોઈક અજાણ્યું જીવન પોતાના અસ્તિત્વ સિવાયના બીજા કોઈ ખયાલ સિવાય, તમારા પ્રાણને ઝબ્બે કરવા આદેશો આપી રહ્યું છે.

તમે એકદમ ગભરાઈને પારોઠનાં પગલાં ભરવા માંડો છો. પણ તમે હવે સાવ અસહાય છો. નાના બનવાની આ પ્રક્રિયા અપરિવર્તનશીલ છે. તમે હવે પાછા તમારા અસલી રૂપમાં નથી આવી શકતા. તમે  કેદમાંથી ભાગવાનો મરણિયો પ્રયત્ન કરો છો. પણ બહારથી કુમળી અને હરિત લાગતી એ કણની ક્રૂર દિવાલ હવે પોલાદ જેવી બની ગઈ છે. તમે આ કેદમાં થોડીક જ સેકંડો દુર રહેલા તમારા અંતની નજીક ને નજીક ખસી રહ્યા છો અને એ કાળઝાળ તેજાબ તમને ઘેરી વળે છે. એક જ ક્ષણ અને તમે પણ એ ક્લોરોફિલ બની જવાના છો.

………

અને તમે પસીને રેબઝેબ, આ દીવાસ્વપ્નમાંથી સફાળા ઝબકીને જાગી જાઓ છો. સામે દુર એ જ હરિયાળી ફરી પાછી વિલસી રહી છે.

જીવનનું સૌદર્ય શું અને જીવનની ક્રૂરતા શું, એ બધાં સત્યો તમને હવે સાવ નગ્ન રીતે સમજાઈ ગયાં છે. સત્ય બહુ જ કડવું હોય છે; સત્ય બહુ જ અસહ્ય હોય છે; સત્ય બહુ જ કઠોર હોય છે – એ સત્ય સમજી તમારા સત્યશોધનના ધખારા પર પૂર્ણ વિરામ મુકવું કે કેમ, તેવું તમે વિચારતા થઈ જાઓ છો.

અને …. આ મામલામાં વધુ ઊંડા ઉતરવા કરતાં ‘ આજની ઘડી રળિયામણી’ ના તમને મળેલાં મહામૂલ્ય રત્ન જેવાં જીવનસૂત્ર અને જીવનશૈલીમાં તમારો વિશ્વાસ હવે દ્રઢ બની ગયો છે.

અનુક્રમણિકા

# ૨૨ – ઘાસ પરનું ઝાકળ

તે દિવસે સવારે મારી દીકરીના દીકરાને સ્કુલ-બસમાં બેસાડીને પાછો ઘરમાં આવતો હતો, ત્યારે આગળની લોનમાં, ઘાસ ઉપર ચળકી રહેલા, ઝાકળબિંદુઓ પર ધ્યાન ગયું. સૂર્ય મારી સામે હતો. અનેક બિંદુઓ રૂપેરી રૂઆબમાં ઝગમગી રહ્યાં હતાં.

જરા પૂંઠ ફેરવીને પાછળની લોન તરફ નજર કરી. બહુ જ ઓછા બિંદુઓ દેખાતા હતા, પણ એક બેમાંથી લાલ રંગનાં કિરણો નીકળતાં હતાં. માથું થોડું આડું અવળું કરતાં, તે બિંદુઓના રંગ બદલાતા જણાયા.

પરાવર્તન અને વક્રીભવનના નિયમોથી કદાચ આ ઘટના સમજાવી શકાતી હશે પણ ….

જ્યારે સૂર્ય સામે હતો, આંખને નડતો હતો, ત્યારે ઘણા બધા ઝાકળ-રત્નો હાજર થઇ જતા હતા, અને બધાંય સૂર્યપ્રકાશને આખેઆખો રજુ કરતા હતા.

અનુકુળતાવાળી, સૂર્ય ન દઝાડે તેવી પરિસ્થિતિમાં સૂર્યનો બહુ નાનો ખજાનો જ પ્રાપ્ય હતો, અને તે ય તેના કિરણોના એક બે અંશ જ રજુ કરતો હતો.

જ્યારે જીવનમાં મુશ્કેલીનો સમય હોય ત્યારે બધા રંગો એટલે જ દેખાઈ જતા હશે? !



# ૨૩ – ચા તૈયાર છે

## ૨૦૦૯

ચા તૈયાર છે. ટેબલ પર તાજી, ખુશબોદાર ચાથી ભરેલા, પ્લાસ્ટિકનાં ઢાંકણથી ઢંકાયેલા ત્રણ પ્યાલા પડ્યા છે. ચા તો નજરેય પડતી નથી. ચા જેમાં બનાવી હતી, તે વાસણ, ગળણી, સાંડસી, ચમચી વિ. રસોડાના સિન્કમાં ઉટકાવાની રાહ જોઈને પડેલાં છે. ગેસનો સ્ટવ કામ પતાવી, ઠંડો પડી રહ્યો છે. ચા-ખાંડના ડબા એમના યથાસ્થાને ગોઠવાઈને પડ્યા છે. વોલમાર્ટમાંથી લાવેલો, એક ગેલનનો, ૨% ફેટવાળા દૂધનો કેરબો ફ્રીજમાં એના સ્થાને, થોડો ખાલી થઈને, પાછો ગોઠવાઈ ગયો છે. કાચની ડીશમાં બ્રેડના ટોસ્ટ શેકાઈને તૈયાર પડ્યા છે. બાજુમાં માખણના સ્પ્રેડનો ડબો અને માખણ ચોપડવાની છરી પણ હાજર જ છે. રસોડાની ઓલી'પા લીવીંગ રુમના ટેબલ પર, મારું વહાલું નોટબુક કોમ્પ્યુટર મને લોગ ઈન કરવા આમંત્રી રહ્યું છે.  બધું સમેસૂતર જણાય છે. માત્ર ચા પીનારા આવે એની રાહ જોવાઈ રહી છે. મારી પત્ની આરામથી સુઈ રહી છે. દીકરી અને જમાઈ નોકરીએ જવા માટે તૈયારી કરી રહ્યાં છે. બાળકો એમના અલગ અલગ રુમમાં વેકેશની નિંદર માણી રહ્યાં છે.

પણ બે જ મિનિટ  પહેલાં? બધું રમણ-ભમણ હતું. તપેલીમાં ચા ખદબદી રહી હતી. ઊભરો આવવાની રાહ જોવાઈ રહી હતી. તપેલીને સ્ટવ પરથી ઉતારી, ચા ગળવા, સાંડસી અને ગળણી હાથમાં તૈયાર રાખેલાં હતાં. ચા-ખાંડના ડબા, દુધનો કેરબો, આદુ ભરવાની રકાબી, આદુ છીણવાની છીણી, ચાના ખાલી પ્યાલા- રકાબી એ બધાંથી રસોડાંનું કુકીંગ પ્લેટફોર્મ ( ગુજરાતી પર્યાય?) ભરચક ભરેલું હતું. ડાઈનીંગ ટેબલની બાજુમાં ગરમ લ્હાય જેવા ટોસ્ટરમાં પાંઉ શેકાઈ રહ્યા હતા. રસોડું આ બધી ચહલપહલથી ધમધમતું હતું.

એના કલાકે'ક પહેલાં? રસોડામાં સ્મશાન શાંતિ છવાયેલી હતી. આ બધી ચીજો એમના યોગ્ય સ્થાને સોડ વાળીને સુતી હતી. અરે! ચામાં નાંખેલાં ફુદીનાનાં પાન પણ બેક યાર્ડમાં સ્વપ્રયત્ને વાવેલા છોડની ડાળે, સવારના મંદ પવનમાં ઝૂલી રહ્યાં હતાં. એ નાનકડું જગત સાવ સ્થિર અને સુષુપ્ત અવસ્થામાં, ગુપચુપ ઘોરતું હતું. ચા બનાવનાર અને પીનાર સૌ પણ ટુંટીયું વાળીને સુતેલાં હતાં.

અને હું આમ ને આમ સમયમાં, પાછો ને પાછો… પાછો ને પાછો… પાછો ને પાછો… સરતો જાઉં છું.

## ૧૯૭૯

ત્રીસ વરસ પહેલાંની સવાર… અહીંથી હજારો માઈલ દૂર, દેશમાં કમ્પનીએ આપેલા, બગીચા અને કિચન ગાર્ડનથી ઘેરાયેલા, વૈભવશાળી બંગલાના ડાઈનીંગ રુમના ટેબલ પર, નાહી ધોઈને તૈયાર થઈ, હું ચા બની ગયાની આલબેલ સાંભળવા આતૂર, ગુજરાતી છાપાંની ઉપરછલ્લી મુલાકાત લઈ રહ્યો છું. મારી પત્ની ભમભમાટ અવાજ કરતા, પ્રાયમસ સ્ટવની પાસે, ચા બનાવવાની સવારી ફરજ નિભાવી રહી છે. ચોવીસ કલાક મદદ કરતી કામવાળી બાઈ રસોડામાં શાક સમારી રહી છે. કલાક પહેલાં જ નજીકના ગામડેથી એક સાઈકલ-સવાર ૧૦ થીય વધારે ફેટવાળું, શેઢકડું, તાજું દોહેલું દૂધ આપી ગયો હતો; અને કામવાળી બાઈએ અમારા જાગતાં પહેલાં તે લઈ રાખ્યું હતું. તે દૂધ ઉકાળ્યા બાદ, ઠંડું થઈને ફ્રીજમાં મુકાઈ જવાની રાહ જોઈ રહ્યું છે. ગઈકાલના દૂધ પર તરતી, રોટલા જેવી મલાઈ નિતારીને કાઢેલું સેપરેટ(!) દૂધ ચામાં પધરાવાઈ ગયું છે! દસ દિવસમાં ભેગી થયેલી એ મલાઈનું ઘી બનાવવાની સૂચના મારી પત્ની કામવાળી બાઈને આપી રહી છે. કામવાળી બાઈએ ખાંડી આપેલા ચાના મસાલાની ડબી ચા–ખાંડના ડબાની બાજુમાં ચમકી રહી છે. ડાઈનીંગ ટેબલ પર હમણાં જ બનાવેલા ગરમાગરમ બટાકાપૌઆં પણ તૈયાર છે.

અનુક્રમણિકા

હાલ ચાલીસ માઈલ દૂર ગાડી ચલાવી, નોકરી માટે જતી, દીકરી માત્ર નવ જ વરસની છે; અને ઘરની પાછળ જ આવેલી, પાવર હાઉસની શાળામાં જવા માટે, હજુ ઘણે મોડેથી ઊઠવાની છે. એ એની પરીકથાઓના ખ્વાબોમાં મશગુલ છે. ચાર વરસના, બે જોડીયા દીકરા એમના રુમમાં, આયાની સાથે આરામમાં પોઢી રહ્યા છે.

બાકી ચા તો એવી ને એવી જ બનવાની છે!

## ૧૯૪૯

પોળમાં આવેલા ત્રણ માળના મકાનના ભોંયતળીયે, પેટમાં પાંચમું બાળક લઈને ફરતી મારી બહેને ( અમારી બાને અમે બહેન કહેતા ) વહેલાં ઊઠીને, ધુમાડાના ગોટે ગોટથી બળતી આંખો સાથે કોલસાનો ચૂલો, માંડ માંડ પેટાવ્યો છે. રેલવે વાયરલેસ ઓફિસમાંથી રાતપાળી કરીને આવેલા બાપુજી છાપામાં ડોકું ઘાલી ચાની રાહ જોઈ રહ્યા છે. અમે ચાર ભાંડુ વચલા માળે, લાઈનમાં પાથરેલી પથારીઓમાં મીઠી નિંદર માણી રહ્યાં છીએ.

હમણાં જ બાજુની પોળમાં રહેતી રબારણ બાઈ, પિત્તળના બોઘરણામાં તાજું જ દોહીને કાઢેલું, પણ દિલ દઈને પાણી મેળવેલું (!) દૂધ આપી ગઈ છે. માપ-પ્યાલી કરતાં અડધી પ્યાલી વધારાની નાંખીને ઉપકારનો ભાર ચઢાવી, તે હમણાં જ વિદાય થઈ છે. અહીં કોઈ કુકીંગ પ્લેટફોર્મ નથી. ચા બનાવવાની બધી સામગ્રી બહેને ઉભા થઈને પાછલા રુમમાંથી લાવી, પોતાની ડાબી બાજુએ ગોઠવેલી છે. સામેની ભીંતના લાકડાના ટોડલા પર, મોંસુઝણું થતાં હમણાં જ બુઝાવેલું ફાનસ લટકી રહ્યું છે; જેના સહારે ગઈકાલે સાંજે પાટી પેન પર મેં એકડૉ અને બગડો ઘુંટ્યા હતા.

પણ એ ચા અમારે માટે નથી. પેટે પાટા બાંધીને, બેય ટંક છોકરાંવને દુધ જ પીવડાવવું, અને પીવડાવવું જ – એવો નિયમ બહેન, બાપુજીએ રાખેલો છે. થોડે દુર પિત્તળના, જાતે કલાઈ કરેલા ડબામાં ગઈકાલની વધેલી રોટલીમાંથી બનાવેલા ખાખરાનો નાસ્તો ગઈકાલ સાંજથી તૈયાર થઈને સંઘરી રાખેલો છે : અમ ચાર ભાંડુ માટે, દુધ સાથે ખાવા માટે.

ચા બની ગયા બાદ, ગેસનો સ્ટવ કે પ્રાયમસ ટાઢા પડી ગયા; તેમ કોલસાનો ચૂલો ટાઢો પડવાનો નથી. એને તો બધી રસોઈ બની જશે પછી જ આરામ મળવાનો છે.

બાકી અહીં પણ ચા તો એવી જ બનવાની છે.

ત્રણ ચા - એક માની બનાવેલી; એક પત્નીએ બનાવેલી; એક જાત મહેનતની. સાચું કહું? આજની ચા વધારે મીઠી લાગે છે! મારી બનાવેલી છે, માટે નહીં- આજની છે માટે!

હું ચાના પ્યાલા પર ઢાંકેલી પ્લાસ્ટિકની ડીશ બાજુએ મુકું છું. એની પર ચાની વરાળ ઠરીને બાઝેલાં પાણીનાં બિંદુઓમાં મને બહેનની આંખમાંથી સરતાં, ધુમાડો સહેવાના કારણે નીકળેલાં, અશ્રુઓ દેખાય છે.

# ૨૪ – ચાના કૂચા

રોજ ચા બનાવવાની પ્રક્રિયાનો અંત આવે એટલે, ઝટપટ કૂચા કચરાપેટીમાં નાંખી, આદૂ અને ઈલાયચીની સોડમથી મઘમઘતી,ખુશબોદાર, ચા પીવા મન લાલાયિત હોય, એટલે કૂચા કદી ધ્યાન પર ના આવે.   પણ, કોણ જાણે કેમ? બે દિ'થી એ કેડો જ નથી મુકતા.**ચાના કૂચા**

- **બધો રસ કસ બીજા માટે સમર્પિત કરી, જાત નિચોવી નાંખનાર, મૂર્ખ મનેખ જેવા કૂચા**
- **કચરાપેટી માટે જ લાયક**
- **સાવ નકામી ચીજનો પર્યાય વાચક શબ્દ**

પણ એનો ય એક જમાનો હતો! એ તો હરિયાળી અને ખુશનુમાથી છલકતી ટેકરીઓના ઢોળાવ પર પવનની લહેરીઓમાં લહેરાતા લીલાંછમ્મ પાન હતાં

**गुज़र गया वो ज़माना**

અને આજે એમની અવસ્થા આ છે**…**



એમનો જીવન ક્રમ**…**

- **પોષક ક્ષારોથી તરબતર, પર્વતીય ધરાનો રસકસ ચૂસી મહેંકતાં થયેલાં પાન**
- **સૂકાઈને પેકિંગમાં કેદ થયેલી ચાની પત્તી**
- **ઉકળતા પાણીમાં ખદબદવાની મહા સજા**
- **કચરાપેટીમાં વીતેલી તવારીખનાં રોદણાં રડતા કૂચા**

પણ,   કહે છે કે, ચાના કૂચા સુંદર ગુલાબના છોડનું માનીતું ખાતર બનાવે છે!  જે હોય તે**…** આપણું જીવન પણ આવું બને તો? સતત સેવાનો મઘમઘાટ. **ચાના કૂચા જેવું જીવન.**

# ૨૫ – ચા બનાવતાં

ચા બનાવવાનો સવારનો સમય એ મારે માટે સૌથી વધુ વ્યસ્ત સમય હોય છે. બધા ચા દૂધ પીને, નાસ્તો કરીને ઓફિસ, શાળાએ વિદાય થાય ; તે બાદ મારો ઈન્ટરનેટ પિરિયડ શરુ થાય! પણ સવારના એ વ્યસ્ત સમયમાં મને સૌથી વધારે અવલોકનો સ્ફૂર્યાં છે.

તે દિવસે ચા બનાવતાં રોજની જેમ, પાણીમાં આદુ છીણીને નાંખ્યું, ચાની ચમચીઓ માપ ભરીને નાંખી અને ગરમ સ્ટવ પર ચમચા વડે મિશ્રણને બરાબર હલાવ્યું. નજર એ મિશ્રણ પર કેન્દ્રિત થઈ. કાળાબખ દ્રાવણમાં બધાં કણો ચક્કર ચક્કર ઘૂમરી લઈ રહ્યાં હતાં. ધીમે ધીમે તેમનો વેગ ઓછો થયો અને છેવટે દ્રાવણ સાવ સ્થિર થઈ ગયું. બે ત્રણ વાર હલાવ્યું અને દરેક વખતે એ જ પ્રક્રિયા – ધીમી અને ધીમી થતી જતી ઘૂમરીઓ અને અંતે સ્થિરતા.

ઊકળવાનો સમય થયો અને આખુંય દ્રાવણ એક વિપ્લવમાં પરિવર્તિત થઈ ગયું. સ્ટવ પરથી તૈયાર ચાની તપેલી બાજુએ મુકી દીધી અને થોડીક વારમાં ઊભરોય શાંત પડી ગયો.

આનાથી ઊંધું – જો ગતિમાન ચીજને અટકાવનાર, ઘર્ષણ જેવું કોઈ બળ ન હોય; તો તે ચીજ સતત ગતિમાં જ રહ્યા કરે. તે કદી સ્થિર ન થઈ શકે. તેની ગતિ ધીમી પણ ન પડી શકે. જેમ કે, બરફ પર સ્કેટિંગ ; સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી, ગ્રહો, તારાઓ ; અણુના કેન્દ્રની આજુબાજુ ઘૂમતા ઈલેક્ટ્રોન વિ.

યંત્રશાસ્ત્રનો પહેલો નિયમ – ન્યુટનનો નિયમ, જડત્વનો નિયમ. અને મન વિચારે ચઢી ગયું.

કોઈ પણ ચીજને ગતિમાન રાખવા માટે ચાલક બળની જરુર પડે છે. એ બળ હાજર હોય ત્યાં સુધી જ ગતિ ચાલુ રહે છે. જેવું એ દૂર થયું કે, તરત જ ગતિ ધીમી પડી ગઈ. આ જ રીતે ગતિમાં આવેલ ચીજને અટકાવવા પણ તાકાત જરુરી છે.

કોઈ પરિવર્તન લાવવા માટે પણ તાકાત જોઈએ છે; પરિશ્રમ જોઈએ છે. સતત પરિવર્તન એ સૃષ્ટિનો અફર નિયમ છે. પરિવર્તન વિશે જેટલું વિચારીએ કે લખીએ તે ઓછું જ પડે. પણ  દરેક નાનામાં નાનું પરિવર્તન કોઈક બળ વિના આકાર લઈ શકતું નથી - એ પણ સૃષ્ટિનો અફર નિયમ છે. ખાલી વિચારો અને સંકલ્પ કર્યાથી પરિવર્તન શક્ય બનતું નથી. જમાના જૂની રુઢિઓ એમની જાતે ટૂટી શકતી નથી – એમને નષ્ટ કરવા અથાક પ્રયત્ન કરવા પડે છે.

અભિગમ બદલીએ તો આઝાદ બની શકાય છે, મુક્ત થઈ શકાય છે. પણ એ માટે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે; સતત તપશ્ચર્યા કરતા રહેવું પડે છે. મનોનિગ્રહ કરીએ તો, સ્થિતપ્રજ્ઞ બની શકાય છે. પણ મનને વશ કરવું કે નિર્વિકાર કરવું કેટલું કઠણ છે; સૌ જાણે છે એના ક્લાસ ભરવાથી કે કથા સાંભળવા માત્રથી સ્થિતપ્રજ્ઞ ન બની શકાય. એ માટે તપ કરવું પડે!

# ૨૬ – ઝાટકો

તે સ્કૂટર ચલાવવામાં મશગૂલ હતો. કદાચ તે જેટ વિમાનીના સ્વાંગમાં હતો. દુશ્મનને જેર કરવાની મહત્વની કામગીરી અદા કરવામાં, તેને કશું સૂઝે તેમ જ ક્યાં હતું? મોટા ભાગના ચારેક વર્ષના છોકરા હોય, તેવો તે તોફાની લાગતો હતો.

અને ત્યાં જ એનું સ્કૂટર જોરથી ભટકાયું – એની મોટી બહેન રસ્તાની પાળી પાસે મોં ચઢાવીને બેઠેલી હતી; તેના પગ સાથે. બહેન ચિત્કાર કરીને કરાંઝી ઊઠી. બન્નેની મા રસ્તાની બાજુના બાંકડા પર બેસી હતી; તે આ અકસ્માતના કારણે દોડી આવી. છોકરાને વઢી; અને છોકરીને શાંત કરવામાં પરોવાઈ.

સ્વાભાવિક રીતે જ, થોડે દૂરના બાંકડા પર બેઠેલા મારી નજર આ દૃષ્ય પર પડી. છોકરીને કેટલું બધું વાગ્યું હશે, તેની કલ્પના કરી, મનને દુ:ખ પહોંચ્યું. મદદ કરવા માટે હું તે બાઈ અને છોકરી પાસે પહોંચી ગયો અને કહ્યું," મારી કારમાં બેન્ડ એઈડ છે; તે લાવી દઉં?" પણ છોકરીને ઘા થયો ન હતો અને લોહી નીકળતું ન હતું.  બાઈએ મિતાક્ષરી ના પાડી.

હું પાછો આવીને મારા બાંકડા પર બેઠો. મારી બાજુમાં એક મેક્સિકન જેવો લાગતો માણસ બેઠેલો હતો. તેની પાસે તેનાં બાળકોને નાસ્તા પાણી કરાવવા માટે એક પાઉચ દેખાયું. મને થયું ," જો તેની પાસે પાણીની બોટલ હોય તો તે  છોકરીને પહોંચાડું; જેથી એને કળ વળે." મેં તેની પાસે એની પૃચ્છા કરી. સદભાગ્યે પાણીની અકબંધ બોટલ તેની પાસે હતી. તેણે સસ્મિત એ મને આપી. મેં તેનો આભાર માન્યો અને ફરીથી એ બાઈ પાસે પહોંચી એને છોકરીને કળ વળે તે માટે પાણી પીવડાવવા ધરી.

અને ઝાટકો લાગે તેવો જવાબ મળ્યો,

" મહેરબાની કરીને અમને અમારી રીતે જીવવા છોડી દો. "

થોડીક વાર તો આ ઝાટકો ન જીરવાય એવો લાગ્યો. પણ પછી મન મનાવ્યું,

' એ બાઈએ જીવનમાં કેટકેટલા આઘાતો જીરવ્યા હશે; જીરવતી હશે – જે થકી આટલી બધી કડવાશ?'



અનુક્રમણિકા

# ૨૭ – ત્રિવાયુ

## નાઈટ્રોજન

ઘનઘોર કાળાં વાદળ ઘેરાયેલાં હતાં. આભ જાણે હમણાં જ ટૂટી પડશે તેવો માહોલ સર્જાયો હતો. કાંઈક અવનવું આજે બનવાનું છે, તેવો ભયજનક ઓથાર વાતાવરણમાં ઝળુંબી રહ્યો હતો.

નાઈટ્રોજન મહાશય પાણીની થયેલી દુર્દશા જોઈ મુખમાં મલકાતા હતા. કેવું એ ક્ષુદ્ર ! સહેજ તાપ અડ્યો અને બાષ્પીભવન થઈ જાય. વાયરો તેને ક્યાંયથી ક્યાંય ખેંચી જાય. બિચારું પાણી! જો ને, પૃથ્વીના ચુંબકત્વની પણ તેની ઉપર અસર થઈ જાય અને સાથે કાળઝાળ વિજભાર વેંઢારવો પડે. ધૂળના રજકણ પણ તેને ચોંટીને મલીન બનાવી દે. બીજા વાયુઓ ય પાણીમાં ભાડવાત તરીકે રહી જાય. શું વસવાયાં જેવી પાણીની જિંદગી?

વાતાવરણમાં નાઈટ્રોજનની તો બહુમતિ હતી. બીજા બધા તો દસ પંદર ટકામાં! કોઈ તેમને અવિચળ કરી શકે તેમ ન હતું. એ તો બધાથી અળગા અને અતડા રહેતા. કોઈ વિજભાર તેમની નજીક ફરકી શકે તેમ ન હતું. કોઈની પણ સાથે તેમના જેવા ઉચ્ચ ખાનદાનવાળાથી કાંઈ ભળાય? 'અમે તો જો આ કોલર ઊંચા રાખીને ફરીએ!' નાઈટ્રોજન મહાશય આમ પોતાની મગરૂરીમાં મહાલી રહ્યા હતા.

ત્યાં જ કાન ફાડી નાંખે તેવો કડાકો અને ભડાકો થયો. બે વાદળાં ટકરાઈ ગયાં હતાં અને વિદ્યુતનો પ્રચંડ કડાકો ક્ષણાર્ધમાં પ્રગટી ગયો હતો. પાણીની બધી નિર્માલ્યતાઓમાંથી તડિતની તાતી તલવાર વિંઝાઈ ચુકી હતી. ઘડીના છઠ્ઠા ભાગમાં એની પાતળી રેખામાં સપડાયેલા બધા વાયુઓ લાખો અંશ આગમાં શેકાવા માંડ્યા હતા.

નાઈટ્રોજન મહાશયે પણ આ બળબળતા અગ્નિ સામે ઝૂકી જવું પડ્યું. ઓરમાયા ઓક્સિજન સાથે ભળી જવું પડ્યું. અને એ જ ક્ષુદ્ર પાણીનાં ટીપાંઓમાં ઓગળી જવું પડ્યું. બળબળતા નાઈટ્રિક એસિડનો હવે તે એક અંશ માત્ર બની ગયા હતા.

ઉત્તુંગ ગગનમાંથી તે તો સીધા ભોંય પર પટકાયા. ચુના અને માટી જેવા બીજા ક્ષુદ્ર જીવો સાથે સંયોજાયા. બેક્ટેરિયા, અમિબા, લીલ, શેવાળ, કદરૂપા જીવજંતુના કોશે કોશમાં બિચારા ભરાઈ ગયા; અને એક જીવમાંથી બીજા જીવમાં ભક્ષાતા રહ્યા. નાઈટ્રોજન મહાશયની આ દુર્ગતિનો કોઈ અંત ન હતો. એક પ્રોટીનમાંથી બીજા પ્રોટીનમાં બદલાતા રહેવાનું. એક જીવમાંથી બીજા જીવમાં. કોઈ છુટકારો જ નહીં. અનંત જેલ. બધી ગગનયાત્રાઓ ભૂતકાળની ઘટના બની ચૂકી હતી. હવે તે કદી પાછી આવવાની ન હતી.

આ જ તો હવે તેનું જીવન બની ગયું હતું. પહેલાં તો અક્કડ બનીને ઊડતા હતા. પણ જે ક્ષુદ્ર જીવોનો પહેલાં તિરસ્કાર કરતાં હતા, તેમનો જ તે આધાર બની બેઠા હતા. જે જીવન(પાણી)ની હાંસી ઉડાવતા હતા તે જ જીવનનું પાયાનું તત્ત્વ બનવાનું મહાત્મ્ય તેમને સાંપડ્યું હતું. મોક્ષની દશામાંથી હવે તે અનેકાનેક જન્મોની ભરમાળમાં ફસાયા હતા.

હવે નાઈટ્રોજનને મોક્ષની કોઈ ખેવના રહી ન હતી. હવે જ તો નાઈટ્રોજનનું જીવન સાર્થક બન્યું હતું.

## હાઈડ્રોજન

લાખો અંશ ઉષ્ણતામાનવાળો, સૂર્યમાંથી છુટો પડેલો ગોળો ધીરે ધીરે ઠંડો પડી રહ્યો હતો. ઉજ્વળ સફેદમાંથી પીળો, પછી નારંગી, પછી તપ્ત લાલ અને હવે એ ધીમે ધીમે આછા રતુમડા રંગનો ગોળો બની ગયો હતો. બધા ભારે પદાર્થો ધીમે ધીમે તેના મધ્યભાગમાં ઉતરી ગયા હતા. તેના બહારના ભાગમાં માત્ર વાયુઓ જ રહ્યા હતા. નાઈટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ, હિલિયમ, હાઈડ્રોજન અને બીજા ઘણા બધા વાયરાઓ હેઠા બેસવાનું નામ જ ન લેતા હતા. વાયરા જેનું નામ! બીજા બધા તરવરિયા વાયરા - ક્લોરિન, ફ્લોરિન વિ. તો ક્યારના ય મસ મોટી વજનવાળી ધાતુઓ સાથે ઘર માંડીને બેસી ગયા હતા! ઓક્સિજનભાઈ પણ આમ તો આવા જ તરવરિયા હતા. તેમણે ય ઘણા સાથે સહચાર કરી લીધો હતો. પણ તેમની વસ્તી ઝાઝી એટલે હજુ વાતાવરણ જોડે ય પોતાનો સંબંધ થોડો ઘણો જાળવી રાખ્યો હતો.

આ હંધાય વાયરાઓમાં સૌથી નાના બચોળિયા જેવો હાઈડ્રોજન હતો, પણ એનું ઠેકાણું કોઈની ય જોડે પડતું ન હતું. આવા હલકા ફૂલ જેવાની હારે કોણ ઘર માંડે? બચાડો આ નાનકડો જીવ હિજરાતો રહ્યો. ખૂણે બેસીને આંસુડાં સારતો રહ્યો. એવામાં પ્રાણથી ભરેલા ઓક્સિજનને થોડી દયા આવી. એમાંના થોડાક આ નાનકાની પાસે ગયા. અને બાપુ! જો પ્રીતડી બંધાણી છે. જેવી ગરમી ઓછી થઈ કે તરત ફટાફટ આમની જોડીઓ બંધાવા લાગી. હાઈડ્રોજન અને ઓક્સિજનની જોડી બની અને પાણીમાં ફેરવાઈ ગઈ. અને લો! બધી ગરમી શોષાવા લાગી. પેલો ગોળો થવા માંડ્યો ઠંડોગાર. પ્રેમમાંથી પ્રગટેલા પાણીનો આ તે કેવો નવીનતમ સ્વભાવ કે જ્યાં જાય ત્યાં સૌની ગરમી શોષી લે, અને ઠંડક જ ઠંડક ફેલાવે.

અને બાપુ, એ ગરમાગરમ ધરતીના ગોળા પર પહેલવહેલો વરસાદ ટૂટી પડ્યો. મૂશળધાર કે સાંબેલાધાર શબ્દ તો એને માટે ઓછો પડે. આ બેઉની જોડીઓએ તો વરસવા જ માંડ્યું. વરસ્યા વરસ્યા તે એટલું વરસ્યાં, કે ન ગણાય એટલાં વરહ વરસ્યાં. ધરતીમાતા હાથ જોડીને વિનવે, ‘બાપુ! હવે ખમૈયા કરો.’ પણ આ નાનકો તો જબરો લોંઠકો નીકળ્યો. પેલી બધી ય ભારેખમ ધાતુઓના બધાં જ ઘર ડુબડુબાં! આખી ધરતી ડુબાણી, એટલી આ નાનકાની જોડીઓ બંધાણી. લાલચોળ ધરતી હવે પાણીની નીલા રંગની ચાદર ઓઢી, ઠંડીગાર બનીને મલપતી રહી. અવકાશમાં મોટો મસ ભૂરા રંગનો જાણે લખોટો.

દશે દિશાયું પાણીના આ તાંડવથી નહાતી રહી. નાનો નાનો પણ હાઈડ્રોજનનો દાણો ! બધાંય વાયુનાં વાદળાં વિખેરાયાં અને સૂરજદાદા પોતાના આ બચોળિયાના નવા નવલા, નીલવર્ણા રૂપને ભાળી હરખાણા. એમના હરખનો તાપ જેવો પાણીને અડક્યો; તીં એ તો ચંચળ જીવ - પાછો પોતાના પિયર, ગગન તરફ હેંડવા માંડ્યો. પાછાં વાદળ બંધાણાં, ને વાયરે ખેંચાણા, ને પહાડ પર ભટકાણા, ને બન્ને ધ્રુવ પર વિંઝાણા.

અને લે કર વાત! કદી ય નો’તું બન્યું એવું બન્યું. મારો વ્હાલો, ઠંડોગાર પાણીડો ઝગમગવા લાગ્યો. ઈનાં નાનાં નાનાં ફોરાં ઠરીને રૂપાળાં ધોળાં ફૂલ બની ગ્યાં. જાતજાતનાં ફૂલડાં. ઝરતાં જ જાય ને ઠરતાં જ જાય. ને ઈ ફૂલડાં બન્ને ધ્રુવ પર જે વરસ્યાં, જે વરસ્યાં તે ધરતીમાને બન્ને કોર ધોળીબખ્ખ ટોપિયું ઓઢાડી દીધી. અને ઈ ટોપિયું કાંઈ નાની અમથી નહીં હોં! જોજનોના જોજન ફેલાયેલી મોટી મસ અને આભને અડે એવડી ઊંચી જ તો.

અને નીલા સાગરના નીર ઓસર્યાં. થોડી થોડી ધરતી ખુલ્લી થઈ. અને લો! પાણીનું નવું જીવન શરૂ થયું. સૂરજ તાપે તપી આભે ચડવાનું; ધરતી પર ઠંડા પડી વરસવાનું; અને સૂરજ તાપે તપેલી ધરતીને ભિંજવતા, શાતા આપતા રહેવાનું. પાણી જેનું નામ. એ તો વહેતું જ રહે. ધરતીનો બધો કચરો પોતાનામાં ભેળવી પાછા એ તો પોતાના સ્વસ્થાન ભણી વહેતાં જ રહ્યાં. રસ્તામાં તેમની જાતરાની નદિયું ને નદિયું વહેવા લાગી. ક્યાંક ધરતીના ખાડાઓમાં ય પાણી ભેરવાણાં અને મસ મોટાં, નાના નીલ સાગર જેવાં સરોવરો ય સરજાણાં. નદિયુંનાં બધાં નીર પાછા સાગરમાં સમાઈ ગયાં. અને બસ આ જ ચક્કર. દિન રાત ધરતીને પખાળતા રહેવાનું. તેની લાખો વરસથી તપી તપીને ભેગી થયેલી પ્યાસને બુઝાવતા રહેવાનું. અને ફરી પાછા સાગરમાં સમાઈ જવાનું.

અને લો! ધીમે ધીમે સાગર તો ખારો થવા માંડ્યો. ધરતીમાંથી લાવેલા અને વીજળીની ચાબૂકે સર્જાયેલા જાતજાતના પદાર્થો એમાં સમ્મેલનો ભરવા લાગ્યા, સંયોજાવા લાગ્યા! અને કો’ક પળે આ બધાયથી અળગા રહેતા ચૈત્ય તત્ત્વને ય મન થઈ ગયું – આમની સાથે દોસ્તી કરવાનું. ચપટિક ખારની ચીકાશ, અને આ નવા આગંતુક. અને માળું કૌતુક તો જુઓ! એ જીવ તો હાલવા ચાલવા મંડ્યો; મોટો થવા માંડ્યો. એટલો મોટો થયો, એટલો મોટો થયો કે, પોતાની મોટાઈ ન જીરવાણી અને એકમાંથી બે અને બેમાંથી ચાર, અને આઠ અને એમ એ તો વધવા જ માંડ્યા. પાણીના ઘરમાં નવા ભાડવાત આવી પૂગ્યા. પાણી જેનું નામ. આમને ય વ્હાલ જ વ્હાલ. આ નવા મહેમાનને પાણી તો જાતજાતના પકવાન જમાડે. એ તો બાપુ! વકર્યા. અવનવાં રૂપ ધારણ કરવા માંડ્યા. અને પાણીના ઘરમાં અવનવી સજીવ સૃષ્ટિ સરજાવા લાગી.

અને બાપુ, આમ પાણીનું જીવન, નવા અને નવા જીવોને પોશતું રહ્યું, પાળતું રહ્યું. માટે તો તે પોતે જીવન કહેવાયું! અને એનો બાપ કોણ? હાઈડ્રોજન જ ને?

# ઓક્સિજન

ઓક્સિજન, આમ તો તું બહુમતિ ધરાવતો જણ નથી. એ બહુમાનના અધિકારી તો નાઈટ્રોજન મહાશય છે. એમનો વ્યાપ વાતાવરણના ૭૮% જેટલો ફેલાયેલો; એમના વજનની કની જ તો! પણ એમનો કોઈને સીધો ખપ ન પડે. એ તો ભારેખમ જણ.

પણ તારા વિના તો કોઈને ક્ષણ ભર પણ ના ચાલે. નજરે ન દેખાય તેવા બેક્ટેિરયાથી માંડીને મદમસ્ત પહાડ જેવા હાથી અને ગંદી ગોબરી શેવાળથી માંડીને એની ઉપર મલપતા અમે મ્હાલતાં કમળનાં ફૂલ કે એ જળાશયને કાંઠે આસમાનને આંબતા નાળિયેરીના મહાકાય પાન - સૌને તારી પનાહ લેવી જ પડે. એટલે જ તો ભલે ને, તારું વિલાયતી નામ ભલે ને ઓક્સિજન હોય; અમે તો તને પ્રાણવાયુ જ કહેવાના!

અને ઘરની રસોઈ પકાવવાના ચૂલા પણ તારા વિના તો ઠંડા જ પડી જાય. કોઈક ગર્વ લઈને ઈલેક્ટ્રિક સ્ટવ વાપરતા હોય; તો પણ શું? એમનો વીજ પૂરવઠો પૂરો પાડનાર પાવર સ્ટેશનનાં બોઈલરો પણ તારા વિના શેં ભખભખ કરવાના? અને કારો, સ્ટીમરો, પ્લેનો, ટ્રેનોમાં મ્હાલવાના ધખારા પણ તારા વિના ઠંડાગાર જ ને?

વીજળીનો ચાબખો વાગે અને ઓલ્યા ભારેખમ જનાબ નાઈટ્રોજનને પણ તારી હારે જોડાવું જ પડે. અને પછી તો એ ભાઈ વાઈરસ, બેક્ટેિરયા, અને બધા જીવ માત્રની સેવામાં લાગી પડે - બધું માન બાજુએ મેલીને!

બધા જીવતરની પાયાની ઈંટ જેવા કાર્બનલાલા પણ તારા વિના તો ગ્રેફાઈટની ખાણમાં જ સડતા રહેવાના ને? ભાઈલા! તું તો ખરો બળૂકો નીકળ્યો હોં!

પણ એમ બહુ અભિમાનમાં ના રાચીએ હોં. લીલીછમ વનરાઈ ના હોત ને; તો તારો વસ્તાર ક્યાંથી એમનો એમ રહેવાનો? એ તો શેરને માથે સવાશેર હોય, હોય ને હોય જ! એમને તારા વિના ના હાલે અને તારે એમના વિના નો હાલે!

હેં ભાઈલા? મને એક વાત ખાનગીમાં કહી દે ને – ઓલ્યો હજાર હાથવાળો, આખી દુનિયા ચલાવનારો અને બધી માતાઓ અને યમરાજા - એ બધાંને તારા વિના ચાલે છે ખરું કે, એમને ય તું સપાટામાં લઈ નાંખ છ?! એ કાઠિયાવાડી બાપુના હુક્કા પણ તારા વિના ગુડ ગુડ ક્યાંથી કરવાના?

લે! તારી આટલી બધી ખુશામત કરી; હવે થોડોક પોરો ખાઈ લઉં; અને બે ચાર ઊંડા શ્વાસ લઈ લઉં.

પણ આ શું? એ શ્વાસ/ ઉચ્છ્વાસની સાથે જ આ શેનો નાદ ચાલુ થઈ ગયો?

**सोऽहम्……. सोऽहम्……. सोऽहम्……. सोऽहम्…….**

રોમે રોમમાં આ શેની ઝણઝણાટી? શરીરનો એકે એક કોશ રૂમઝુમ નાચતો શીદ ભાળું? હા! હવે ગેડ બેસી. તારો વાયરો બધે ય ફરી વળ્યો. કોશે કોશને તેં તો ભઈલા નવપલ્લવિત કરી દીધો. મારો હજાર હાથવાળો બેલી તો ભાઈલા તું જ. તું જ આ ઘડીનો મારો પરમેશ્વર.

# ૨૮ – ટ્રાફિક સિગ્નલ

ટ્રાફિક સિગ્નલના ત્રણ રંગ- લાલ, પીળો અને લીલો. લાલ રંગ થોભવા માટે; લીલો ચાલતા થવા માટે; અને પીળો ચાલતા હો, તો ધીમા પડવા માટે. લાલ અને લીલો તો સમજી શકાય. જવું કે ન જવું – બે વિકલ્પ. પણ પીળો પણ રાખ્યો છે – ખાસ અલગ જરૂરિયાત માટે. રસ્તા પર જેઓ પૂરપાટ ધસી રહ્યા છે – તેમને ખાસ, આગોતરી ચેતવણી માટે તે હોય છે. હવે થોડાક જ વખતમાં તેમનો રસ્તો બંધ થવાનો છે અને ડાબી/જમણી બાજુના રસ્તા વાહન વ્યવહાર માટે રસ્તો હવે ખૂલવાનો છે. માટે તે લેમ્પ થોડેક દૂરથી જ ધીમા પડવા સૂચના આપે છે. જો ક્રોસિંગની સાવ નજીક હો તો, બનતી ત્વરાથી એને ઓળંગી જવાનો છે- એમ પણ તે સમજાવી દે છે.

રસ્તાઓ ભેગા થતા હોય; ડાબે કે જમણે વળવાના કે સીધા જ ચાલુ રહેવાના અથવા પૂરેપૂરી પીછેહઠ કરવાના ( U-Turn) વિકલ્પો જ્યાં સર્જાતા હોય છે; તેવા ત્રિભેટા કે ચતુષ્ભેટા આગળ આવી ચેતવણીની જરૂર પડતી હોય છે. આવી જગ્યાઓએ અથડામણો ઊભી થવાની ઘટનાઓ વધારે સર્જાતી હોય છે.

આ વાત રસ્તાની તો છે જ; પણ જીવનને પણ તે બહુ લાગુ પડે છે. જીવનમાં જ્યારે રસ્તો બદલાના વિકલ્પો ઊભા થાય છે; અથવા અથડામણ કે પછડાટ ખાવા પડે તેવી શક્યતાઓ ઊભી થાય છે; ત્યારે આપણને કોઈ ચેતવણીની/ દિશાસૂચનની જરૂર પડે છે. સીધે સીધું જીવન વીતતું હોય; ત્યારે તો જીવનની ગાડી એક જ પાટા પર સડેડાટ ઝડપથી કે ધીમી ગતિએ પણ ચાલ્યા કરે છે – જેવી જેની શક્તિ. પણ આવા બદલાવના સંજોગો આવે તો – ડાબે વળવું કે જમણે અથવા સીધા આગળ ધસે રાખવું કે આમ જવામાં કશીક પાયાની ભૂલ થઈ હોય એમ લાગે તો, બહાદુરીથી પીછેહઠ કરવી કે કેમ – આવા બધા નિર્ણયો જીવનની એ નિર્ણયાત્મક અવસ્થામાં લેવા પડતા હોય છે. અને ત્યાં જ અલગ દિશાના, આડા પડનારા જીવો સાથે મૂઠભેડ થવાની શક્યતાઓ ઊભી થતી હોય છે.

અને ત્યાં જ પીળી લાઈટનું કામ પડે છે; ગતિ બદલવાની જરૂર પડવાની છે; એવી ચેતવણી જરૂરી બને છે. અથવા લાલ કે લીલી લાઈટની – હવે સમો આડા જનારાઓનો આવ્યો છે, કે હજુ આપણો ચાલુ છે – એની જાણ જરૂરી બને છે!

***પણ અરેરે! જીવનના પથ પર ક્યાં આવી બહુ જરૂરી સિગ્નલ લાઈટો મળતી હોય છે?***

કોઈ આપ્તજન, મિત્ર કે સંબંધી, હિતચિંતક કે પથદર્શક ગુરૂ આપણને આવી ચેતવણી આપે પણ ખરા. અને આપણે ન માનીએ અને પછડાઈએ – એમ પણ નથી બનતું? મોટા ભાગે એમ જ બનતું હોય નથી હોતું? જીવનના અસિધારા જેવા પથ પર તો **અંતરમાં ઉઘડેલા ટ્રાફિક સિગ્નલ** જરૂરી છે – નહીં વારૂ?

# ૨૯ – દુર્યોધન

સવારમાં છ વાગે ઊઠી ચાલવા જવું છે. એલાર્મ વાગે છે. એની ઘંટડી દબાવીને સૂઇ જાઉં છું. 'કાલે જરૂર ઊઠીશ.'

**એ કાલ કદી આવતી નથી.**

બ્લડ પ્રેશર હાઈ છે. ડોક્ટરે ચરબીવાળો અને ગળ્યો ખોરાક બંધ કરવાની તાકીદ કરી છે. ખાવાની થાળી આવે છે; અને લાલચ રોકી શકતો નથી. 'કાલે જરૂર રોકીશ.'

**એ કાલ કદી આવતી નથી.**

મિત્ર સાથે કારણ વગર ગુસ્સે થઈ ગયો હતો. વાંક મારો જ હતો. 'કાલે જરૂર એની માફી માંગીશ.'

**એ કાલ કદી આવતી નથી.**

ઓફિસમાં આજે કોન્ટ્રાક્ટર લાંચ આપી ગયો. લાંચ લેવી અનીતિ છે. 'હવે કદી એમ નહીં કરું.' પણ ..

**એવો દિવસ કદી આવતો નથી.**

રવિવારે ધર્મકથા સાંભળવા અચૂક જઉં છું. ગીતાનો ઉપદેશ બહુ સરસ છે, સીધો હૃદયમાં ઊતરી જાય તેવો છે. પણ ઘેર આવીને તે અચૂક ભુલી જાઉં છું.

**जानामि धर्मं न च मे प्रवृत्तिः**
**जानाम्यधर्मं न च मे निवृत्तिः।**

મારામાં દુર્યોધન સંતાઈને બેઠો છે. હું તેને બહુ સારી રીતે જાણું છું. હું એને હણી શકતો નથી. પણ કથાના અર્જુન જરૂર બનવું છે.

**એવો દિવસ કદી આવતો નથી.**



અનુક્રમણિકા

# ૩૦ – ધોળા વાળ

પાર્કમાં બાંકડે બેઠાં બેઠાં, આજુબાજુની ચહલપહલ નિહાળતાં, તે દિવસે ધોળા વાળ વાળી વ્યક્તિઓ પર ધ્યાન કેન્દ્રિત થયું. કોક ગોરા હતા, કોક કાળા, કોક ઘંઉ વર્ણા; કોક પીળી ચામડીના તો કોક સાવ સફેદ પૂણી જેવા. કોક ઊંચા, કોક નીચા, તો કોક મધ્યમ ઊંચાઈના. જાતજાતના અને ભાતભાતના લોકો પણ બધામાં એક વાત સામાન્ય – બધાંયના વાળ ધોળા, મારા જેવા!

જીવનની સંધ્યાની નિશાની. ઈનિંગ પતવામાં છે; એનો સંકેત. અને અંતિમ કાળે, બધું અંધારઘેરી નિશામાં અદ્રશ્ય બની જશે ત્યારે? એ સૌની રક્તવાહિનીઓમાં વહેતું લાલ શોણિત પણ ધૂળ ભેગું થઈ જશે અથવા આગની લપટોમાં સ્વાહા થઈ જશે. એમના બાંધાનું માળખું બનાવતા, સફેદ હાડકાંની પણ એ જ ગતિ હશે.

ધોળા વાળ, ધોળા હાડકાં, લાલ લોહી, બધામાં સામાન્ય. અમારી ભાષા જુદી, અમારી માન્યતાઓ જુદી, અમારા ગમા – અણગમા પણ સાવ જુદા. ચામડીના રંગનો તો બહુ જ મોટો પ્રભાવ. એનો રંગ જોઈને જ મનમાં પૂર્વગ્રહો જાગી ઊઠે. સૌ કોઈ આ વાત જાણે છે; અને છતાં ચામડીની એક મિલીમીટરથીય ઓછી ઊંડાઈએ આવેલાં થોડાંક રંગકણો વધારે છે કે, ઓછાં – એના કેટકેટલા ઝગડા, કેટકેટલા પૂર્વગ્રહો, કેટકેટલી આળપંપાળ અને કેટકેટલાં અભિમાન? વાળ ધોળા થાય તો પણ એની થોડેક નીચેની ગડીઓમાં એની એ જ કાળાશ. વાળ કાળામાંથી ધોળા થાય, પણ એ કાળાશમાં મીન મેખ ફરક ન પડે.

**ઘરડા થયા પણ વૃદ્ધ ન થયા.**



# ૩૧ – નાગ પકડનાર

ઝાડીમાંથી નાગ પકડનાર યુવાનનો એક વિડિયો જોવામાં આવ્યો અને એ જોતાંજ કોણ જાણે કેમ, ધ્યાન અંગે વિચાર મનમાં ઝબકી ગયો.

નાગ બરાબર ધ્યાનમાં છે. તે સતત ખોરાકની શોધ માટે અને કોઈ દુશ્મન આવી જાય તો તેને ઝબ્બે કરવાના ધ્યાનમાં છે. એકદમ સતર્ક છે. પણ એની પાસે સાંભળવાની શક્તિ નથી. એ નાગ પકડનાર યુવાનની ચહલપહલનો અવાજ સાંભળવા અશક્ત છે. એ માત્ર પોતાની સામે થઈ રહેલી હિલચાલ જ જોઈ શકે છે. પાછળ શું થઈ રહ્યું છે, તે જાણવા એની પાસે કોઈ શક્તિ નથી. અને એ પોતે જ ઝબ્બે થઈ જાય છે. એને પકડનાર યુવાન પણ એકદમ ધ્યાનસ્થ છે. સહેજ પણ બેધ્યાન થાય, તો નાગ તેને ડસી લે. ખાસ તો જ્યારે તેનો હાથ નાગની ડોકની સાવ નજીક પહોંચી ગયો હોય ત્યારે.પણ તેનું ધ્યાન નાગના ધ્યાન કરતાં વધારે ઊંડું છે. એની પાસે શ્રવણ શક્તિ અને મનની વિચાર શક્તિ છે.

પણ, જ્યારે તે ઘેર પાછો જશે, ત્યારે એનું ધ્યાન પોતાની રોજબરોજની સમસ્યાઓમાં ઘેરાઈ જશે. એ બધાને ઝબ્બે કરવામાં તે નાકામિયાબ નીવડશે. હવે એનું ધ્યાન ભંગ થઈ જશે! તે સાવ નાની નાની સમસ્યાઓમાં ઘેરાઈ જશે. કાળોતરા નાગને નાથવાની ક્ષમતા વાળો એ જણ સાવ ક્ષુલ્લક બાબતો આગળ લાચાર બની જશે. સાવ ડરપોક વેપારી એને ઉલ્લુ બનાવી જશે!

આ માત્ર તે યુવાનની જ વાત નથી. મારી, તમારી, સૌની આ વ્યથા કથા છે. આપણી ધ્યાન રાખવાની પ્રક્રિયા બહુ સીમિત હોય છે. આપણને મનગમતી વાતોમાં આપણે જરૂર ધ્યાન આપતા હોઈએ છીએ –

'ધ્યાન' એ કોઈ ક્રિયા નથી – અવસ્થા છે. આપણે સૌ એ ઘણી સારી રીતે કરી જ શકતા હોઈએ છીએ. હકિકત તો એ છે કે, બરાબર ધ્યાન વિના આપણે કોઈ કામ બરાબર નથી કરી શકતા. પણ આપણું ધ્યાન અમુક જ બાબતમાં અટવાયેલું રહેતું હોય છે. આપણે પણ આપણને મનગમતા આવા સાપ પકડવામાં મશગૂલ હોઈએ છીએ!

પણ સતત વર્તમાનમાં જીવવાની કળાથી આપણે બહુ જ વેગળા રહેતા હોઈએ છીએ. અને આથી જ કાળોતરા નાગને પકડી શકનાર એ યુવાનની કની આપણે સાવ નિર્માલ્ય ચીજોમાં અટવાતા રહીએ છીએ. અનેક શક્યતાઓમાં માહેર થવાની આપણી જન્મજાત શક્તિઓ કુંઠિત જ રહી જાય છે!

નાનકડું બાળક સદા વર્તમાનમાં જીવતું હોય છે. અને એટલે જ તો એ બે વર્ષનું થતાં થતાં જીવન જરૂરી મોટા ભાગની પાયાની કેળવણી પોતાની જાતે જ મેળવી લેતું હોય છે. આપણે બધાં એ કાબેલિયત લઈને જ જન્મ્યા હોઈએ છીએ. પણ 'સતત ધ્યાન'ની એ કાબેલિયત આપણે ગુમાવી દીધી છે, હવે આપણે કુવામાંના દેડકા બની ગયા છીએ.

**કાળોતરા નાગ જેવા કાળ વડે ભક્ષણ થઈ જઈએ એટલા બધા બેધ્યાન.**

# ૩૨ – નિશાળમાં

મારી દીકરીના દીકરાને શાળામાંથી બપોરે ઘેર પાછો લાવવાનો સમય છે. આમ તો હું બરાબર સમયે જ જાઉં છું. પણ તે દિવસે બહાર ગયો હતો અને થોડો વહેલો પરત આવ્યો હતો. ઘેર જાઉં તો તરત દસ જ મિનિટમાં નીકળી જવું પડે. એટલે વહેલો નિશાળે પહોંચી ગયો. બધું સૂમસામ લાગતું હતું. એકાદ બે કાર મારા જેવા કોઈ વહેલા પક્ષી આવી ગયાની ચાડી ખાતી હતી! પણ શાળાની અંદર તો બાળકો અને શિક્ષકોની વણજાર ધમધમતી હશે. એના કોઈ અણસાર બહાર જણાતા ન હતા. હું શાળાના મુખ્ય દ્વાર પાસે આવેલા બાંકડા પર બેઠો.

થોડીવારે એક પીળી સ્કુલ બસ ધમધમાટ કરતી આવી પહોંચી. થોડી વારે ડે કેર વાળાની એક બસ પણ આવી ગઈ. એક પછી આવી બસો અને મારા જેવા વાલીઓની કારો આવવા માંડી. શાળાનો પાર્કીંગ લોટ ભરાવા માંડ્યો. બસોના ડ્રાઈવરો અને વાલીઓ ભેગા થવા માંડ્યા. શાળાને સામાન પહોંચાડનાર એક જણ ઠેલણગાડીમાં (ટ્રોલી) સામાન ભરીને લઈ આવ્યો. બારણું ખોલીને મેં તેને અંદર જવા સગવડ કરી આપી. મારો આભાર માની તે શાળાની અંદર ગરકી ગયો.

થોડીવારે લાઉડસ્પીકર પરથી કાંઈક ગોટપીટ ગોટપીટ જાહેરાત થઈ. અને લ્યો! થોડી જ વારમાં નાનકડાં ભટુરીયાંઓની એક છુક છુક ગાડી આવી પહોંચી. એનું એન્જીન હતું – આગળ પીઠ રાખીને ચાલતી એક શિક્ષિકા! એની આમ અવળા ચાલવાની આવડત દાદ માંગી લે તેવી હતી. **જોકે, આમ અવળી ચાલની આદત અને કુશળતા તો ઘણાંને હોય જ છે ને !** નાનકડાં ભુલકાં એવાં તો વહાલસોયાં લાગતાં હતાં. એમની નાનકડી કાયા અને પીઠ પર ભરવેલો મસ મોટો બગલ થેલો એમને નાનકડા સૈનિક જેવો નિખાર આપતાં હતાં. બધાં લાઈનમાં એમના મમ્મી પપ્પા અને વાલીઓના આવવાની રાહ જોતાં બેઠાં. અને કલબલાટ શરુ.

એક પછી એક બાળગાડીઓ (!) આવતી ગઈ. બાળકોની ઉમ્મર પણ વધવા માંડી! ધોળી અને કાળી શિક્ષિકાઓ અને જાતજાતના રંગનાં અને રંગબેરંગી કપડાં પહેરલાં બાળકોનો એ સમુદાય શાળાનું શાળાપણું સાર્થક કરતો રહ્યો. રણમાં વીરડી જેવા ઘર ભેળા થઈ જવાની તલપ બધાંને લાગી હતી. શિક્ષિકાઓ કદાચ આખા દિવસની લમણાંઝીંકમાંથી મુક્તિ મેળવવાની આશા સેવી રહી હતી. કોઈક બાળકો શાળા સમયમાં સંઘરી રાખેલી અદાવતોનો હિસાબ ચૂકતે કરવા બાઝી રહ્યાં હતાં. એમની શિક્ષિકા એ ઝઘડા નિપટાવવાના પોલિસ કામમાં વ્યસ્ત હતી.

ત્યાં મારા દોહિત્રના વર્ગની ગાડી આવી ગઈ. ઊછળતો અને કૂદતો એ ફોર્થ ગ્રેડર મારાથી આગળ, અમારી કાર તરફ ભાગ્યો. હું ડોસા સ્ટાઈલે ડગમગતા પગલે તેને અનુસર્યો. અમે કારમાં વિરાજમાન થયા. રસ્તા પર પહોંચતાં થોભી જવું પડ્યું. પગે ચાલીને ઘેર પહોંચતાં સૌને રસ્તો ઓળંગવાની સુવિધા કરવા માટે, ગણવેશધારી સ્વયંસેવકે રસ્તા પરના ટ્રાફિકને અટકાવી દીધો હતો. એ ગાડીઓ પણ પસાર થઈ ગઈ.

આવાં બીજાં બેચાર વિઘ્ન પતાવી અમે આગળ ચાલ્યા. ઘરની નજીક પહોંચતાં સામેથી એક સ્કુલ બસ આવી પહોંચી. સ્ટોપ સાઈન અને ઝબુક ઝબુક લાલ લાઈટ ચાલુ. રસ્તા પર પસાર થતી અમારી કાર સમેત ત્રણ ગાડીઓ સ્થીર ! બસનું બારણું ખુલ્યું અને ચાર બાળકો બહાર આવી ગયા. બસ વિદાય થઈ અને અમે ઘર ભેગા થયા.

શાળામાં બીજો એક કલાક અને રોજનું કામ પતાવી, છેલ્લી શિક્ષિકા પણ શાળાના મુખ્ય દ્વારને તાળું લગાવી વિદાય થઈ જશે. શાળાનો એ પરિસર બીજા દિવસની સવાર સુધી સાવ સૂનો. એકલવાયો, ભેંકાર, પ્રાણવિહીન બની જશે.

પણ.. હું શાળાએ પહોંચ્યો તે સમયની શાંતિ, ઘર પાછા આવી ગયા બાદની હાશ, શાળાના એ પરિસરની ગમગીન સાંજની એ કલ્પના અને આ બધાંની વચ્ચેની બધી ગડમથલ મને કશોક સંદેશ આપતી ગઈ.

**અનુક્રમણિકા**

જન્મ બાદની પહેલી ચીસ, અને એ પહેલાંની અને પછીની નિદ્રા; અને જીવનના છેલ્લા તબક્કા બાદની ચીર નિદ્રા – એ બેની વચ્ચેની બધી ગડમથલ અને બધી અવઢવ, જાતજાતની અને ભાતભાતની ગાડીઓ, યાત્રાઓ, અવસ્થાઓ, રંગ, રોગાન, કલબલાટો, કોલાહલો, વ્યથાઓ, રૂકાવટો, શિસ્ત , શિસ્તભંગ, આશાઓ, અપેક્ષાઓ, ઝગડા, હાર, જીત, સમાધાનો, વિઘ્નો, અને બીજુંય કેટલું બધું ....

**જીવનનો એક નાનકડો ચિતાર ...**

# ૩૩ – નીંદણ

વસંત આવી ગઈ છે. ઘાસ લીલું થવા લાગે તે પહેલાં જંગલી છોડમાં [ **weeds** ] ઘણી વહેલી ફૂટ આવી ગઈ છે. ઘાસનાં પાનથી બેકયાર્ડમાં હરિયાળી છવાઈ જાય, તે પહેલાં એમનું સામ્રાજ્ય ઘણું ઊંચું થઈ ગયું છે.

આમ જ બનતું હોય છે. દુર્ગુણો, દુરાચાર, અસહિષ્ણુતા, નકારાત્મકતા .... એ બધાંની સેના વધારવા અને આગળ ધપાવવા કોઈ માવજત કે તાલીમ જરૂરી નથી હોતાં. એના કોઈ ટ્યૂશન ક્લાસ ચલાવવા નથી પડતા! એ તો હાવ 'મફત'માં મળી જતું ગનાન હોય છે. સમાજ સુધારકો, યુગપ્રવર્તકો, મુઠ્ઠેરી ઊંચા મ્હાનુભાવો સુધરવા માટે કહી કહીને થાકયા અને ....વિદાય થઈ ગયા. આપણે તો રામ એના એ જ !

બેકયાર્ડમાં હિંચકે ઝૂલતાં ઝૂલતાં આ વિચારના ઝોલે ચઢી જવાયું. મન અતીતમાં ગરકી ગયું. આવું જ કાંઈક પહેલાં પણ વિચાર્યું હતું , તે યાદ આવી ગયું . આ રહ્યું –

છેલ્લા અઠવાડિયા કે દસ દિવસથી શિયાળો પૂર બહારમાં છે. સવારે ઊઠીએ ત્યારે ય થર્મોમિટરનો કાંટો ચાલીશ અંશ ફે. ની નીચે જ હોય. રાત્રે તો ૩૨ ની નીચે થઈ જતો હશે. ઘાસનું એક તણખલું પણ લીલું નથી. બધાં ઝાડ સાવ બોડાં બની ગયાં છે. બધું સાવ સુક્કું અને નીરસ લાગે છે.

પણ આ સુક્કાભંઠ ઘાસની વચ્ચે રડ્યુંખડ્યું જંગલી નીંદણ લીલુંછમ્મ છે. તેની ઉપર આ ગાત્રો થીજવી દેતી ઠંડીની કોઈ જ અસર થતી નથી. તેની પ્રતિકારશક્તિ અનન્ય છે. એને કોઈ માવજતની જરુર નહીં. એ તો ગમે ત્યાં અડાબીડ ઉગી જાય. કદાચ ઝાકળનું પાણી પીને પણ એનો ગુજારો થતો હશે! ખેતરનો બધો રસકસ ચૂસી લે. જંગલી ઝાડીઓમાંય આમ જ હોય છે ને? ગમે તેવા ઉપવનને વનમાં ફેરવવાની તેની શક્તિ અજોડ છે!

અમે તો કેટલીય વાર એને કાઢી મુકવા ઝેરી રસાયણો છાંટ્યાં. પણ એ રામ તો એના એ. આપણી જમીનમાંથી વિદાય લઈ લે, તો પાડોશીના પ્લોટમાંથી એ તો ઊડતાં ઊડતાં આવી જાય – પેલા ગ્રીક ફિનિક્સ પંખીની જેમ. એ તો બળી જાય તો પણ રાખમાંથી નવજીવન પામી જાય.

માટે તો ખેતરોમાં અને બગીચાઓમાં પાક ઊગાડવા જેટલું જ નીંદામણ કરવું અગત્યનું હોય છે. એ રાક્ષસી માયાને વધવા ન જ દેવાય. બધા રસ્તા અજમાવી એને તો ઝબ્બે જ કરવી પડે. એ વખતે અહિંસાને પરમ ધર્મ ન બનાવી દેવાય !

**દુર્જનો અને દુર્ગુણોનુંય આમ જ છે ને?**

# ૩૪ – પડછાયા

આ શબ્દ સાંભળતાં કે વાંચતાં કોઈ અલગ જ અનુભૂતિ ઉપસી આવે છે. આપણો પડછાયા સાથે બહુ આત્મીય સંબંધ હોય છે. પડછાયો એક તરફ નકારાત્મક પ્રતિકૃતિનું રૂપ છે; તો બીજી તરફ તે હમ્મેશના સાથીનું સ્વરૂપ પણ ધરાવે છે.

જ્યારે અજવાળું હોય છે ત્યારે જ પડછાયો આપણો સાથી હોય છે. તે કદી અંધકારમાં આપણને સાથ નથી આપતો! સુખ સમયનો જ તે સાથી હોય છે. જેમ પ્રકાશ આપણાથી વધારે દૂર, તેમ પડછાયો લાંબો થતો જાય છે. જ્યારે પ્રકાશ માથા ઉપર હોય છે, ત્યારે પડછાયો સાવ ટૂંકો હોય છે. આ ઘટનાને આપણે અલગ અલગ રીતે મુલવી શકીએ.

એક રીતે જોઈએ તો – જ્યારે આપણો સૂર્ય મધ્યાકાશે હોય; જ્યારે આપણી કાર્યક્ષમતા તેની સોળે કળાએ ખીલી ઊઠેલી હોય; ત્યારે **અભાવનો પ્રતિનિધિ** એવો પડછાયો લગભગ નગણ્ય સ્વરૂપ ધરાવતો હોય છે. જ્યારે આપણો સૂરજ અસ્ત થવાની તૈયારીમાં હોય છે; ત્યારે પડછાયો તેમજ અભાવ બન્ને બહુ મોટાં મસ બની જતાં હોય છે.

બીજી રીતે જોઈએ તો – પડછાયો આપણી મુશ્કેલ પરિસ્થિતિમાં આપણને વધારે મોટો બનીને સાથ આપે છે. જ્યારે સાથની જરુર ઓછી હોય, ત્યારે તે લગભગ અદ્રશ્ય બની રહે છે. તે યશનો નહીં દુઃખનો સાથી હોય છે.

બીજી એક વાસ્તવિકતા એ પણ છે કે જ્યારે પ્રકાશની તરફ આપણી નજર હોય છે, ત્યારે આપણે પડછાયાને જોઈ શકતા નથી. પ્રકાશથી ઊંધી દિશામાં આપણી નિગાહ હોય ત્યારે જ તેનું અસ્તિત્વ આપણે અનુભવી શકીએ છીએ. જ્ઞાનથી, જાગૃતિથી વિમુખ થઈએ કે, તરત જ અજ્ઞાન અને નિદ્રા ઊભરાઈ આવે.

આંખો મીંચી દઈએ તો? પ્રકાશ પણ ન રહે કે પડછાયો પણ નહીં! અંધ થવામાંય એક જાતની નિરાંત હોય છે! **જોઈએ તો દુખ કે સુખ થાય ને?** દેખવુંય નહીં અને દાઝવુંય નહીં. અંધારઘેર્યા મધ્યયુગના સમાજની જેમ – નહાવુંય નહીં ને નિચોવવુંય નહીં.

અમેરિકાની સામાન્ય રીતરસમ પ્રમાણે, અમારી બાથરૂમમાં છ દીવાની એક હાર છે. અહીં ઘરની બાથરૂમમાં ટ્યુબ લાઈટો ઓછી વપરાય છે. દીવા (lamp) વધારે. બાથરૂમમાં આ દીવાથી પડતો પડછાયો જૂદી જ જાતનો હોય છે. આપણી આકૃતિના અનેક પડછાયા એકમેકની ઉપર પડતા હોય છે. આને કારણે પડછાયો નહીં પણ, છ પડછાયાનો એક સમૂહ રોજ જોવા મળે છે! જેમ દીવાલની નજીક જઈએ તેમ આ છ યે આકૃતિઓ સાવ નજીક આવી જાય, પણ થોડી ભિન્નતા તો રહે જ. જેમ દીવાલથી દૂર થતા જઈએ તેમ, આ આકૃતિઓ એકમેકથી દૂર થતી જાય. પડછાયાઓ પણ વધુ ને વધુ ધૂંધળા થતા જાય. જો દીવાની સાવ નજીક જઈએ તો પડછાયા એટલા બધા વ્યાપ્ત બની જાય કે તે સાવ આછા થઈ જાય છે. અહીં પડછાયાનું સ્વરુપ સાવ જુદી જ જાતનું હોય છે.

**જ્યારે વિચારો, દષ્ટિબિંદુઓ અનેક હોય ત્યારે પડછાયાની સ્પષ્ટતા જોખમાય છે! જેટલા આવા વિચારભેદની નજીક જઈએ તેટલા તે વધુ અસ્પષ્ટ બની જાય છે. એક જ દીવો હોય; વિચારની એકલક્ષિતા હોય તો પ્રતિબિંબ કે પડછાયો સ્પષ્ટ ઊભરી આવે છે.**

---

રસ્તા ઉપર ચાલતા હોઈએ ત્યારે પડછાયો બહુ અલગ જ રીતની વર્તણૂક કરે છે. જેમ જેમ આપણે પ્રકાશથી દૂર જતા જઈએ તેમ તેમ તે લાંબો ને લાંબો બનતો જાય છે. આપણા અજ્ઞાનનું તે બહુ જ વાસ્તવિક પ્રતીક છે. જ્યારે રસ્તાની બે લાઈટોની બરાબર વચ્ચે હોઈએ ત્યારે, બે વિચારધારાઓ વચ્ચે અટવાતા આપણા માનસની દ્વિધાનો તે બરાબર પડઘો પાડે છે! બબ્બે પડછાયા આપણને ભુલાવામાં નાંખતા રહે છે – એક

કહે ' હું સાચો પડછાયો.' બીજો કહે , 'ના! હું.' જેમ જેમ એક લાઈટની નજીક આવતા જઈએ તેમ તેમ તેનાથી પડતા પડછાયાની જ પ્રબળતા હોય છે. ત્યારે બીજી વિચારધારાનો પ્રભાવ ક્ષીણ થતો જાય છે. બે અંતિમ બિંદુઓ વચ્ચે ઝોલા ખાતી આપણી ચિત્તવૃત્તિને તે સાકાર કરે છે.

આપણે એક એવી વ્યવસ્થા કલ્પી શકીએ કે, જેમાં સમસ્ત પર્યાવરણ પ્રકાશના પૂંજથી વ્યાપ્ત હોય. દા.ત. એક મોટો, અનેક લાઈટોથી ઝગમગિત હોલ. ત્યાં પડછાયો ગુમ થઈ જાય છે. ગમે ત્યાં નજર ફેરવો ત્યાં પ્રકાશ જ પ્રકાશ હોય છે. જ્યાં બધેથી પ્રકાશ આવતો હોય, કેવળ સત્ય જ હોય, ત્યાં અજ્ઞાન, અભાવ , અંધકાર , સુપ્તતા સંભવી જ ન શકે. **પૂર્ણ જ્ઞાનની, સત્યપ્રકાશની અનુભૂતિ કદાચ આવી હશે ?**

**આ વિડીયો જુઓ**

https://www.youtube.com/watch?v=EIiIc_A82sk&feature=emb_logo

એમાં દેખાતા પડછાયા એક સાવ નવા નક્કોર અભિગમ તરફ અંગુલિનિર્દેશ કરી જાય છે. આપણે પડછાયાને આપણી ચિત્ત વૃત્તિ મૂજબ મૂલવીએ, એ એક વાત છે. પણ એક કલાકૃતિના સર્જન માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે.

આ જણના સોળ સોળ વર્ષના નવરાધૂપ ગાળાની એક નિષ્પત્તિ **'હોબીઓ તરફ અનુરાગ'** છે. થોડીક પર હાથ અજમાવ્યો છે; પણ આવી અનેક જાતની હોબીઓ હોઈ શકે છે; તેની આછી ઝલક આવું કાંઈક નવું જોઈએ એન પરથી મળે છે.

સામાન્ય પડછાયાના અવલોકનની ભીતર મનના વિચારોની પ્રક્રિયા જ હતી – આ ૬૯ વરસના આયખામાં એકઠા કરેલ શિક્ષણ, સંસ્કાર, અભિગમ, ગમા, અણગમા; અને એવું બધું.

પણ એ સિવાય પણ કશુંક સાવ અલગ હોઈ શકે છે – આ પડછાયા આકૃતિઓના વિડિયો જેવું. મૂળ ચીજ પર ક્યાંથી, કેવો પ્રકાશ પડે અને ક્યાં, કેવી રીતે ઝીલાય – એના આધારે પડછાયા સાવ અલગ જ આકાર ધારણ કરી શકે છે. **આપણે કદીયે જોયો કે કલ્પ્યો ન હોય તેવો આકાર.** પડછાયો માત્ર જ જોઈએ, તો મૂળ ચીજ કેવી હશે, એનો કોઇ અંદાજ પણ બાંધી ન શકાય.

**આપણે અમૂક જ રીતે વિચારવા ટેવાયેલા હોઈએ છીએ. અવલોકનોનો અમૂક જ સિલસિલો હોય છે. પણ એની આરપાર, સાવ નવું જ વિશ્વ હોઈ શકે છે. સાવ નવી નક્કોર અનુભૂતિઓ થઈ શકે છે.**

**પડછાયાનું પણ એક શાસ્ત્ર હોય છે !** આપણી જાગૃત અવસ્થાનો આ હમ્મેશનો સાથી આપણને ઘણું બધું કહી જાય છે. અને છેલ્લે....

## ખરેખર કશુંયે સત્ય હશે ખરું ?

## કે બધોય માત્ર આભાસ જ ? આ બધા પડછાયાની કની !

# ૩૫ – પથ્થરમાં ઝાકળ

પથ્થર ઉપર નહીં – પથ્થરની અંદર ઝાકળ!

રવિવારની એક સવારે હું મારા દીકરા અને તેના એક મિત્ર સાથે તેના શહેરની નાનકડી પણ રૂપાળી નદીની કેનાલના કાંઠે ચાલવા ગયો હતો. એ તો જુવાનિયા, તે ધસમસતા  ચાલે. હું તો એક બાંકડા પર સવારની ગુલાબી ઠંડીમાં તડકો માણતો બેઠો. બાજુમાં ઉપર જવા માટે પથ્થરની એક સીડી હતી. સાવ રેતીના રંગના પથ્થર હતા. (Sand Stone) કાંઈ જ આકર્ષક કશું જ નહીં.

ત્યાં તેની અંદર અચાનક કાંઈક ચમકતું દેખાઈ ગયું. હું તેની સાવ નજીક ગયો. અને બાપ રે બાપ! એ પથ્થરની સપાટી પર અનેક સાવ નાના નાના બુંદ જેવા તારલાઓ ચમકી રહ્યા હતા. થોડુંક માથું આમથી તેમ કરું અને બીજા અનેક દેખાય. જાણે કે, પથ્થરની અંદર ઝાકળના કણોએ કાયમી વાસ કર્યો હતો. જોવાનો ખુણો થોડો બદલ્યો તો મેઘધનુધ્યના રંગોની નાનકડી ઝલક પણ ચમકી ગઈ. અહાહા! આ નીરસ પથ્થરની અંદર પણ ચમકતી તારલીઓનો મુશાયરો જામ્યો હતો.

નીચેના એક પથ્થર પર અનેક પડનાં પડ દેખાઈ આવ્યા. જળકૃત ખડકમાંથી તોડીને લાવેલ આ પથ્થરો હતા. કોઈ કાળે કોઈ નદીના પ્રવાહમાં રેતી અને માટીના પડના પડ દબાઈને પડ્યાં હશે; અને હજારો વર્ષોની પક્રિયાના પ્રતાપે, થોડી થોડી જુદા રંગોની ઝાંયવાળા આ થરો બન્યા હશે. એક થર એક રંગનો અને તેની પછીનો કોઈ જુદા રંગનો. કોઈક કણ માટીનો, તો કોઈક રેતીનો, અને કોઈક આ ચમકીલા પદાર્થનો. શાશ્વતીથી માંડીને આ જુદા જુદા રંગોની અને ચમકતા કણોની જુગલબંધી પથ્થરના હોવાપણામાં મહેફિલ જમાવીને પડી હતી. આ ઝાકળ માટે કોઈ પાણીના ટીપાંની જરુર ન હતી. બસ, સૂર્યનું કિરણ પડ્યું નથી અને ઝગમગાટ શરુ. આ થરના થર હજારો વર્ષોના નદીના વહેણની અને સર્જનની મૂંગી પણ અકબંધ ગાથા ગાતા પડ્યા હતા.

હવે મેં ઉભા થઈને બે પથ્થરને જોડવા વાપરેલ સિમેન્ટ અને રેતીના મોર્ટાર પર નજર કરી. તેમાં તો આવું કશુંય તત્વ ન હતું. કોઈ થર નહીં, કોઈ ચમક નહીં. એ તો માણસે કૃત્રિમ રીતે બનાવેલો હતો ને?!

અવળચંડા મનને થયું, “આ પથ્થર જેવો પથ્થર પણ સૂર્યનાં કિરણો મળે તો ચમકતા, નાનકડા તારલા પ્રગટાવી શકે છે. પથ્થરદિલ માનવીના અંતરમાં પણ આવા કોઈ જાગૃતિના સુર્યકિરણ પડે તો વાલિયામાંથી વાલ્મિકી ઊભરી આવતા હોય છે જ ને? પણ જે કથીર જેવા મોર્ટાર હોય તેમની ઉપર કશીય અસર ન પડે. “

બીજો વિચાર તરત એ સ્ફૂર્યો ,” આ મોર્ટાર ચમકવાનું નહીં તો પથ્થરને સાંધવાનું કામ તો કરે જ છે  ને? એનીય ઉપેક્ષા કેમ કરાય? ચમકવું કે જોડવું… પથ્થર અને મોર્ટાર જેવી આ દેખીતી ક્ષુદ્ર ચીજો પણ કાંઈક પ્રદાન કરી જતી હોય છે. કોઈક મહેનતકશ માનવીએ આ મોર્ટાર કેટલી મહેનતથી બનાવ્યો હશે? એની મહેનતનું ફળ કેટકેટલા લોકોને ભોગવવા મળે છે? “

**આપણે જીવતા જાગતા માણસ, ઉપરવાળાનું સર્વશ્રેષ્ઠ સર્જન. આપણું પ્રદાન શું? પથ્થર કે મોર્ટાર જેવું કાંઈક પણ પ્રદાન આપણે કર્યું છે ખરું?**

# ૩૬ – પરપોટા

## બેડરુમના બાથટબમાં

અમારા નવા ઘરમાં માસ્ટર બેડરૂમના બાથટબમાં **'બબલર'** છે. ઈલેક્ટ્રિક મોટર અને બ્લોઅર વડે દસેક જગ્યાએ પાણીમાં હવા છોડાય છે. જાણે નાનું અમથું જેકૂઝી. એક દિવસ તેમાં નહાવા બેઠો. આટલા નાના જેકૂઝીનો આ પહેલો અનુભવ હતો. હવાના પરપોટા ધીરે ધીરે ભેગા થવા માંડ્યા. તેમનો એક સમૂહ બની ગયો; અને તે મોટો અને મોટો થવા માંડ્યો. ટબની કિનારી આગળ તે ઊપર ચઢવા માંડ્યો. પરપોટા ફૂટતા જાય. પણ નવા એટલા બધા બને કે, એ ભેગા થઈને પોતાની એક વસાહત જેવું કાંઈક બનાવી દે! પણ અમુક વ્યાપથી આ વધી ન શકે. ઘણા બધા પરપોટા નાશ પામે અને પરપોટા સમૂહ અમુક મર્યાદાથી વધારે મોટો ન થાય.

મેં તો પાણીમાં ફીણ થાય તેવો સાબુ ઉમેર્યો ન હતો – બાળકોની જેમ. પણ એમને તો વધતા જતા ફીણના ગોટેગોટામાં વિંટળાઈ જવાની બહુ જ મજા આવે.

મને માનવસમાજની યાદ આવી ગઈ. માનવજીવનને આપણે પરપોટાની ઉપમા આપતાં હોઈએ છીએ. એક પરપોટાના જેવું જ મર્યાદિત આપણું જીવન હોય છે. પાણીમાં કોઈ ચેતનાની હવા ફેંકી દે અને જીવન સર્જાય; અને તેની મર્યાદા આવતાં તે નાશ પામે. પણ આવા અનેક પરપોટા જેવાં જીવોનો સમૂહ એક વસાહત, એક સંસ્કૃતિ, એક સમાજ પેદા કરે. ધીરે ધીરે તે સમાજ વધતો જાય. પણ તેની પણ મર્યાદા આવતાં તે અમુક પ્રમાણથી ન વધે. તેની પણ વ્યાપશક્તિ મર્યાદિત હોય છે. જો માનવ સમાજમાં સાબુની ચીકાશ જેવી પુખ્તતા હોય, સંતુલન હોય તો તે સમાજ વધતો જ રહે. તેનો વિકાસ થતો જ રહે. માનવજીવનનું આયુષ્ય પણ લાંબું અને તેમના સમૂહનું પણ – સાબુના ફીણની જેમ.

સંસ્કૃતિઓના ઉદ્‌ભવ, વિકાસ અને વિલયનું એક વિહગ દર્શન મારી નજર સામે ખડું થઈ ગયું- – નાનકડા બાથટબમાં .

## સ્વિમિન્ગ પૂલના જેકૂઝીમાં

જેકૂઝીમાં પરપોટા તો હોય જ ને? હજારોની સંખ્યામાં પરપોટા જ પરપોટા. ફૂટે એના કરતાં વધારે નવા બને; અને આમ ફીણના ગોટે ગોટા ઊભરાતા જાય. વીસ મિનિટનો તેનો નિર્ધારિત સમય પૂરો થયો. જેકૂઝીમાં ઠલવાતી હવા બંધ થઈ ગઈ. થોડીક જ વાર અને પરપોટા સમેટાવા માંડ્યા. અડધી મિનિટ માંડ થઈ હશે અને પરપોટાઓનો એક સાવ નાનકડો, નિર્વિર્ય સમૂહ માત્ર એક ખુણે તરતો રહ્યો. થોડીક વારમાં એ પણ હતો ન હતો થઈ જશે; અને પાણીની સપાટી સાવ કોરી સ્લેટ જેવી બની જશે. હવે પરપોટા પેદા કરતો હવાનો એ જથ્થો ક્યાં પાણીમાં ફેંકાતો હતો? એ મૂળ સ્રોત બંધ થઈ ગયો અને પરપોટા ગાયબ.

આપણા મનમાં સતત વિચારો અને આવેગો ઉભરાતા રહે છે. સતત ચાલુ રહેતી પ્રક્રિયા. આવેગોના ગોટે ગોટા ઊભરાતા જ રહે. એનો કોઈ અંત જ નહીં. મનને નિર્મળ કાચ જેવું, પાણીની એ નિશ્ચલ સપાટી જેવું, કોરી સ્લેટ જેવું બનાવવું હોય તો વિચારોના સ્રોતને બંધ કરવો પડે. પણ વિચારને બંધ કરવાની કોઈ સ્વિચ નથી હોતી – એનું શું? વર્તમાનમાં જીવતા થઈએ; હાલ જે ઘટના ઘટી રહી છે , તેને કેવળ દ્રષ્ટાભાવથી નિહાળ્યા કરીએ; નવો વિચાર શું આવે છે- તેની તરફ પ્રેક્ષાધ્યાન કરતા રહીએ; તો આવી સમતા પેદા કરી શકાય. આનો સતત અભ્યાસ કરતા રહેવું પડે. **આ તો ચંચળ મન છે. થોડાજ પાણી પરના પરપોટા છે?**

પણ એ અશક્ય પણ નથી જ. એક વાર જીવવાની આ કળા આવડી જાય; તો આપણે મનના ગુલામ ન રહીએ. એવું જીવવાની એક ક્ષણ મળી જાય, તો એને પાછી જ ન વાળીએ. મન આપણા કબજામાં આવી જાય. સાચા અર્થમાં આઝાદ બની જવાય. એની પાસેથી આપણે ધાર્યું કામ કરાવી શકીએ.

-

# ૩૭ – પરબીડિયું

આજે કોન્ટ્રાક્ટથી ચાલતી એક પોસ્ટ ઓફિસમાં ટપાલ નાંખવા ગયો હતો. એક ખોખામાં ઘણા બધા પરબીડિયાં પડેલાં હતાં. મારું પરબીડિયું પણ મેં એમાં નાંખી દીધું. એક મિત્રનું સરનામું એની ઉપર કર્યું હતું. એ મિત્ર, એનું કુટુમ્બ, એનું ઘર, એની સાથે ગાળેલ સુખદ સમય અને ઘણી બધી યાદો – બધું જ સ્મરણપટ પર છવાઈ ગયું.

પણ એ ખોખામાં બીજાં પરબીડિયાં પણ હતાં. જાતજાતનાં સરનામાં લખેલાં પરબીડિયાં. એમાં કોઈનો પ્રેમપત્ર હશે. કોઈના સુખદ કે દુખદ સમાચાર હશે. કોઈના ભરાયેલા બીલો હશે. કોઈના સારા પ્રસંગ માટે મોકલેલું ગિફ્ટ કાર્ડ હશે. કોઈકની નોકરી માટેની અરજી હશે. કોઈકનું રાજીનામું હશે. એમની ઉપર લખેલાં સરનામાં એમનાં લખનાર માટે વિશિષ્ઠ મહત્વ ધરાવતાં હશે. એ સરનામાં સાથે, મને યાદ આવી ગઈ તેવી, અન્યની જાત જાતની અને ભાતભાતની યાદો સંકળાયેલી હશે.

પણ મારે માટે તો એ માત્ર પરબીડિયાં જ હતાં. કશાય મહત્વ વગરનો એક જડ ઢગલો માત્ર જ. પોસ્ટ ઓફિસ માટે એ એક સામાન માત્ર હતો – જેને કોઈક સરનામે પહોંચાડવાનો હતો. અને એમ પણ નહીં. એ તો આખો ને આખો ફોર્ટવર્થમાં આવેલ બલ્ક મેઈલ પ્રોસેસિંગ ફેસિલિટી સુધી જ પહોંચાડવાનો હતો. એમાં કોઈ લાગણી કે ભાવ ન હતો. માત્ર એક જોબ.

પણ મારું પરબીડિયું? એ તો ભાવ અને પ્રેમથી છલકાતું હતું.

તમે કહેશો,' એ તો એમ જ હોય ને?'

હા! આમ તો એમ જ છે. આપણું એ આપણું. 'આંગળીથી નખ વેગળા એટલે વેગળા.' એમ જ હોય ને? અને છતાં બે સાવ અડોઅડ. દેખાવમાંય સાવ સરખાં. એક જ ઢગલાનાં ઘટકો. એક જ માળાનાં બે પંખી. એમનાં કામ પણ એક જ સરખાં. એ ઊડીને જ્યાં જશે, ત્યાં સંવેદનાઓ જગાડશે. ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓ શરૂ કરશે.

આપણું જીવન પણ આ પરબીડિયા જેવું જ છે ને? એનો ઢાંચો? ધડ, મસ્તક અને બે હાથ-પગ. એનો રાહ પણ નિશ્ચિત છે – ફ્રોમ અને ટુ! પણ દરેકની અંદર કશુંક વિશિષ્ઠ પેક કરેલું છે! એનો આપણા સિવાય બીજાને કશો અર્થ નથી.

અને આપણે માટે? એ તો આપણું સર્વસ્વ છે. આપણું સાવ આગવું પરબિડીયું !

**હર ક્ષણે નિત નવા દ્રશ્ય સરજે ક્ષિતિજ,**
**હર કદમ અવનવા રૂપ ધરતી જમીન**
**રંગ બદલે પળે પળ આ ઊંચું ગગન**
**સ્થાન બદલે ઘડી, હર ઘડી સર્વ ચર**
**કિંતુ આ સર્વની વચ્ચે અવિચળ છું હું.**

# ૩૮ – પાણીની શીશી

હમણાંથી પાણી વધારે પીવાની ટેવ પાડવા માટે હું પાણીની શીશી સવારથી ભરી રાખું છું. સવારમાં આ શીશી ભરવા નળ નીચે ધરી, અને પૂરા જોશથી ચાલતા નળે એને છલકાવી દીધી. શીશીમાંથી ઉભરાઈને પાણી બહાર વહેવા લાગ્યું. નળ બંધ કરી દીધો.

પણ આ શું? શીશી તો એક ઈંચ જેટલી ખાલી હતી. ફરી નળ નીચે ધરી પણ એ રામ તો એ ના એ જ. નળમાંથી આવતા પાણીનો ફોર્સ ઓછો કર્યો – માત્ર ઝીણી સેર જ રાખી. અને છેવટે શીશી આખી ભરાઈ ગઈ. જ્યારે શીશી ખાલી હતી; ત્યારે એ છલકાતી ન હતી. અધૂરાપણાનું જ આ લક્ષણ!

અધૂરો ઘડો છલકાય.

अधजल गगरी छलकत जाय।

આપણે સહેજ જાણકાર થઈએ, અને અભિમાનથી છલકાવા માંડીએ. કશું નવું ગ્રહણ કરવાની શક્તિ ખોઈ બેઠીએ. એક ટીપું પણ આપણી અંદર આવી ન શકે. જ્ઞાનના તો સાગરના સાગર લહેરાતા હોય છે. પણ એ કશા કામના નહીં.

કશુંક નવું ઉમેરવા બહુ ધીમી, પણ મક્કમ ગતિથી પ્રયાસ જારી રાખવો પડે. પણ ગમે તેમ કરો, શીશીની ક્ષમતા કરતાં કશું વધારે અંદર ન આવી શકે. અરેરે! આપણને મળેલા મનની ક્ષમતા તો અપરંપાર છે. આખો સાગર સમાવી શકે એટલી. પણ આપણે જ એની દિવાલો જડ શીશી જેવી બનાવી દીધી છે. આ તો આપણાથી ન થાય. પેલું તો પરધર્મ. જ્ઞાન વિજ્ઞાનમાં આપણું કામ નહીં. યોગાસન? છી.. છી.. છી.. એવો ખોટો સમય બરબાદ ન કરાય. હોબી? એ તો બાળકો કરે. કેટકેટલી મર્યાદાઓ બાંધી દીધી છે? આપણી જાતે જ આપણી જાતને જંજીરોમાં જકડી દીધી છે. સહેજ પણ ચસકી જ ન શકીએ. આપણી શીશીમાં એક મિલીમીટર પાણી પણ ઉમેરી ન શકીએ.

**માલી’પા ઘૂઘવતો સાગર સમાવવો હોય તો ખુલ્લા થઈ જવું પડે.**

**આઝાદ બનવું પડે.**

**શીશી નહીં – સાગરમાં સમાઈ જવું પડે.**



# ૩૯ – પાનખર

તે દિવસે પાર્કની મુલાકાતે ગયો હતો. પાનખર હવે પતવામાં છે. ઓતરાદા વાયરા અને ઠંડીનો ચમકારો શરુ થઈ ગયાં છે. ઠેકઠકાણે ખરેલાં પાંદડાં પડ્યાં છે. સાવ નિર્જીવ, શબ જેવાં, પવનના ઝપાટામાં દીશાવિહીન , આમથી તેમ અફળાતાં પાંદડાં. આ ઝાડની નીચે ઘણાં બધાં પાંદડાનો ઢગલો પડ્યો છે. ઝાડ પર હતાં ત્યારે તેના રંગ નિખરેલા હતા. આ જ પાંદડાં ઝાડ પર હતાં ત્યારે કેટલાં સોહામણાં લાગતાં હતાં? માત્ર ઝાડની જ નહીં, આખા પાર્કની શોભામાં ચાર ચાંદ લાગી જતા હતા. અત્યારે એ સાવ મૃત થઈને પડેલાં છે.

હું થોડો આગળ ચાલું છું. આ બીજા ઝાડ પર તો એકેય પાંદડું બાકી નથી. ઠંડીના ચમકારામાં થરથરતું એ ઝાડ સાવ બોડું થઈ ગયું છે. તેની ઉપર તો શું, નીચેય એક પણ પાંદડું બચ્યું નથી. બધાંયને વાયરાનો સુસવાટો તાણી ગયો છે. તેની બધી સમૃદ્ધિ નામશેશ થઈ ગઈ છે. લ્યો... એની બાજુવાળા આ જનાબ હજી પણ પાનના રંગ ખીલવી, રંગીન મિજાજમાં મ્હાલી રહ્યા છે. તેમનો વારો હજુ હવે આવશે. પણ અત્યારે તો એ પૂરબહારમાં છે. બાજુના મહાશય તો સદાકાળ હરિતપર્ણધારી જ છે. એ તો હમ્મેશ લીલા ને લીલા જ. તેમને કોઈ પાનખર વિચલીત કરી શકતી નથી. તેમની ખુમારી તો કાંઈ અજીબોગરીબ જ છે.

એની બાજુમાં જ એક કાપેલા ઝાડના થડનો, માંડ એક બે ઈંચ ઉંચો પાયો, માત્ર સમ ખાવા માટે ટૂંટિયું વાળીને પડ્યો છે – જાણે કે, ઝાડની કબર. તેનો ક્રોસ સેક્શન/ આડછેદ જોતાં એ દાદા ૭૦ – ૭૫ વરસ જીવ્યા હોય એમ લાગે છે. લ્યો ! આ તો મારા જ સમવયસ્ક નીકળ્યા! તેમનું તો અસ્તિત્વ જ વિદાય લઈ ચૂક્યું છે.

દરેક ઝાડની પોતાની એક ખાનદાની રસમ હોય છે. એનું પોતાનું આગવું એક કેલેન્ડર હોય છે. દરેકનો પોતાનો એક મિજાજ, એક રંગ, એક નિયત જિંદગી હોય છે. તેનો અણુએ અણુ પોતાની પરંપરાને બરાબર પાળે છે. પાનખર હો કે વસંત – દરેક પોતાની નિયતિ પ્રમાણે પાંદડાં ધારણ કરે છે અને વિખેરી દે છે. એ પાંદડાંય હમ્મેશ નથી રહેતાં અને એ થડ પણ નહીં.

પાર્કના ખુલ્લા ભાગથી થોડેક દૂર ઝાડીઓવાળો પ્રદેશ છે. ત્યાં ગીચ ઝાડીની વચ્ચે પવનથી ઊડીને આવેલાં પાંદડાંઓના ઢગના ઢગ પડ્યા છે. વરસાદ આવશે, સ્નો પડશે, માટીના થરના થર તેમને આવરી લેશે. તે સૌ જ્યાંથી પ્રગટ્યાં હતાં, તે ધરતીનો એક અંશ બની જશે. એમાંથી રસ અને કસ ઉતરી, અન્ય વૃક્ષોનાં મૂળીયાં સુધી પહોંચશે. ફરી એ નવપલ્લવિત કુંપળોમાં રસ સિંચન કરશે. બીજા જ કોઈ વૃક્ષનું કોઈ પાન, બીજી કોઈ પાનખરે, કોઈ બીજો જ રંગ મઘમઘાવશે.

ફરી જન્મ..... ફરી મૃત્યુ.... આ જ જીવનક્રમ હજારો – લાખો વર્ષોથી ચાલ્યો આવે છે – ચાલતો રહેશે.

આ પાંદડાંની જેમ હું પણ વાર્ધક્યમાં પ્રવેશી ચૂક્યો છું. મારો રંગ તેમના જેવો આકર્ષક નિખાર તો નથી જ આપતો! એક દિવસ તેમની જેમ હું પણ ખરી જઈશ. વાયરો મારા અવશેષોને ઊડાડીને ધરતીની સાથે એકરસ કરી નાંખશે. જેણે મારા જીવન દરમિયાન મારું પોષણ કર્યું છે; તે ધરતીના કણકણમાં મારું સમગ્ર અસ્તિત્વ ઓગળી જશે. **મને ખબર નથી કે,જેને હું 'હું' કહું છું, તેનું પછી શું થશે?**

**આ જ તો પાંદડાની, થડની, મારી, તમારી, સૌની .નિયતિ છે.**

# ૪૦ – પુલ

ગાડી રસ્તા પરથી સડસડાટ સરી જતી હતી. આગળ એક મોટી નદી આવતી હતી. બાજુમાં તકતી પર તેના બનાવ્યાની તારીખ લખેલી હતી. કદાચ પુલ બનાવવાનું કામ બે એક વર્ષ ચાલ્યું હશે. તે પહેલાં લોકોને એક કાંઠેથી બીજા કાંઠે જવાની કેટલી મુશ્કેલી પડતી હશે? ગોળ, બહુ જ લાંબા અંતરનો ચકરાવો લેવો પડતો હશે, કે હોડીમાં બેસીને પાણીની પાર જવું પડતું હશે. સામાન અદલાબદલી કરવો પડતો હશે. કેટલી બધી અને કેટલાં બધાંને મુશ્કેલી? કોઈએ પુલ બનાવ્યો અને અસંખ્ય લોકોને સુવિધા થઈ ગઈ. થોડા લોકોની ટૂંકા ગાળાની મહેનત અને ઘણાંને હમ્મેશની રાહત.

**નદીના બે કાંઠાને તો આમ જોડાય. અંતર અને તકલીફ ઓછાં થાય; પણ બે મન વચ્ચે, બે માનવી વચ્ચે પણ આવા પુલ બનતા હોય છે – બનાવી શકાતા હોય છે. બે સાવ અલગ વિચારધારાઓ, એકેમેકથી વિરુદ્ધ માન્યતાઓ વચ્ચે આવા પુલ ન બનાવી શકાય? તેમાં કોઈ મોટા ખર્ચની જરુર નથી હોતી. માત્ર અભિગમ જ બદલવાનો હોય છે, એકમેકનાં મન સુધી પહોંચવાનું હોય છે. કોઈ વચલો માનસિક પુલ જ બનાવવાનો હોય છે. થોડું આપણી રીતોમાં મામૂલી સમાધાન કરવાનું હોય છે. અથવા અન્યની ચિત્ત વૃત્તિને સાંખી શકવાનું મનોબળ કેળવવાનું હોય છે. દરેક જણની પોતાની અંગત હસ્તીનું એક ક્ષેત્ર હોય છે. એનો આદર રાખીને સંવાદ સાધી શકાય. અન્યનું દૃષ્ટિબિંદુ સમજવા કોશિષ કરી શકાય.**

**કમભાગ્યે … દરેક પ્રશ્નને બે બાજુ હોય છે, મારી અને ખોટી!** આવા થોડા સંવાદી પુલો બનાવતા રહીએ તો કેટકેટલાં યુધ્ધો, કેટકેટલી યાતનાઓ, કેટકેટલાં વેર ને ઝેર નિવારી શકાય?

આવા જ બીજા એક દિવસે તળાવના એક નાના ફાંટા ઉપરના પુલ પરથી પસાર થવાનું હતું; સરસ કુદરતી હવાની લહેરખીની મજા માણવા મેં બારી ખુલ્લી રાખી હતી. પુલ આવી ગયો. તરત જ ગાડી ચાલવાનો અવાજ બદલાઈ ગયો. અવાજના મોજાં પુલ સાથે અથડાઈને પાછાં આવતાં હતાં અને પ્રતિઘોષ થતો હતો. જેવો પુલ પૂરો થઓ કે તરત ગાડી ચાલવાનો સામાન્ય અવાજ ફરીથી સંભળાવા લાગ્યો. ઘણી વાર આ જ રસ્તેથી પસાર થયો હતો, પણ આજે કોણ જાણે કેમ; આ બદલાયેલા અવાજ તરફ ધ્યાન કેન્દ્રિત થયું. કોઈ અવરોધ ન હોય તો ધ્વનિનો એક પ્રકાર હોય છે. જેવો અવરોધ આવ્યો, કે તરત તેમાં બદલાવ આવ્યો. વાંસળીના સૂરમાં ય આમ જ બને છે ને? વાંસળીના અલગ અલગ કાણાં પર આંગળી બદલતાં રહીને બંસરીવાદક સુમધુર તર્જ વહેતી કરી શકે છે.

સંગીત કે ઘોંઘાટ – કાંઈ પણ પેદા કરવા અવરોધ જોઈએ છે! અવરોધના પ્રકાર પર તે આધાર રાખે છે.

**આપણા સંવાદોમાં આપણે સૂરીલું સંગીત રેલાવતા થઈએ તો? વાત વિરોધી હોય તો પણ તેને ઘોંઘાટ બનતો રોકવાનો સંયમ કેળવીએ તો?**

અનુક્રમણિકા

# ૪૧ – પ્રતિબિંબ

ઘણી વખત સોફા પર બેઠાં બેઠાં, ઘરના પ્રવેશ દ્વારની ઉપર ટિંગાડેલી ઘડિયાળનું આવું પ્રતિબિંબ જોયું છે



***મૂળ એ મૂળ અને પ્રતિબિંબ એ પ્રતિબિંબ.***

જીવનની દરેક ચીજમાં આમ બની શકતું નથી. આપણે ઘણી વખત માત્ર પ્રતિબિંબ જોઈને જ સંતોષ માણવો પડે છે. ઘણી વખત તો એ પ્રતિબિંબનું યે પ્રતિબિંબ જ આપણી નજર સામે આવતું હોય છે. સાવ આભાસી દર્શન. મૂળ તો ક્યાંયે નજરની સામે આવે જ નહીં. અને એના પરથી આપણે કલ્પના અને તર્કના ઘોડા દોડાવી મૂળ ચીજ કેવી છે – એ અંગે અનુમાન કરીએ છીએ. અનુમાન કરીને બેસી જ નથી રહેતા, દસ-પંદર-સો વખત એનું એ જ પ્રતિબિંબ દેખાય; એટલે મૂળ ચીજ આવી જ છે; એમ ધારી લઈએ છીએ.

આપણે કોઈ વ્યક્તિના કે સમાજના મૂળ રૂપ સુધી કદી પહોંચી શકતા નથી હોતા. પણ વર્ષોથી, દાયકાઓથી, સદીઓથી જે દેખાય છે; એના આધારે એ વ્યક્તિ કે સમાજ માટે આપણા વિચારો, પૂર્વગ્રહી માન્યતાઓ ઘનીભૂત બની જાય છે..

સૌથી વધારે કરૂણાજનક બાબત તો એ છે કે, આપણી પોતાની જાત માટે પણ આમ જ બને છે. વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે, આપણા વિચારો ‘મગજ’ નામના એક અંગમાં પેદા થતા હોય છે. પણ આપણે એ મગજને જ આપણી જાત માની લઈએ છીએ. કદી એ જોઈ નથી શકતા કે, **જે જોનાર છે; એ મગજ નથી; પણ એની પાછળ રહેલું ‘કશુંક’ છે.** મગજ નામના એ અંગમાં એ કાળે, બહારની કોઈક ઘટનાનું એ પ્રતિબિંબ માત્ર જ છે. થોડોક જ ખૂણો બદલાય, જોવાની રીત બદલાય – અને એક ને બદલે બે, ત્રણ કે અનેક ઘડિયાળો દેખાવા લાગે. પણ એ જોનાર તો ક્યાં દેખાવાનો જ છે? ઇલેક્ટ્રોન માઈક્રોસ્કોપમાં પણ નહીં!

અને જુઓ તો ખરા – એવા જ તર્ક આગળ લડાવી, આપણે એ નહીં દેખાતી જાત માટે પણ તર્ક વિતર્ક કરવા લાગીએ છીએ; અને એને ઈશ્વર/ અલ્લા/ યહોવાહ ના એક અંશ તરીકે સ્થાપિત કરી દઈએ છીએ. અથવા ‘એવું કશું છે જ નહીં – એવી નાસ્તિક દષ્ટિ’. અને પછી એના વિશે ચર્ચાઓ/ વિવાદ/ સંઘર્ષ અને કાપાકાપી. કેટલા બાલિશ છીએ આપણે સૌ, નહીં વારૂ ?

# ૪૨ – પ્રવાસની ખાલી પેટીઓ

દેશના પ્રવાસે જવાનું છે. ત્રણ જણનો પ્રવાસ – છ મોટી પેટીઓ, ત્રણ હેન્ડ બેગો અને ત્રણ પર્સો બાજુમાં સાવ ખાલી પડ્યાં છે, નીકળ્યા પહેલાંના બે એક અઠવાડિયા પહેલાં પણ એ બધી ખાલી જ પડી હતી. પાછા જઈશું ત્યારે પણ એ ખાલી જ પડી રહેવાની છે. ખરીદીને લાવ્યા ત્યારે હતી એવી જ ખાલી. એનો જીવનકાળ ૧૦ કે ૧૫ વરસ. એમાં આવા ત્રણ ચાર પ્રવાસો થઈ જાય; તે દરમિયાન કટકે કટકે, સાવ નાનકડા સમય માટે ભરાય; અને તરત પાછી ઈવડી ઈ તો ખાલી ને ખાલી જ. પેટીનો ઉપયોગ ભલે ભરવા માટે હોય; એનું ગૌરવ તો એના ખાલીપણામાં જ છે. આપણે ખાલી પેટીમાં જ કાંક ભરી શકીએ.

## ભરેલી પેટી તો ભરવા માટે સાવ નક્કામી જ!

પણ... એના વાપરનારા આપણે? જીવનના બહુ જ થોડા, શરૂઆતના ભાગમાં જ આપણે ખાલી હોઈએ છીએ – કોરી સ્લેટ જેવા. જેમ જેમ ભરાવાની પ્રક્રિયા ચાલુ થાય, એમ એમાં ભરાતું જ જાય. લોહી, માંસ, હાડકાં અને સૌથી વધારે તો ગનાન, વિચારો, માન્યતાઓ, પૂર્વગ્રહો અને એવું બધું ઘણું. એને વધારે ને વધારે ભરતા જ રહેવાની લ્હાય સતત બળ્યા જ કરે. શરીર અને મનનું કદ પણ આપણને ઓછું પડે! મકાનો, જમીનો, સામ્રાજ્યો, સંબંધો, લાલસાઓ, વાસનાઓ .... બસ ભરે જ રાખો બાપુ!

જો સદનસીબે સાધનાની બે પળ માટે ખાલી થવાનું શીખ્યા હોઈએ; તો તે સમયમાં ધ્યાન કરવાનું પણ કારેલા જેવું કડવું લાગે! પણ એવી ઘડી બે ઘડી ખાલી ખમ્મ થઈ જવાનો લ્હાવો મળી જાય તો? બધીય ભરેલી માયાઓથી અનેક ગણી શક્યતાઓનું ક્ષિતિજ ખૂલવા લાગે.

*અંદર તો એવું અજવાળું અજવાળું*
*અંદર તો એવું અજવાળું અજવાળું*
*ટળવળતી હોય આંખ જેને જોવાને*
*એ મીંચેલી આંખે ભાળુ*
*– માધવ રામાનુજ*



# ૪૩ – પ્લાસ્ટિકની બેગ

હું કાર ચલાવી રહ્યો છું. થોડેક આગળ જઈ રહેલી કારના પવનના ઝપાટામાં એક પ્લાસ્ટિકની બેગ ઊડે છે, અને આમતેમ લથડીયાં ખાતી, ફંગોળાતી પાછી રસ્તા ઉપર પડવા, ઠરીઠામ થવા જાય છે. પણ ત્યાં તો મારી કારના પવનના ઝપાટામાં તે આવી જાય છે અને પાછી ફંગોળાય છે. હું તેને અવગણીને, પસાર કરીને પુરઝડપે આગળ નીકળી જઉં છું. મારા રીયર- વ્યુ કાચમાં તેની અવદશા હું અભાનપણે નિહાળું છું. થોડેક પાછળ બીજી ટ્રક આવી રહી છે. તેનો પવનનો ઝપાટો તો બહુ જોરદાર છે. કોથળી પાછી હવામાં બહુ અધ્ધર ઉંચકાય છે, ફરી ફંગોળાય છે.

જ્યાં સુધી રસ્તા ઉપર વાહનો આવતાં જશે, ત્યાં સુધી તેની આમ જ ગતિ, અવગતિ ચાલુ રહેશે. અને ખરેખરા પવનનો ઝપાટો આવ્યો તો? રસ્તાની બાજુમાં, દુર ઝાડીઓમાં આવી ઘણી કોથળીઓનાં નિર્જીવ શબ લટકી જ રહ્યાં છે ને? કોઈ રસ્તો, કોઈ ધ્યેય, કોઈ મંઝીલ એમને માટે સર્જાયાં નથી.

મારી બાજુની સીટ ઉપર હમણાં જ દુકાનમાંથી લાવેલ સામાનથી ભરેલી પ્લાસ્ટીકની, નવીનક્કોર, રુપકડી કોથળી પડી છે. એણે કોઈને સહારો આપવાનું કામ કર્યું છે. માટે એની પ્રતિષ્ઠા છે. એને માનવંતું સ્થાન મળ્યું છે. ઘેર જવાશે, સામાન ખાલી થશે, અને કોથળી કચરાપેટીમાં ફેંકી દેવાશે. એનું જીવનકાર્ય સમાપ્ત થયું છે. રસ્તા પર ઊડી રહેલી પેલી કોથળીની આવી માન-સભર આવરદા પણ આમ ક્ષણિક જ રહી હશે ને?

તરત માનવજીવનની સરખામણી આ કોથળી સાથે થઈ ગઈ. અને શ્રી. ભાગ્યેશ જહાની મને બહુ જ ગમતી રચના યાદ આવી ગઈ.

**સુવાસે પડઘાતું આખું આકાશ**
**છતાં ખાલીપો ખખડે ચોપાસ.**
**ઉપવનના વાયરાની લે છે કોઇ નોંધ?**
**કોણ વિણે છે એકલી સુવાસ?**
**વાયરો કહે તેમ ઉડવાનું આમ તેમ**
**વાયરાનું ઠેકાણું શું?**

સાવ નિર્વેદ થઈ ગયો. પણ બીજા વિચારે એમ પણ થયું કે, એ કોથળી કે માનવ જીવનનો એક નાનકડો તબક્કો હતો જ ને કે, જેમાં તેની કાંઈક ઉપયોગિતા હતી; તેણે કાંઈક પ્રદાન કર્યું હતું? બસ એટલી નાનીશી ગરિમાના ગુણ શેં ન ગાઈએ? અને આવી લાખો, કરોડો... અરે અબજો, અનામી ગરિમાઓના પ્રતાપે તો હજારો વર્ષો પિરામિડો ઉભા છે. આખી માનવજાત વિકાસના જે તબક્કે ઉભી છે, તે આવી કેટકેટલી, નાનકડી ગરિમાઓનો સરવાળો છે – નહીં વારુ?

# ૪૪ – ફાયર ટ્રક – એક અવલોકન

રસ્તા ઉપરથી ધમધમાટ ટ્રાફિક પસાર થઈ રહ્યો છે. રશ અવર છે. બધાને કામે પહોંચવાની, ધંધાના કામ શરુ કરવાની ઉતાવળ છે. એક મિનિટ પણ બગડે, તે પાલવે તેમ નથી. ટ્રાફિક લાઈટ લાલ થાય તો પણ મોં કટાણું થઈ જાય છે. **'અરેરે ! ક્યાં અટકવું પડ્યું?'** બડબડાટ શરૂ થઈ જાય છે. અને ત્યાં જ દૂરથી સાયરન સંભળાય છે. લાયબંબાની સાયરન. બધો ટ્રાફિક સ્થગિત બની જાય છે. બધા બને તેટલા બાજુએ ખસી જાય છે. બધી ઉતાવળ ભુલાઈ જાય છે. હવે કોઈ વાહન એક તસુ પણ ખસતું નથી. અરે! રસ્તે ચાલતા રડ્યા ખડ્યા વટેમાર્ગુ પણ ઊભા રહી જાય છે. લો, આ મોટી અડચણ આવી પડી !

અને ત્યાં જ ધમધમાટ કરતો તે આવી પહોંચે છે. તેની પાછળ એક એમ્બ્યુલન્સ વાન પણ છે. તે બન્નેની તેજ રફ્તાર અને ગતિ બધાંના મનમાં ભય અને માનની લાગણી પેદા કરે છે. ઉપર લાલ, પીળી અને વાદળી લાઈટો ઝબુક ઝબુક થાય છે. કાન ફાડી નાંખે તેવો સાયરનનો અવાજ એકદમ નજીકથી કમને સાંભળવો પડે છે – સહેવો પડે છે. એ એકલવીર જે જગ્યા ખાલી મળે ત્યાંથી આગળ ધસે છે. એને કોઈક અગત્યના કામે, જીવન જોખમમાં હોય તેવે સ્થાને, સુરક્ષા સાચવવા ધસવાનું છે. ક્યાંક આગ લાગી છે; અથવા ટ્રાફિકનો અકસ્માત થયો છે; ત્યાં તેને યુધ્ધના ધોરણે સત્વરે પહોંચવાનું છે. તે ઘડીક પણ રોકાઈ શકે તેમ નથી.

અને અહીં તો ટ્રાફિકની બધી જ લેનો પૂરેપૂરી ભરાયેલી છે. તે શુરવીર તો ઊંધી બાજુએ પોતાનું સુકાન વાળી; લાલ બત્તીની ધરાર ઉપેક્ષા કરી; પોતાની જગ્યા કરી લે છે. આગળ એક કારવાળાએ તો આ મહાનુભાવને માર્ગ આપવા ફૂટપાથ ઉપર પોતાની ગાડી ચઢાવી દીધી છે.

વિજયી મુદ્રા સાથે, કોઈની પણ તમા કર્યા વિના, તે ભડવીર તો ચાલ્યો જાય છે. હતપ્રભ બનેલો ટ્રાફિક ધીમે ધીમે આ મૂર્છામાંથી જાગૃત થાય છે. મંથર ગતિએ તેની સફર ફરીથી શરૂ થાય છે. કોઈ વિજયી સમ્રાટ શત્રુસેનાને મહાત, પરાસ્ત, આખા નગરને ધરાશાયી કરી ચાલ્યો જાય; તેમ લાયબંબો બધે આ જ માહોલ પેદા કરતો આગળ ધપતો જાય છે – ત્સુનામીના મોજાંની કની. ફરક એટલો જ છે કે, એ વિનાશ કરવા નહીં; વિનાશ અટકાવવા જઈ રહ્યો છે. તે લડાયક જરુર છે પણ શાંતિનો, સહાયનો, દયાનો દૂત પણ છે. એને માટે ભય કરતાં માન વધારે ઊપજે છે. બધાં એની અદબ જાળવે છે. એ પ્રહરી જરુર છે; પણ જીવન અને જાનમાલની સુરક્ષાનો પ્રહરી છે. એના શસ્ત્રમાં આગ નથી. પાણીની બોછાર છે.

એને જોતાં જ આપણને પણ એ સહાયકાર્યમાં ભાગીદાર થવાની ક્ષણિક ઈચ્છા થઈ આવે છે. લાયબંબો એ આપત્તિને પહોંચી વળવાની સમાજની પ્રતિબધ્ધતાનું, ક્ષમતાનું પ્રતીક છે. જે કોઈ આવી સુરક્ષાના કામમાં જોડાયેલા હોય, તે સૌ પણ આવા જ સન્માનના અધિકારી હોય છે.

- **આપણે કદીક તો ફાયર ટ્રક જેવા બનવા તૈયાર છીએ ખરા?**
- **અણીના સમયે –**
    - **આપણી સુરક્ષાને**
    - **આપણા સ્વાર્થી મનસુબાઓને**
    - **આપણી ગણતરીઓને**
    - **તિલાંજલી આપી,**
- **કોઈ જરૂરતમંદની સહાયે ધસી ગયા છીએ વારૂ?**

# ૪૫ – બાઈટ

કોમ્પ્યુટરની ભાષાનો પાયાનો મણકો. કોમ્પ્યુટરમાં જે કાંઈ સમાય તે બધું બાઈટમાં મપાય. કિલોબાઈટ, મેગાબાઈટ, ગિગાબાઈટ અને ટેરાબાઈટ – **હજુય આગળ બીજા 'મોટા' બાઈટ આવશે !** ગમે તે માહિતી હોય; કે કોમ્પ્યુટરને કામ કરવાની સૂચના હોય – બધું બાઈટની પરિમિતીમાં આવી જાય. બાઈટની લંબાઈ માહિતી પર આધાર રાખે. માહિતી જેટલી મોટી, તેટલા વધારે બાઈટ જોઈએ.

બાઈટની અંદરેય જવાય. તેના બે જ ઘટક – '૦' અને '૧' . આ સિવાય કશું જ નહીં. સંખ્યા હોય કે દુનિયાની કોઈ પણ ભાષાનો કે , કોઈ પણ લિપિનો શબ્દ હોય ; અરે સંગીતની તર્જ હોય કે કોઈ ચિત્ર કે ચલચિત્ર (વિડિયો) હોય – બધુંય તે બાઈટમાં જ સમજે. **કોમ્પ્યુટર બે જ વાત સમજે - ૦ અને/ અથવા ૧ ; હોવાપણું અને નહીં હોવાપણું; સ્વિચ ચાલુ છે કે બંધ. એ સિવાય એ** કશું જ સમજી ન શકે. કેટલું સરળ દિમાગનું છે, આ મશીન ?

**આપણા જેટલું તે ચાણક્ય નથી!** આપણે તો શૂન્ય અને એકને કોઈ વિસાતમાં નથી ગણતા.

- **આપણી ગણતરીઓ મોટી**
- **આપણી હુંશિયારી અને ફિશિયારી મહાન**
- **આપણી આકાંક્ષાઓ, અપેક્ષાઓ પાર વિનાની**
- **આપણી બુદ્ધિ વિશદ, પંડિતાઈથી ભરેલી.**
- **જાતજાતનાં વિજ્ઞાનો, શાસ્ત્રો અને ભાષાઓ.**
- **જાતજાતની સંવેદનાઓ,**
- **જાતજાતના**
    - **મતમતાંતરો**
    - **માન્યતાઓ**
    - **પૂર્વગ્રહો**
    - **ગમા- અણગમા**
    - **શંકા- કુશંકા**

કેટલું વિલક્ષણ છે આપણું મગજ ? પણ મૂળમાં તો આ બે જ વાત હોય છે – હોવું અને ના હોવું! **આપણને આટલી નાની વાત સમજતાં જન્મારો નીકળી જાય.** આ નાની શી વાત સમજતાં આપણી વિષદતા - ખરું પુછો તો આપણી અધૂરી સમજણ – વચ્ચે નડે ! આપણને બાઈટ કરતાં આવડે (કરડતાં!) પણ ઓલ્યા , સાવ નાનકડા બાઈટની કની ગણતાં ન આવડે.

**ભણ્યા, પણ ગણ્યા નહીં. 'બાઈટ' જ ન સમજ્યા.**

# ૪૬ – બારીમાંથી

જેને આપણે જોઈ શકતા નથી – માત્ર અનુભવી શકીએ છીએ – એની ઉપર અવલોકન હોય? હા , હોય!

અમારા ઘરના દિવાનખંડના સોફા ઉપર હું બાજુના ટેકાને અઢેલીને બેઠો છું, અને સોફાની પાછળ આવેલી બારીમાંથી બહારની દુનિયાનું અવલોકન કરું છું. બારીને અડીને એક નાનો છોડ છે. પાંચ છ ફુટ દુર એક વૃક્ષ છે. પછી રસ્તો છે અને રસ્તાની સામેની બાજુએ મકાનો છે. સામેના બે મકાનોની વચ્ચે વળી એક બીજું, મોટું વૃક્ષ છે. આ ત્રણેનાં પાન અને ડાળીઓ સતત હાલી રહ્યાં છે. રસ્તા ઉપર કો'ક રડ્યું ખડ્યું સુક્કું સટ્ટ પાંદડું આમતેમ ભટકી રહ્યું છે.

આ બધી સતત ચાલતી રહેલી ગતિ, પવનની હયાતિની સાક્ષી પૂરે છે. આ સઘળાં ન હોત તો? મનને એમ જ થાત કે હવા પડેલી છે; પવન છે જ નહીં. બધું સ્થિર હોવાને કારણે હવાની જીવંતતા અનુભવાત નહીં.

સામેનાં બધાં ઘરોની બધી બારીઓ બંધ છે. માત્ર જડ મકાનો જ દેખાય છે. કોઈ ગતિ, કોઈ ધબકતું જીવન હું જોઈ શકતો નથી. પણ મકાનની અંદર? કેટકેટલાં જીવન ધબકતાં હશે?

અરે! આ સ્થિર હવા જ જુઓને? એ પોતે જ દેખાતી નથી; તો તેમાં તરતાં, ઊડતાં બેક્ટેરીયા કે વાઈરસ તો ક્યાંથી દેખાય? પણ ક્યાંથી ઘડીના છઠ્ઠા ભાગમાં શરદી આપણા નાકમાં પેંસી જાય છે? એક છીંક આવી અને આપણા રજિસ્ટરમાં એમની હાજરી પૂરાઈ ગઈ !

આપણે કોઈ વસ્તુને જોઈએ, સાંભળીએ, સ્પર્શીએ, ચાખીએ, ત્યારે એના હોવાપણાની આપણને અનુભૂતિ થતી હોય છે. પણ .....

કોક ચીજની કશીય અનુભૂતિ ન થતી હોય, તેથી એમ થોડું જ કહેવાય કે, કશાયનું હોવાપણું છે જ નહીં?

બીજી એક આવી જ સવારે...

સવારનો પહોર છે. બારીમાંથી સ્કૂલ બસ આવવાની રાહ હું જોઈ રહ્યો છું. દીકરીના દીકરાને ચઢાવવાનો છે. થોડીક વારમાં બસ આવી જશે; અને હું મારા કામે લાગીશ. સામે એ જ બંધ મકાનો, એ જ ટપાલપેટીઓ, એ જ નિર્ધૂમ ચિમનીઓ છે. એમાં રહેનારાં એનાં એ જ માણસો છે. એ જ વૃક્ષો, એ જ ઘાસ, એ જ નિર્જન રસ્તો છે. કદીક રડી ખડી કો'ક કાર કે વાન આવીને જતી રહે છે. પણ એય રોજની જેમ જ. પવનમાં આમતેમ અફળાતાં પાંદડાં છે. કાલે પણ એમ જ થતું હતું.

*કશું જ બદલાયું નથી. બધું જેમનું તેમ છે.*
*કે પછી...*
*ખરેખર એમ છે?*

મકાનો એક દિવસ જૂનાં થયાં છે. એમ જ એમાં રહેનાર પણ. ક્યાંક મને ખબર ન હોય છતાં કોઈક નવજાત બાળક મીઠી નિંદર માણી રહ્યું છે; જે થોડાક દિવસ પહેલાં, એની માના પેટમાં ઊંધા મસ્તકે અવતરવા માટે તૈયાર લટકી રહેલું હતું. મકાનોની ઉપર એક નજીવું, ન દેખાય તેવું આવરણ ઉમેરાયું છે; જે દસ પંદર વર્ષે મકાનો દસ વર્ષ જૂનાં થયાંની ચાડી પોકારવાનું છે.

એનાં એ જ લાગતાં ઝાડ પર અનેક નવાં પાંદડાં ઉમેરાયાં છે; કોઈક સૂકાયેલી ડાળી જમીન દોસ્ત થઈ નીચે પડી ગઈ છે. ઘાસનો વિસ્તાર અને ઊંચાઈ ચપટીક વધ્યાં છે. રસ્તો કાલ કરતાં સહેજ વધુ ઘસાઈને લિસ્સો થયો છે; અથવા સૂર્યના તાપે, એક ન દેખાય તેવી તરડ કોરાઈને થોડીક વધારે ઊંડી બની છે. થોડાંક વર્ષ પછી ત્યાં મોટી ફાટ પડી જવાની શક્યતા આકાર લઈ રહી છે !

અનુક્રમણિકા

પસાર થઈ ગયેલી કાર કદાચ કાલવાળી કાર ન હતી. એ કદાચ બીજા કો'કની હતી! કાલે અફળાતાં હતાં, તે પાંદડાં અલબત્ત કચરાપેટીમાં કે દૂરની ઝાડીઓમાં ક્યાંના ક્યાંય ફેંકાઈ ગયાં છે. આજે દેખાય છે; તે ગઈકાલે વૃક્ષો પર વિલસતાં હતાં. થોડાક દિવસો પછી નવી કૂંપળો એ વૃક્ષો પર ફૂટવાની છે. આજે તેમનું કશું અસ્તિત્વ નથી.

અરે! આ અવલોકનકાર પણ ક્યાં એનો એ છે? એના શરીરના અનેક કોષો મરણ પામ્યાં છે, અને નવાં જન્મી ચૂક્યાં છે. એના વિચાર, અભિગમ, મિજાજ કાલનાં જેવાં નથી. થોડાંક જ વર્ષ અને એની હસ્તી પણ નથી જ રહેવાની – પાણીમાં આંગળી સરકે અને પાણી એમનું એમ ત્યાં હાજર થઈ; આંગળીની હસ્તીને વિસારી દે – તેમ.

**એણે અવલોકન, અનાવલોકન, હાલોકન, પ્રશ્નાવલોકન, ગઝલાવલોકન, પ્રતિભાવ, અપ્રતિભાવના ભાવો વચ્ચે કેટકેટલાં ઝોલાં ખાધાં છે? હજુ ન જાણે કેટલાં ઝોલાં ઈવડો ઈ ખાશે?**

***પરિવર્તન…પરિવર્તન…પરિવર્તન…***
***ન દેખાય તેવું પણ અચૂક પરિવર્તન***
***હર પળ હર સ્થળ.***

# ૪૭ - બાસ્કેટબોલ


બાસ્કેટબોલની રમત. નીચેથી સાવ ખુલ્લી બાસ્કેટ. સાવ સાદી જાળી. આ બાસ્કેટમાં કશું જ સંઘરી ન શકાય. સાવ કામ વગરની બાસ્કેટ! બોલ એમાં પડ્યો નથી, કે નીચે પડી નથી ગયો. બીજી બાસ્કેટો તો કેવી જાતજાતની અને ભાતભાતની હોય છે? નાની અથવા મોટી; પહોળી અથવા સાંકડી, જાળીવાળી અથવા સાવ છીદ્ર વિનાની દીવાલવાળી, રંગવાળી કે વગરની, ડીઝાઈન વાળી કે વગરની – અનેક જાતની બાસ્કેટો. એમાં કેટકેટલી ચીજ સંઘરી શકીએ? પણ.. આમાં તો? બબ્બે ટીમના બધા મળીને ચોવીસ ખેલાડીઓ બાસ્કેટના ઉપરના ભાગમાં બોલને પહોંચાડવા માટે મરણિયો જંગ ખેલે. એમાં બોલ નંખાઈ જાય તો જગ અને જંગ જીત્યા. પણ બોલ એમાં એક ઘડી પણ ન રહે.

આપણી બાસ્કેટમાં બધું આવી જાય તે માટે જીવનમાં આપણે કેટકેટલી રમતો, જીવલેણ યુધ્ધો ખેલતાં હોઈએ છીએ?. પણ ખરેખર આપણી બાસ્કેટમાં કોઈ મતા ટકી રહે છે ખરી? અથવા જેવી મતા આવી ગઈ કે, બાસ્કેટ ભરાયાનો આનંદ સમાપ્ત. પછી નવી કોઈ બાસ્કેટની શોધ; અને એને માટે જીવલેણ જંગ ફરી પાછો શરુ! એક દષ્ટિથી જોઈએ તો સાવ નિરર્થક પ્રવૃત્તિ.

પણ બીજી નજરે? રમવાનો આનંદ; જીવવાનો આનંદ.મડદાં બાસ્કેટબોલ નથી રમી શકતાં!

## ૪૮ - મોઝેક

ઘણા બધા મોઝેક બનાવ્યા – ચાર રંગના, પણ એક સરખા આકારના ટૂકડાઓની માયાજાળ. જૂદી જૂદી રીતે ગોઠવો અને જૂદી જૂદી ભાત હાજર. 'હોબી વિશ્વ' પર, અત્યાર સુધીમાં બનાવેલી બધી ભાતો જોઇ શકશો. ચાર જ જાતના ટૂકડાઓથી કેટકેટલી વિવિધ સૃષ્ટિ ખડી કરી શકાય છે? પણ આજે એક વિશિષ્ઠ મોઝેકની ભાતની વાત કરવાની છે.




આમ તો આ સાવ સાદી ડિઝાઈન લાગે છે. પણ 'A' આગળના ત્રણ બિંદુઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરશો; તો ત્રણ ઘન આકૃતિઓ દેખાશે. લીલા, લાલ અને વાદળી બાજૂઓ વાળા, ત્રણ ઘન ટૂકડાઓ. અને બીજી રીતે જૂઓ તો ? આ ત્રણ બિંદુઓ બહાર ઉપસેલા નથી; પણ અંદરની તરફ ખૂંપેલા છે – તેમ જોવા પ્રયત્ન કરો અને આખી આકૃતિ એક નવું જ રૂપ ધારણ કરતી જણાશે. અને આ શું ? આમ નજર બદલવાની સાથે જ પીળા રંગની એક બાજૂ હોય, તેવા નવા ઘન આકાર ઊપસી આવેલા દેખાયા ને? અને લો! હવે આમ જૂદી જૂદી રીતે જોવા માંડશો; તો જાતજાતના ઘન આકારો દેખાવા માંડ્યા ને?

ખૂબીની વાત તો એ છે કે, મૂળ ચીજ ઘન છે જ નહીં. એ તો સાવ સપાટ, સફેદ પ્લેટ પર ગોઠવેલા ઓલ્યા ચાર જાતના રંગીન ટૂકડાઓનો એક ખેલ જ છે. થોડીક બારીકીથી જોશો તો, એ નાના નાના ટૂકડાઓની વચ્ચેની આછી, આછી લાઈનો દેખાશે.

**એક જ ચિત્ર; પણ દેખવાની નજર બદલાય અને અલગ અલગ નજારા ખડા થઈ જાય.**

વાત એની એ જ હોય; પણ દષ્ટિબિંદુ બદલાય અને રૂપ અલગ. ઉપસેલી આકૃતિ દબાયેલી જણાવા માંડે. બધી વાત હકારાત્મક નહીં; પણ નકારાત્મક જણાવા માંડે. વાદ અને વિવાદ. મૂળ વાત તો બાજુએ જ રહી જાય1

ત્રણ જ પાયાના કણો - ઈલેક્ટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોન, અને અનંત સુધી વિસ્તરેલું, આખું વિશ્વ એનાથી ઊભું થઈ ગયું. અને એ ત્રણ કણ પણ ક્યાં કોઈએ જોયા જ છે? એ પણ એક કલ્પના જ ને? મૂળ સત્ય તો ગોપિત રહેવા જ સર્જાયું છે?

# ૪૯ - રણમાં વસંત


એક મિત્રે 'અતકામા' રણની વસંતના ફોટાઓ મોકલ્યા અને મન મ્હોરી ઊઠ્યું. **સંસ્કૃત અને સમૃદ્ધ જગતમાં રહેતા આપણને 'જીવનનો ઉન્માદ' શું છે –એ કદાચ ખબર** જ નથી. પણ દક્ષિણ અમેરિકાના ચીલી દેશના મધ્યમાં આવેલ અતકામા રણ એ દુનિયાનો સૌથી વધારે સૂકો પ્રદેશ છે. એના મોટા ભાગના વિસ્તારમાં છેલ્લા ૩૦૦ વર્ષમાં વરસાદનું એક પણ ટીપું પડ્યું નથી. પણ દરેક શિયાળામાં થોડી ઘણી ઝાકળ વરસે, એ ત્યાંની વનસ્પતિ સૃષ્ટિ માટે એક ઉત્સવ હોય છે. અને તેમાં પણ 'બાર વર્ષે બાવો બોલે' એમ 'અલ નિનો'ની મહેર થાય તો એ બધીઓને બત્રીસે કોઠે દીવા પ્રગટી જાય! આ વખતે આશરે ૩૦૦ વર્ષ પછી ઓલ્યા નિનોએ બહુ મહેર કરી નાંખી અને રણરાજી(!) રાજી રાજી થઈ ગઈ. એ મિત્રે મોકલેલ બધા ફોટા એની મહેરબાનીનો પ્રતાપ છે.

**જમાનાના ઉષ્ણાતિઉષ્ણ વાયરા ભલે વાય. આપણે ફાળે ઝાકળની જે એક બે બુંદ આવેલી હોય; એનાથી આ ક્ષણમાં આમ મહોરી ઊઠીએ તો કેવું ભલા?**

**જાઓ ભલે જીવનઆશ સર્વે,**<br>
**ઉત્પાત થાઓ, ઉપહાસ થાઓ,**<br>
**થાઓ તિરસ્કાર, વિનાશ થાઓ.**<br>
**ન એક થાજો પ્રભુ-પ્રીતિ-નાશ.**<br>
**- રમણભાઈ નિલકંઠ**

# ૫૦ - રમત – શૂન્ય ચોકડીની

કોને આ રમત ખબર નહીં હોય? Tic Tac Toe બે જ ખેલાડી. એકે શૂન્ય દોરવાનું અને બીજાએ ચોકડી. વારાફરતી વારા. ત્રણ શૂન્ય કે ત્રણ ચોકડી એક લાઈનમાં લાવી શકે ; તે રમત જીતી જાય. બહુ જ જાણીતી રમત. કશુંય સાધન હાજર ન હોય તો પણ; ધૂળમાં સળેખડીથી લીટીઓ પાડીને અને કાંકરા વડે પણ રમાય. બહુ લાંબી આ રમત ન ચાલે. તરત ફેંસલો આવી જાય. જીતવા માટે એ ચાલાકી જોઈએ કે, ત્રણ ખાનાંમાં તમારી કુંકરી એવી રીતે લાવી દો કે એની આજુબાજુ ક્યાંક બે ખાનાં ખાલી હોય. આમ ...




સામે વાળી વ્યક્તિ ગમે તે ચાલ ચાલે; તમારી જીત નિશ્ચિત. જો આજુબાજુમાં એક જ ખાનું ખાલી હોય તો સામેવાળી વ્યક્તિ પટ્ટ દઈને ત્યાં ચાલ ચાલે ; અને તમારી જીતવાની તક ગઈ.

જીવનની રમતમાં આમ જ થતું હોય છે ને? નસીબની આડેના પાંદડા જેવું, એક જ બારણું ખૂલી જાય : એવી રાહ આપણે જોઈને બેઠા હોઈએ. પણ એ દ્વાર મોટે ભાગે બંધ થઈ જાય; અને આપણે હતા એવાને એવા થઈ રહીએ. આપણે શૂન્ય જેવા ; અને સામેવાળો ચોકડી દોર્યે જ રાખે! પણ જીવનની બાજી એ જીતી શકે છે; જે નવાં બારણાં ખોલી શકે છે : એકથી વધારે વિકલ્પો સર્જી શકે છે. આપણે તો મોટે ભાગે

અનુક્રમણિકા

એક જ બારણું ખૂલવાની રાહ જોઈને આખું આયખું વિતાવી દઈએ છીએ. આપણે એ નથી જાણતાં કે જીવનમાં અનેક બારણાં; અનેક શક્યતાઓ ખૂલી શકે તેમ હોય છે. પણ આપણને તે દેખાતાં જ નથી.

લો! ગુજરાતી લેક્સિકોનના સર્જક, માનાર્હ શ્રી. રતિલાલ ચન્દરયાના જીવનનું પ્રેરક વાક્ય.

**" હાથ પર લીધેલું કામ હું ક્યારેય અધવચ્ચે છોડતો નથી. મને હંમેશાં લાગ્યું છે કે, પ્રશ્નો ઊભા થાય તો તેના ઉકેલ પણ મળી રહે છે. એક દિશામાં દ્વાર દેવાઇ જાય તો બીજી દિશામાં ખૂલે છે. "**

# ૫૧ - રસ્તો – ત્રણ અવલોકન

## – લોન્ગ કટ -

શોર્ટ કટ તો હોય. પણ લોન્ગ કટ? હા! લોન્ગ કટ!

વાત જાણે એમ છે કે, અમારા ગામના પાર્કમાં એક નાનકડું તળાવ છે. એની બાજુમાંથી ચાલવાનો એક રસ્તો પસાર થાય છે. અમે તળાવના કિનારે બેઠા હતા. ત્યાં તળાવની સામેની બાજુમાં અમે અમુક લોકોને ચાલતા જોયા. અમારી વાનરસેનાને એ બાજુ જવાનું મન થયું. આથી અમે તળાવની બાજુમાં આવેલા ઘાસના મેદાનની એક બાજુએ આવેલા છીંડા જેવા કિનારે ગયા. ત્યાં પાછળની ઝાડીમાં જતી, એક કાચી કેડી નજરે પડી. અમે તો એમાં ઝુકાવ્યું. સાવ એક જ જણ માંડ ચાલી શકે તેવી ઝાડી અને ઝાંખરાં વચ્ચેથી પસાર થતી કેડી હતી.

અમે જેવા એમાં પ્રવેશ્યા કે તરત જ સાવ જંગલમાં આવી ગયા હોઈએ એવો આભાસ થતો હતો. અમુક જગ્યાઓએ તો નીચે ઝૂકેલી ડાળીઓ રસ્તો રોકીને પથરાયેલી હતી, તેમને વાળીને અથવા ઝુકાવીને માર્ગ કરવો પડતો હતો. માત્ર એક બે જગાએ જ એ કેડી તળાવની નજીકથી પસાર થતી હતી. અને ત્યાંથી તળાવનું સુંદર દ્રશ્ય દેખાતું હતું. બે જણ ત્યાંથી નીચે ઉતરી માછલીઓ પકડવામાં પણ પ્રવૃત્ત હતા. અમે બેળે બેળે આખી કેડી પસાર કરી પાછા પાકા રસ્તાની નજીક બહાર આવી ગયા. આમ અને જ્યાં ઉભા હતા, ત્યાંથી પાકા રસ્તે જે અંતર એક બે મિનિટમાં કપાઈ જાય તે અમે કાપવા અમારે અડધો કલાક થયો!

હવે તમે જ કહો. આને લોન્ગ કટ કહેવાય કે નહીં? પણ અમારો આશય થોડો જ રસ્તો કાપવાનો હતો? અમારે તો એક સાહસ કરવું હતું. નાનકડું સાહસ. શહેરની વચ્ચોવચ આવેલા પાર્કમાં સાહસ.

સામાન્ય વ્યવહારમાં બધે શોર્ટ કટ શોધવાની વૃત્તિવાળા અમારે માટે આ લોન્ગ કટનો અનુભવ અનેરો હતો.

## – શોર્ટ કટ -

એ તો તરવરિયા તોખાર જેવા મારા દોહિત્ર સાથેની સફરની વાત હતી. પણ આ તો બેળે બેળે ચાલતા, ઘોડાગાડીના ગલઢા અડિયલ ટટ્ટુ જેવા આ ડોસાની વાત છે! આ વાત લખી હતી ત્યારે જમણો ઢીંચણ જરીક આડો થયેલો હતો! સહેજ ચાલું એટલે રાડ્યું પાડવા માંડે. પણ ચાલ્યા વગર તો કેમ ચાલે? ન ચાલું તો સાવ બેઠાડુ જ થઈ જાઉં ને? એટલે દરરોજ થોડું થોડું ચાલવાનો મહાવરો રાખ્યો હતો. તે દિવસે પાર્કમાં ચાલવા ગયો. ગાડી પાર્ક કરી, આગળના રસ્તે જવા નીકળ્યો. પણ બાજુમાં જ સૂકા વહેળાની પાર સરસ લીલું મઝાનું ઘાસ હતું. નીચે ઊતરી, થોડુંક કષ્ટ વેઠી ચાલું તો ખાસું અંતર ઓછું થઈ જાય તેમ હતું. સાચવી સાચવીને કાચા ઢાળ પરથી વહેળામાં ઉતર્યો. અને બીજી પાર થોડુંક વધારે કષ્ટ લઈ

ચઢી પણ ગયો. ઘાસ વટાવી પાછો મુળ રસ્તે ચઢી ગયો. પગમાં જોડા નહીં પણ ચંપલ પહેરેલાં હતાં, એટલે લપસી જતાં પણ બચ્યો – ખાસ તો ઉપર ચઢતી વખતે.

સૌને શોર્ટ કટ શોધવાનું અને લાંબા રસ્તા ટાળવાનું સૌને ગમે છે – મારા જેવી તકલીફ વાળાઓને તો ખાસ. પણ એવા સરળ રસ્તાનાં પોતાનાં જોખમો હોય છે. ક્યાંક ગબડી પડવાની, લપસી જવાની, ઘવાવાની, કાયદાનું ઉલ્લંઘન થવાની, ક્યાંક અનૈતિકતાની, હાસ્યાસ્પદ થવાની શક્યતા હોય છે. બધા ચાલતા હોય તેવો, લાંબો રાજમાર્ગ સહી સલામત હોય છે. ક્યાંક તો શોર્ટ કટ ન જ લઈ શકાય. ક્યાંક એ લાંબો રસ્તો લેવાથી બીજી શક્ય તકલીફો બચી પણ જાય છે. ક્યાંક સરળ રસ્તા લાભ કરી આપે છે અને ક્યાંક લાંબા ગાળાનું નુકશાન પણ!

શોર્ટ કટ લેવો કે લોન્ગ કટ, એ પોતપોતાની આવડત, ચિત્તવૃત્તિ અને જોખમો વહોરવાની કાબેલિયત પર આધાર રાખતું હોય છે!

## – અનુકૂળ રસ્તો -

ઉપરોક્ત બે અનુભવ પરથી એવું તારણ નીકળ્યુ કે, અનુકુળ રસ્તો લેવો.સ્થળ, સમય, સંજોગને આધીન જેવી જરુર હોય તેવો રસ્તો લેવો. એકદમ વ્યવહારિક વાત. સીધા સટ રસ્તે ચાલવું. શોર્ટ કટ મળી જાય તો, લાંબા રસ્તે સ્વૈરવિહાર કરી ઠામુકાનો શ્રમ અને સમય ન બગાડવો. પણ, સાથે સાથે શોર્ટ કટનું જોખમ પણ ન લેવું.

**નો રિસ્ક ફેક્ટર! સમય વર્તે સાવધાન. જેવો વટ, તેવો વહેવાર. જે આંગળીએ ઘી નીકળે, તે વાપરવી.**

આ જ તો સરળ રીતે જીવવાની રીત. મધ્યમ માર્ગ. સફળ થવાની રીત. સામાન્ય અને સર્વમાન્ય રસ્તો. કોઈ વિવાદ વિનાની, ગળે શીરાની જેમ ઊતરી જાય તેવી વાત. પણ …કશુંક નવું કરવું હોય તો?

- નવી કેડી પાડવી હોય તો?
- નવું સંશોધન કરવું હોય તો?
- પનામાની કે સુએઝની નહેર બનાવવી હોય તો?
- ચન્દ્ર અને મંગળ સર કરવા હોય તો?
- અજાણ્યા રાહે ચાલી, નવા પ્રદેશો શોધી કાઢવા હોય તો?
- જીવનને સરળ બનાવે તેવા શોર્ટ કટ શોધવા હોય તો?
- પર્વતના શીખર પર ચઢવું હોય તો?
- જુની રસમો તોડી, નવી પ્રથાઓ સ્થાપવી હોય તો?

**એ તો વીરલાનું કામ. બહાદુર બંકાનું કામ. પાગલનું, નશામાં મસ્ત મસ્તાનાનું કામ. પથ પ્રદર્શકનું કામ. સામાન્યતાને વિસારી પાડનારનું કામ. અનુકૂળતા જ શોધનારનું એ કામ નહીં. વ્યવહારિક બુદ્ધિ ધરાવનાર, ગાડરિયા પ્રવાહમાં ચાલનાર, વધારે પડતા હુંશિયાર(!) જણનું એ કામ નહીં!**

# ૫૨ - રિવર વોક અને બંધ બારી

ઓસ્ટિનના સરસ મજાના રિવરવોકના લોખંડના એક બાંકડા ઉપર હું બેઠો છુ; અને મારી સામેની બધી ચહલ પહલ નિહાળી રહ્યો છું. સામે, નદીની પેલે પાર ડાઉન ટાઉનની ગગનચુંબી ઈમારતો ખડી છે – કોઈક વીસ માળની, તો કો'ક ચાળીસ માળની, તો કો'ક પચાસ માળની. સૌથી ઉંચી ઈમારત પર સ્વાભાવિક રીતે બધાંની નજર પડે; તેમ મારી નજર પણ ખેંચાય છે. એની આડી અને ઉભી, બધી બારીઓ બંધ છે – સાવ નિષ્ક્રીય અને કોઈ ચેતન વિનાની. હું એ બારીઓની પેલે પાર શું ચાલી રહ્યું છે; તે જોઈ શકતો નથી. કદાચ ત્યાં કોઈ આતરરાષ્ટ્રીય કમ્પનીનો કરોડો ડોલરનો કારોબાર ચાલી રહ્યો હશે. કો'ક માંધાતા તેની કુશાંદે ચેમ્બરમાં વૈભવશાળી ખુરશીમાં બેસી મ્હાલી રહ્યો હશે. કદાચ તેની ઘણે નીચે આવેલા પરિસરમાં સળવળતાં માનવ જંતુઓને જોઈ મૂછમાં મલકી રહ્યો હશે. એની આગળ નદી વહી રહી છે. એનાં પાણી હજારો વર્ષોથી આમ જ સતત વહેતાં રહ્યાં છે. એમાં જાત જાતની અને ભાત ભાતની હોડીઓ આવન જાવન કરી રહી છે. નદીની મારી તરફ રિવરવોક છે. એની ઉપર જાતજાતનાં અને ભાતભાતનાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો ચાલી, દોડી રહ્યાં છે. કોઈકની સાથે જાતજાતના અને ભાતભાતના કૂતરા પણ છે.

લોખંડનો એ બાકડો સાવ નિર્જીવ છે. એમાં કોઈ જ ચહલપહલ નથી. એ તો એમનો એમ જ, સાવ જડ અવસ્થામાં પડેલો રહેવાનો છે. એમાં કોઈ પરિવર્તનને અવકાશ નથી. હા! હું મારી કલ્પના અને વિજ્ઞાનના થોડાક જ્ઞાનને સહારે, એના અણુ અને પરમાણુમા સતત ચાલી રહેલી ગતિ વિશે વિચારી શકું છું. પણ બાંકડો એ જાણે છે ખરો?

મારી નજર હવે એ બાંકડાની બાજુએ આવેલ ઝાડ પર પડે છે. એની ડાળીઓ મને શીતળ છાયા આપી રહી છે. એનાં પાદડા પવનમાં ફરફરી રહ્યાં છે. એના લીલાં પાન તડકામા તપતાં શ્વસી રહ્યાં છે. સૂકી ભંઠ લાગતી એની ડાળીમાં ક્યાંક નવાંકુર ફૂટું ફૂટું કરી રહ્યો છે, થોડાક દીવસોમા એમાંથી કુંપળ ફૂંટશે અને નવી ડાળીનો કે કદાચ એક ફૂલની કળીનો નવો નક્કોર જન્મ થશે. પણ એ ઝાડ જોઈ શકતું નથી, સાંભળી શકતું નથી, સ્પર્શી શકતું નથી. એને કોઈ વિચાર પણ નથી આવતા. એ કશેય એક તસુ પણ ખસી શકતું નથી. એની ચેતના બાકડાના લોખંડની ચેતનાથી થોડેક આગળ આવીને અટકી ગયેલી છે.

ત્યાં ગળે માલિકના પટાથી બંધાયેલો એક કૂતરો દોડતો દોડતો અને મોંમાંથી જીભ બહાર લબડાવતો આવી પહોંચે છે. સ્વભાવવશ, કશીક મનગમતી ચીજને સૂંઘતો, સૂંઘતો, આમતેમ આથડતો, તે મારા પગને પણ સૂંઘી લે છે. પણ માલિકના ઈશારાથી મને અવગણીને વિદાય લે છે. કૂતરાની ચેતના ઝાડની ચેતના કરતાં ઘણી જટિલ છે. તે જોઈ શકે છે; સાંભળી શકે છે; સૂંઘી શકે છે; ચાખી શકે છે. કરડી અને ભસી શકે છે. તે ચાલી, દોડી, કુદી પણ શકે છે. પણ તેની વિચાર શક્તિ બહુ જ સીમિત છે.

આ બધું નિહાળતો હું કુતરા કરતાં ઘણું વધારે કરી શકું તેમ છું. મારી પાસે માણસને મળેલી મહાન દોલત – માનવ મન છે. હું ધારું તો એ બાંકડાને તોડી ફોડી, ગરમ કરી તેના પૂર્જાઓના અવનવા ઘાટ ઘડી શકું છું; તેને ભઠ્ઠીમાં ઓગાળી, તેના રસને બીબામાં ઢાળી સુંદર મૂર્તિ બનાવી શકું છું. હું એ ઝાડને કુહાડી વડે કાપી, તેના લાકડામાંથી આગ પેદા કરી શકું છું. અથવા એના બીજ અન્ય જગ્યાએ વાવી, એવાં અનેક ઝાડ ઘણે દૂર, નવા જ કોઈ બગીચામાં ઊગાડી શકું છું. હું તે કૂતરાને અથવા એના જેવા બીજા અનેક કૂતરા કે બીજાં પ્રાણીઓને પાળી, મારો માલિકી ભાવ સંતોષી શકું છું. 'મારી ચેતના કૂતરાની ચેતના કરતાં અનેક ગણી ચઢિયાતી છે.'– તેવો ગર્વ મારા મનમાં આકાર લેવા માંડે છે.

પણ, એમ ન બને કે, મારાથી અનેક ગણું ચઢિયાતું કોઈક હોવાપણું એવી અપ્રતિમ ચેતના ધરાવતું હોય; જેના થકી એને કોઈ દેખીતા રંગ, રૂપ, આકાર કે હોવાપણાંની જરુર જ ન હોય? જેને માનવ મનની કે અસ્તિત્વ/ અનસ્તિત્વની મર્યાદાઓ નડતી ન હોય? જે આ બધાંયની મ્હાંયલી પા અણુએ અણુમાં વ્યાપીને રહેલું હોય? જે આ બધાંયને હાલતાં, ચાલતાં, શ્વસતાં; કારણસર કે કારણ વિના, ધસમસતાં અને પ્રગટ અસ્તિત્વ વાળાં કરી દેતું હોય? – **પચાસ માળ ઉંચે આવેલી બંધ બારીની પેલે પાર બેઠેલા, પણ મારી આંખે ન દેખાતા ઓલ્યા માંધાતાની જેમ?**

અનુક્રમણિકા

# ૫૩ - રિસાયકલ કેન

કચરો રિસાયકલ કરવા માટેના કેન પર નજર પડી- અને બારેક વર્ષ પહેલાં 'રિડર્સ ડાયજેસ્ટ'માં વાંચેલ ત્રણ 'રિ' વાળો લેખ યાદ આવી ગયો. ગુજરાતી ભાષામાં 'રિ' અથવા રિસાયકલનો કોઈ સામાન્ય વપરાશનો અને ટૂંકો ને ટચ પર્યાય મળ્યો નહીં; એટલે તરત ગળે ઉતરી જાય તેવું આ જ શિર્ષક રાખીએ ! અને આમેય નામ કે રૂપમાં શું? તત્વ જ સમજવા જેવું હોય છે ને?

'રિડર્સ ડાયજેસ્ટ' ના એ લેખમાં વિશ્વમાં વધતી જતી માનવવસ્તી અને બધા જ દેશોમાં અને પ્રજાઓમાં સુખાકારી અને આધુનિક સુખ-સગવડો માટે વધી રહેલી દોડના કારણે સર્જાઈ રહેલી એક અપરિવર્તનશીલ, અને સર્વનાશ તરફ દોરી જતી; કઠોર, કડવી, વાસ્તવિકતા અને કરૂણ શક્યતા તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો હતો. આના એક ઉપાય તરીકે ત્રણ 'રિ' ની ત્યાં ભલામણ કરવામાં આવી હતી.

**REDUCE : REUSE : RECYCLE**

**વપરાશ ઓછો કરો. વસ્તુઓ ફરીથી વાપરો.કચરો ઉત્પાદન માટે ફરીથી વાપરો.**

હવે તમે જ કહો કે, એનું વધારે વિવરણ જરૂરી છે ખરું ? સત્યનારાયણના શીરાની જેમ ગળે ઊતરી જાય એવી છે કે નહીં?! છતાં હકીકત એ છે કે, અમેરિકા જેવા સૌથી વધુ વ્યય અને બગાડ કરતા દેશમાં આ શીરો વધારે ખવાવા માંડ્યો છે! જો કે, આ બાબતમાં અમેરિકા આખા વિશ્વનો સૌથી વધુ 'પછાત' દેશ પણ છે! પણ 'શીરા ખાતર શ્રાવક થનાર' – બધા વિકસતા દેશો અમેરિકન જીવન-પદ્ધતિના આંધળા અનુકરણમાં અને એ ખતરનાક દોડમાં વ્યસ્ત છે.

# ૫૪ - લિપિ

'ટોકન' - દેશમાં ઘેર દૂધની કોથળી આપી જતા અને એવા બીજા વ્યાવસાયિકોના આવાં પોતીકાં (!) ચલણથી આપણે માહેર છીએ. અમેરિકામાં ચકી ચીઝ અને એવા બીજા બાળકોના મનોરંજન માટેના સ્ટોરમાં પણ ટોકન આપણા જાણીતા છે જ ને?

પણ લિપિ શા માટે? અક્ષરો પણ એક જાતના ટોકન જ છે! આપણા મોંમાંથી નીકળતા અમૂક અવાજોનાં એ પ્રતીક છે. જેમ દૂધવાળો રોજે રોજ આપણી પાસે દૂધની કોથળી પહોંચાડવા નાણાં માંગવાની અને સાચવાની જફા / ખતરાઓના ઉકેલ તરીકે ટોકન રાખે છે, તેમ લિપિ પણ અવાજની ટોકન છે! એ ઘણી બધી જફા અને ગેર સમજ દૂર કરી શકે છે. ( જો કે, બરાબર ના લખાય તો નવી ગેરસમજ ઊભી પણ થઈ શકે છે હોં! ) વળી ગુજરાતીમાં લખેલ મસ્ત વાર્તા કે કવિતા કોઈ અંગ્રેજ, અમેરિકન કે રશિયનને માટે સાવ અર્થ હીન હોય છે ! ઓલ્યો દૂધવાળાનો ટોકન આપણા લત્તામાં જ હાલે. થોડેક જ દૂર જાઓ અને એ પસ્તી માટે ય નક્કામો!

તે દિવસે બાળકો સાથે હું અમારા માનીતા પાર્કમાં ગયો હતો. બાળકો રમતમાં મશગૂલ હતા. આથી મારું મન હમ્મેશની ટેવના કારણે આજુબાજુની ચીજો ઉપર કેન્દ્રિત થયું. એ ચીજો નવી વિચાર પ્રક્રિયા સર્જવા લાગી. અવલોકનો જ અવલોકનો - એક પછી એક ચાર અવલોકનો પ્રગટ થવા માંડ્યા. અને દરેકની પાછળનો વિચાર ખરેખર સરસ હતો.

જો કે, આમ પહેલી વાર બન્યું ન હતું. પણ ઘેર પહોંચતા સુધીમાં એકાદ વિચાર જ યાદ રહેતો અને બીજા વિલીન થઈ જતા. આથી તે દિવસે મને એક સુવિચાર સૂઝ્યો કે, આ વિચારોના મુદ્દા એ જ ક્ષણે લખી લેવા જોઈએ. મારી પાસે તો કાગળ, પેન્સિલ, પેન કશું જ ન હતું. કારમાં આ મળી રહેત. પણ પાર્કિંગ થોડે દૂર હતું. ત્યાં સુધી જઉં તો બાળકો ઉપર ધ્યાન ન રહે – ક્યાંક ભાગી જાય તો ક્યાં ખોળવા?

મને એક ફળદૂપ વિચાર આવ્યો કે, 'જો અત્યારે હું પથ્થરયુગમાં જીવતો હોઉં તો આ ચાર વિચારો યાદ રાખવા શું કરું ?' તરત બીજો સદવિચાર સ્ફૂર્યો કે, એ ચારેય વસ્તુની તરત યાદ અપાવે એવાં કોઈ પ્રતીકો મારે ખિસ્સામાં સંઘરવા જોઈએ. આથી આજુબાજુ નજર દોડાવી. આ ચારેય વિચારોને સ્મૃતિપટમાંથી ઢંઢોળીને જગાડે એવી, આજુબાજુમાં પડેલી, ચાર ચીજો મને ધીમે ધીમે મળી પણ ગઈ. એક નાનકડો પથ્થર, પ્લાસ્ટિકની સ્ટ્રો, ઘાસનું તણખલું, અને ઝાડની એક નાની, સૂકાયેલી ડાળી. મારા વિચાર પ્રવાહના ચારેય પદાર્થો સાથે આમનો મેળ બેસાડી દીધો.

એ ચારેય ટોકનને મારા ખિસ્સામાં અમૂલ્ય સિકાઓની સાથે માનભેર સ્થાન મળી ગયું !

પથ્થર – ચગડોળ * …………..ચગડોળની બાજુમાં પડેલો હતો

પ્લાસ્ટિકની સ્ટ્રો – લોખંડની પાટલી *…………પાટલી પર નાસ્તો કરીએ માટે

ઘાસનું તણખલું – જમીનના ઢોળાવ *…………….ચારે બાજુ ઘાસમાં ઢોળાવો

ઝાડની એક ડાળી – રેલના પાટા *………….બે સીધી લીટી

[ * – આ બધું વાંચવા મન થાય અને સમય હોય તો, અન્ડરલાઈન કરેલા શબ્દો પર ક્લિક કરી, એ બધાં પારાયણો ડાઉનલોડ કરી શકશો! ]

પછી થોડી વારે અમે ઘર ભણી પ્રયાણ આદર્યું. હું બાળકો સાથે બીજી વાતોમાં પરોવાયો. રસ્તામાં એક હોટલમાં નાસ્તો કરવા પણ અમે રોકાયા. હમ્મેશ બનતું હતું તેમ પેલી ચાર વાતો તો ક્યાંય વિસરાઈ ગઈ. ઘેર ગયો અને જેવું ખીસું ખાલી કર્યું, કે તરત પેલી ચાર ચીજો બહાર આવીને ટેબલને શોભાવવા માંડી. તરત જ મનના ઊંડાણમાંથી પેલા ચાર મૂળ વિચાર એક પછી એક ઝબકવા માંડ્યા. હવે તો બધાં જ સાધનો ટેબલ ઉપર હાજર જ હતાં. મેં ચારે ય વિચારો અને તેના મુખ્ય મુદ્દા લખી લીધા. હવે ચાર લેખની પાયાની સામગ્રી મારી પાસે હાથવગી બની ગઈ હતી.

## કદાચ ભાષાની લિપિનો મૂળ ઉદ્ભવ આમ જ થયો હશે ?

જ્યારે માણસ માણસ વચ્ચે કોઈ અંતર નહોતું, ત્યારે કોઈ સાંકેતિક કે પ્રતીકાત્મક સંજ્ઞાઓની જરુર જ નહોતી. બધો વ્યવહાર શરીરના હાવભાવ અને બોલીથી થઈ જતો હતો. જેમ જેમ માનવજીવન વધારે ને વધારે જટિલ બનતું ગયું હશે; માણસો દૂર ને દૂર રહેવા માંડ્યા હશે; તેમ તેમ સંદેશ પહોંચાડવાની જરુર ઊભી થઈ હશે. પહેલાં ખેપિયા કે સંદેશવાહક મારફત વાણી મારફતે સંદેશા મોકલાતા હશે. એમાં મારા જેવા, કોઈ ભૂલકણા જણે છબડો વાળ્યો હશે; અને ઓડનું ચોડ વેતરાઈ ગયું હશે. આથી બોલાતી વાણી પર ભરોસો ન રાખતાં, અગત્યના સંદેશ માટે આવી કોઈ પ્રતીકાત્મક વસ્તુઓ અને પછી ચિત્રલિપિ ઊભી કરાઈ હશે. કાળક્રમે એનું રુપાંતર અવાજને પ્રતિનિધિત્વ આપે તેવી લેખિત સંજ્ઞાઓ –લિપિ વપરાતી થઈ હશે.

આ પરિકલ્પના સાચી છે કે કેમ, તેનું અનુમોદન તો માત્ર ભાષાશાસ્ત્રીઓ જ આપી શકે. પણ એક વાત નિશ્ચિત છે કે, બોલાતી કે લખાતી ભાષા એ પ્રતીકાત્મક સાધન માત્ર જ છે. કોમ્યુનિકેશનનું સત્વ અને તત્વ તો વિચાર અને ભાવ જ હોઈ શકે. ભાષા અને લિપિ એક સગવડ છે – પેલી ચાર ચીજો જેવી.

# ૫૫ - વૃક્ષ અને વેલી - ૧

વસંત ઋતુની શરૂઆત હતી. હું પાર્કમાં ચાલવા ગયો હતો. ચોમેર શિયાળાની ભુખ્ખડતાનું સ્થાન લીલીછમ  હરિયાળીએ લઈ લીધું હતું. એક વૃક્ષ પર નજર ઠરી. એના થડને વીંટળાયેલી વેલીના લીલાં છમ પાન પણ દેખીતા રુક્ષ થડને લીલું છમ બનાવી રહ્યાં હતાં.

હું નજીક ગયો અને જોયું, તો વેલ થડને બાથ ભરીને વીંટળાયેલી હતી. મેં આ આલિંગનને તોડવા પ્રયત્ન કર્યો. પણ એ બહુ ગાઢ આશ્લેષ હતો! સખત પ્રયત્ન કરીને હું આમ કરવા સફળ થયો. પણ આ શું? ઠેકઠકાણે વેલીએ ઝાડના થડને વીંધીને, છેક અંદર સુધી મૂળ ઘાલ્યાં હતાં – અને તે પણ અનેક ઠેકાણે. વેલને વૃક્ષના રસમાંથી પોષણ મળતું હતું. એ તો સાવ પરોપજીવી હતી. મહામહેનતે પેદા કરેલા ઝાડના જીવનરસનો તે મફતિયા ઉપભોગ કરતી હતી. મેં એ વેલને કાપી નાંખી.

ગઈકાલે  એક અઠવાડિયા બાદ ફરીથી હું એ જ વૃક્ષ પાસેથી પસાર થયો. મને વેલ તોડી નાંખ્યાની વાત યાદ આવી ગઈ. મને એમ કે, ‘મુળથી ઉચ્છેદન પામેલી એ વેલ મૃત:પ્રાય જ થઈ ગઈ હશે ને?’ મારા આશ્ચર્ય વચ્ચે, એ વેલ તો મઝાથી વિલસી રહી હતી. ઊલટાંની વૃક્ષ ઉપર એ વધારે ઉંચે સુધી પહોંચી  ગઈ હતી. મેં જ્યાંથી એને કાપી હતી, તેની નજીકથી બે એક ઈંચ જેટલો છેડો ફરીથી કાપ્યો. એ મુળ સાવ સુક્કાં લાગ્યાં. વૃક્ષની સંસ્થિતિએ (સિસ્ટમ) પોતાની બધી તાકાત લગાવી, મારી જેમ જ વેલને મફતનું પોષણ મેળવતાં અટકાવવા, નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો.  દેખીતી રીતે, વેલનું પરોપજીવીપણું  એના ફેલાવાને રોકવાના વૃક્ષના કે મારા પ્રયત્નોથી વધારે તાકાતવાન હતું.

અને મન વિચારે ચઢી ગયું. માનવસમાજને ભરડો નાંખી, એનાં રસકસ ચૂસી લેતી, આવી તો કેટકેટલી વેલીઓ હાજરા હજૂર હોય છે? પૂર્વગ્રહો, ધિક્કાર, ક્રૂરતા, સ્વલક્ષિતા, દુર્જનતા, વર્ગ વિગ્રહ, જાતિ અને જ્ઞાતિ ભેદ, ધાર્મિક અને વૈચારિક મત મતાંતરો, શારીરિક/ વૈચારિક/ આર્થિક હિંસા, અત્યાચાર, આતંકવાદ… ગણી ન ગણાય એટલી સામાજિક વિષ વેલો… એને ગમે તેટલી ઊખાડો, એમનું આક્રમણ તો તેમનું તેમ જ. એમાં મીનમેખ ફરક ન પડે. ભલે ને મહાન વિચારકો અને સંતો મથી મથીને મરી જાય. અનેક ઈસુઓ વધસ્થંભ પર ખીલે ઠોકાતા રહે. આ વિષવેલનો તો  કોઈ અંત જ નહીં. ગમે  એટલા અવતાર ઉપરવાળો  ધારણ ન કરે, ‘શેઠની શિખામણ  ઝાંપા સુધી’ જ રહેવાની?

એટલી  જ આશાયેશ કે, જ્યાં સુધી મહેનત કરીને  જમીનમાંથી  છેક ટોચ સુધી પોષણ આપતું વૃક્ષનું જીવન તત્વ બળવાન છે; નાનકડા ઘાસનાં તણખલાનું તત્વ પણ પૃથ્વી પરના જીવનને પોષણ આપવાનો શ્રમ કરી રહ્યું છે; જ્યાં સુધી પાયાનો છેવાડાનો માણસ  જિજીવિષા અને જીવન સંઘર્ષની સાથે સાથે પાયાનું પ્રદાન કરતો રહેશે; જ્યાં સુધી સમાજના મોભી જેવા ધિંગા સજ્જનો અને સન્નારીઓ અથાક પ્રયત્નોથી સમાજના પોતને સુરેખ રાખવા પ્રયત્નશીલ છે - ત્યાં સુધી જીવનની સતતતા અક્ષુણ્ણ રહેવાની છે.

સલામ એ મૂળને!  સલામ એ ઘાસના તણખલાને! સલામ એ પાયાના છેવાડાના અદના આદમીને! સલામ એ સમાજના મોભીઓને! સલામ એ માતૃત્વને! સલામ એ જીવનના પાયાના તત્વને !

------

ફરી પાછો ત્રણ મહિના બાદ હું એ જ વૃક્ષની પાસેથી પસાર થાઉં છું. વસંત ઋતુમાં કાપેલી વેલની યાદ આવી જાય છે. પ્રયત્ન કરીને એ જ આ વૃક્ષ છે કે કેમ, તે યાદ કરવા કોશિશ કરું છું. પણ યાદ કરવાની જરૂર જ નથી. વેલનો જમીન તરફનો કપાયેલો છેડો ઉડીને આંખે વળગે છે. આ જ એ વૃક્ષ અને આ જ એ કપાયેલી વેલ.  પણ આ શું? વેલ તો સાવ સુકાઈ ગઈ છે. સમ ખાવા બરાબર એક પણ પાંદડું નજરે ચઢતું નથી. તેના સુકાયેલાં પાંદડાં પણ સૂસવાતા પવનમાં ફેંકાઈ અને ખેંચાઈ ગયા છે. માત્ર જૂનું, મૃત અસ્તિત્વની ચાડી ખાતું, સુકાઈને ભંઠ થઈ ગયેલું તેનું પાતળું થડ જ માંડ માંડ ટકી રહ્યું છે. એણે ઝાડના થડમાં ખોસેલાં મુળ પણ સુકાઈને થડના રંગના બની ગયાં છે. જ્યાંથી કાપી હતી, તે જગ્યાથી ઉપર બે એક ફુટ સુધી તો એમાં સડો પણ થઈ ગયો છે; જાણે કે, ઉધાઈએ તેને ભરખી ખાધી ન હોય.

અનુક્રમણિકા

અને મન ફરીથી વિચારે ચઢી ગયું. માનવ સમાજને કોરી ખાતી વિષવેલોને જો મૂળમાંથી કાપી નાંખવામાં આવે તો તેમનો પ્રભાવ ખાળી અને ટાળી શકાય છે. શું છે આ મૂળ? ક્યાં છે એ? આપણે ધ્યાનથી ચિંતન કરીશું તો એ સ્પષ્ટ જણાશે કે માનવજીવનના, માનવસમાજના મોટાં ભાગનાં દુ:ખોનું મૂળ માનવ સ્વભાવ, માનવ મન જ છે ને? આર્થિક ભ્રષ્ટાચારની જ વાત લો. લાંચ રૂશ્વત, સગાંવાદ, જાતિવાદ આ બધાંના મૂળમાં આપણી સ્વાર્થવૃત્તિ જ છે ને? આપણે સમાજને, સરકારને, નેતાઓને આ માટે બદનામ કરીએ છીએ. પણ લાંચ લેનાર છે, તેટલી જ વાસ્તવિકતા એ છે કે, લાંચ આપનાર પણ છે જ. ધાર્મિક ક્ષેત્રે પ્રવર્તમાન સડાને સૌ વગોવે છે. પણ એને પોષનાર કોણ છે? આપણા જેવા સામાન્ય માણસો જ ને? પરલોક સુધારવાની આશા, અને દુ:ખોથી મુક્તિ મેળવવાની આપણી લાલસા આ બધા તકસાધુઓને ઉત્તેજન આપતાં બંધ થઈ જાય તો?

વેલને મૂળથી કાપીએ તો જ થડના રસકસ ચૂસાતાં અટકે. આપણી સ્વાર્થવૃત્તિને કોરાણે મૂકીએ તો જ નીતિ-પરાયણ સમાજનું વૃક્ષ મહોરે.

હળવા મિજાજે –

આ પેરડી જ સાંપ્રત જીવન ચાલક તત્વનું ગાન છે ને?!

મફતમાં જે મળ્યું તેને સ્વીકારી લે અરે! માનવ
મળ્યું કે ના ફરી મળશે, તરત ખીસ્સું ભરી લેજે.

'દુનીયાની જુઠી વાણી ખરું છે સત્ય.' માની લે
કરોડો માછલાં ધોવાયાં, સાચું બોલવા માટે..

ફરી આવી તકો ના સાંપડે તુજને, ગ્રહી લેજે
ઘડી આવી મહામુલી, લગીરે રાહ ના જોજે.

જગતના આ પ્રપંચોમાં, નથી સ્વાશ્રય તણો મહીમા,
બીજાનાં સો પરાક્રમને સુખે તું પોતીકાં ગણજે.

પ્રભુની એ કૃપા માની, મફતને મસ્તકે ધરજે
'કદી વહેંચી ન ખાવું. ' તે મહા નીર્ણય કરી લેજે.

ડુબે ના કોઈ'દી તું, સમંદર સો તરી જાશે
બીજાનાં ટાંટીયા ખેંચી, સવાયો શેર તું થાજે.

હજારો હોડીઓ હાજર, હરખની તું હવા ખાજે
હલેસાં મારવાની વાતને તું મુર્ખતા ગણજે.

હવે રાજા થયો તું તો, મુછોને તાવ તું દેજે
સવારથના મહા આનંદનો, માથે મુગટ ધરજે.

# ૫૬ - વૃક્ષ અને વેલી - ૨

બે દિવસ રહીને ફરી પાછા એ જ ઝાડ પાસેથી પસાર થવાનું થયું. મનમાં મુસ્કાન હતી. કેવું રૂપકડું અવલોકન આ ઝાડ અને એ નષ્ટ થયેલી વેલીએ મને આપ્યું હતું? સમાજને કોરી ખાતી વિષવેલને જડમૂળથી ઉખેડી નાંખવાનું કેવું પ્રેરણાદાયી દર્શન આ જગ્યાએથી મને સાંપડ્યું હતું? મન પ્રસન્ન હતું. અને ત્યાં જ એ ઝાડથી અને રસ્તાથી થોડે દૂર, ઝાડીઓમાં બીજું એક ઝાડ નજરે ચઢી ગયું. આમ તો તે પણ તોતિંગકાય, ફૂલેલું અને ફાલેલું હતું. પણ આઠ દસ વેલા એના થડને કસોકસ વીંટળાયેલા હતા. કોઈ વેલો એક ઈંચથી ઓછા વ્યાસનો ન હતો. એક બે તો ખાસ્સા બે ઈંચ જેટલા જાડા હતા. છેક ઊંચે સુધી એમણે કસકસાવીને ઝાડને ફરતો ભરડો લીધો હતો.

અરેરે! આ અજગર જેવા વેલા તો શી રીતે કાપું? એને કાપવા તો કુહાડી જોઈએ; અને બહુ તાકાત પણ. મારા જેવા નિર્બળનું શું ગજું – આને નિર્મૂળ શેં કરાય? સમાજને કોરી ખાતી વિષવેલો પણ આમ જ અજગરની જેમ વકરી નથી વારૂ? એ સડો, એ વિકૃતિ, એ ભ્રષ્ટાચાર, એ પાપાચાર, એ જાતિવાદ, એ આતંકવાદ, એ હિંસા, એ બિભત્સતા, એ બળિયાના બે ભાગની જમાના જૂની રસમો. એનો અંત ક્યાં, ક્યારે અને કોનાથી?

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत**

**अभ्युथ्थानाय धर्मस्य, तदात्मानं सृजाम्यहं ।**

**- भगवद्गीता**

અરેરે! કેટકેટલા અવતારો આવીને ગયા. પણ એમના ગયા પછી? બધું હેમનું હેમ. પાછી એ જ વિષવેલો ફાલ્યા જ કરવાની - વધારે વિકૃત, વધારે શક્તિશાળી, વધારે રંજાડનારી વિષવેલો. મનમાં નિર્વેદ, નિર્વેદ અને નિર્વેદ વ્યાપી ગયાં. કાજળઘેરો સ્મશાન વૈરાગ્ય ઉભરાઈ આવ્યો. આ જ છે જીવનની નિયતિ? સતત પીસાતા જ રહેવાનું? સતત અસત્યનો, દુર્જનતાનો, પાપનો જ વિજય? કદી એ ઘડો હમ્મેશ માટે ફૂટી નહીં જવાનો? નિરાશાના ગર્તામાં ચારે તરફ નજર ફરવા લાગી - અસહાય નજર – નિર્બળતાથી લથડતી નજર.

પણ શું નજરે પડ્યું? વનરાજીની લીલીછમ્મ મોહકતા ચોગમ વ્યાપેલી હતી. વિષવેલો ઘણી હતી; પણ એનાથી અનેક ગણો વધારે વિસ્તૃત ફેલાવો તોતિંગ વૃક્ષોનો હતો. વન અને ઉપવન તો વૃક્ષો થકી જ વિલસે છે ને? વેલીઓની વિસાત કેટલી? એમનું ગજું શું? અને જમીન પર છવાયેલી હરિયાળી? એ ઘાસ તો સમસ્ત પ્રાણીજગતનું પાયાનું પોષણ નથી વારુ?

વિષવેલની તાકાતથી વધારે તાકાત આ વૃક્ષોની, આ ઘાસની નથી? ભલે આપણે વિષવેલોને કાપવા સમર્થ નથી, પણ આપણી સીમિત સૃષ્ટિમાં હરિયાળી ફેલાવતાં આપણને કોણ રોકી શકે એમ છે? અંધકાર ભલેને ચોગરદમ વ્યાપેલો રહે. આપણું નાનકડું કોડિયું પ્રગટેલું રાખવાની મજા શેં ન માણીએ?

कल्पना के हाथ से कमनीय जो मंदिर बना था
भावना के हाथ ने जिसमें वितानों को तना था

स्वप्न ने अपने करों से था जिसे रुचि से सँवारा
स्वर्ग के दुष्प्राप्य रंगों से, रसों से जो सना था
ढह गया वह तो जुटाकर ईंट, पत्थर, कंकड़ों को
एक अपनी शांति की कुटिया बनाना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

बादलों के अश्रु से धोया गया नभ-नील नीलम
का बनाया था गया मधुपात्र मनमोहक, मनोरम
प्रथम ऊषा की किरण की लालिमा-सी लाल मदिरा
थी उसी में चमचमाती नव घनों में चंचला सम
वह अगर टूटा मिलाकर हाथ की दोनों हथेली
एक निर्मल स्रोत से तृष्णा बुझाना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

क्या घड़ी थी, एक भी चिंता नहीं थी पास आई
कालिमा तो दूर, छाया भी पलक पर थी न छाई
आँख से मस्ती झपकती, बात से मस्ती टपकती
थी हँसी ऐसी जिसे सुन बादलों ने शर्म खाई
वह गई तो ले गई उल्लास के आधार, माना
पर अथिरता पर समय की मुसकराना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

हाय, वे उन्माद के झोंके कि जिनमें राग जागा
वैभवों से फेर आँखें गान का वरदान माँगा
एक अंतर से ध्वनित हों दूसरे में जो निरंतर
भर दिया अंबर-अवनि को मत्तता के गीत गा-गा
अंत उनका हो गया तो मन बहलने के लिए ही
ले अधूरी पंक्ति कोई गुनगुनाना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

हाय, वे साथी कि चुंबक लौह-से जो पास आए
पास क्या आए, हृदय के बीच ही गोया समाए
दिन कटे ऐसे कि कोई तार वीणा के मिलाकर
एक मीठा और प्यारा ज़िन्दगी का गीत गाए
वे गए तो सोचकर यह लौटने वाले नहीं वे
खोज मन का मीत कोई लौ लगाना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

क्या हवाएँ थीं कि उजड़ा प्यार का वह आशियाना
कुछ न आया काम तेरा शोर करना, गुल मचाना
नाश की उन शक्तियों के साथ चलता ज़ोर किसका
किंतु ऐ निर्माण के प्रतिनिधि, तुझे होगा बताना
जो बसे हैं वे उजड़ते हैं प्रकृति के जड़ नियम से
पर किसी उजड़े हुए को फिर बसाना कब मना है
है अँधेरी रात पर दीवा जलाना कब मना है

- हरिवंशराय 'बच्चन'

# ૫૭ - વૃક્ષ અને વેલી - ૩

ફરી પાછો પાર્કમાં. એના એ પાર્કમાં નિત નવા રસ્તા થોડા જ મળે? એના એ જ જૂના રસ્તેથી ચાલતો, એ જ વૃક્ષ પાસેથી પસાર થયો. આગળ જઈને એક બાંકડા પર શ્વાસ ખાવા બેઠો. પણ એકની એક વાત નવું શું અવલોકન આપે? માત્ર એટલો સંતોષ હતો કે, એ વૃક્ષ અને એ વેલીનો મારી ઉપર અનુગ્રહ કે, મને બે અવલોકનો લખવાની પ્રેરણા આપી.

ત્યાં એક ગોરા વૃધ્ધ આવીને મારી બાજુમાં બેઠા. એ પણ મારી જેમ ચાલીને થાકેલા હતા અને પોરો ખાવા આવ્યા હતા. સ્વાભાવિક રીતે આટલા નજીક બેઠેલા હોવાના કારણે અને નવરા ધૂપ ડોસલા હોવાના નાતે અમે વાતે વળગ્યા. મારા મનમાં તો એ વૃક્ષ અને વેલી તરોતાજાં છવાયેલાં જ હતાં; એટલે અકકર ચક્કરમાંથી મારી વાતમાં એ આવી ગયાં. મેં મારાં અવલોકનોની વાત કરી. એમને પણ એ વાતમાં બહુ રસ પડ્યો, વિષવેલની મારી ઉપમા તો એમને બહુ જ ગમી ગઈ.

તેઓ બોલ્યા," ચાલ, મને એ વૃક્ષ બતાવ."

બાંકડાથી ઘણી નજીક જ એ ઝાડ હતું. મેં તેમને એ બતાવ્યું. એ તો ખડખડાટ હસી પડ્યા, અને બોલ્યા, "તારી કલ્પના બહુ જોરદાર છે; પણ આ વેલ પરોપજીવી વેલ નથી. એણે તો માત્ર ઉપર ચઢવા આ ઝાડ પર આધાર જ લીધો છે. જો એનાં પાંદડાં લીલાં કચ છે. એ પોતાનું ક્લોરોફિલ પોતે જ બનાવે છે. જો વેલ પરોપજીવી હોય તો તેની ડાળી અને પાંદડાં સાવ પીળાં હોય, એને બધો રસ કસ ઝાડમાંથી જ મળી રહે." એમણે તો આ બાબતનું એમનું વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન મને પીરસવા માંડ્યું. એ જ્ઞાન આત્મસાત કરવા જેટલી મારી ક્ષમતા કે વૃત્તિ નથી. પણ મારા અજ્ઞાનનું તો મને ઠીક ઠીક ભાન થઈ જ ગયું.

કોઈ પણ ઘટના બને એને આપણે આપણી રીતે જ મૂલવવા ટેવાયેલા હોઈએ છીએ. આપણી મન:સ્થિતિ જે પ્રમાણે હોય, તે પ્રમાણે જ આપણે વિચારતા હોઈએ છીએ. એને અતિક્રમીને સત્ય શું છે, તે જાણવું હોય તો પહેલાં તો અભણ થવું પડે! બધા વિચારવાયુઓને વિસારી દેવા પડે. પછી કોઈ તત્વજ્ઞ કે સંદર્ભગ્રંથનો આશરો લઈ, અથવા ગૂગલ મહારાજને સહારે જઈ; નિરપેક્ષ અન્વેષણ કરવું પડે. પણ આપણે તો? તરત આપણા સીમિત જ્ઞાનના આધારે ન્યાયાધીશ બની જવા ટેવાયેલા હોઈએ છીએ. આપણે જે માનીએ તે જ સાચું. બીજું બધું જ અસત્ય – નરદમ જુઠાણું. આ જ તો આપણા હોવાપણાની બાંધેલી, ન બદલાઈ શકે તેવી, પથ્થરની દીવાલ પર કોતરેલી રીત છે. ( Fixed way of being). અભણ થવાનો (Unlearning) એક અનુભવ આ રહ્યો….

**ચાલો અભણ થવાનું શીખીએ**

"Hello friends,

You have come here, spending 2500/- Rs. of your precious money, just for listening to me for three days. You naturally have lots of expectations to get something from this discourse, and it is quite reasonable too. So, ladies and gentleman! It is my earnest and most sincere promise to you, and I will fulfill it with my best possible might – that.

**'YOU WILL GET NOTHING FROM THIS SEMINAR.'**

Shocked? Disillusioned? You think that this seemingly decent looking man is a cheat? I request you all earnestly to listen to me carefully for one hour. After that, if you still feel the same way, my friends at the back will return your precious 2500/- Rs. BUT, you will lose nothing, બecause if you get NOTHING here, you will have access to EVERYTHING ……" - '*Debu*'

અનુક્રમણિકા

ઉપરોક્ત શબ્દો ૧૯૯૬ની સાલમાં અમદાવાદમાં, હું જેમાં ભણવા ગયો હતો તેવા, એક સ્વ-સુધારણાના સેમિનારના શિક્ષકના હતા. પહેલા દિવસના અંતે રાત્રે દસ વાગે પહેલું સત્ર સમાપ્ત થયું ત્યારે 'ડેબુ'એ અમને એક ઘરકામ આપ્યું! 'સેમિનારના સ્થળ પરથી નીકળી બીજા દિવસે સવારે નવ વાગે પાછા આવો, તે દરમ્યાન જે કાંઇ બને તેની વાત બધાંને કરવાની. એ પતે પછી બીજા દિવસનું શિક્ષણ શરુ થશે.' હવે રાતના અગિયાર અને બીજા દિવસના નવ વાગ્યાની વચ્ચેના સમયની આ વાત મને તો સાવ ઊટપટાંગ લાગી. ખેર! આપણે તો બાપુ! ઘેર જઈને થાકના કારણે ઊંઘી ગયા!

બીજા દિવસે સવારે 'ડેબુ' એ એક અઢારેક વર્ષના છોકરાને ઊભો કર્યો અને તેનો અનુભવ બધાને કહેવાનું કહ્યું. આપણે તેને 'અ' કહીશું.

'અ' બોલ્યો –

હું ઘેર ગયો. ૧૧-૩૦ વાગ્યા હતા. ઘંટડી વગાડી. મારાં વૃધ્ધ દાદીમાએ દરવાજો ખોલ્યો. હું જોડા કાઢીને સૂવાના ઓરડામાં જતો હતો, ત્યાં દાદી બોલ્યા – " 'અ' બેટા, દૂધ પીશ? " મને આ ઘરડી દાદી બહુ વળગતી આવે તે સહેજ પણ ન ગમે. હું સાંભળ્યા વિના મારી રોજની ટેવ પ્રમાણે, મારા ઓરડા ભણી જતો હતો. આખો દિવસ જાતજાતની વાતો સાંભળી હતી; તેના પરથી મને અચાનક વિચાર આવ્યો – 'ભલે ને, દૂધ પી લઉં. ' દાદી દુધ ગરમ કરીને લાવ્યાં. ટેબલ પાસે બેસી મેં દૂધ પીધું. દાદી પણ સામે બેઠાં.

ડેબુએ 'અ' ને અટકાવ્યો અને કહ્યું – " દાદીએ તને શું આપ્યું? "

'અ' – " દૂધ જ તો વળી."

ડેબુ – "અને તેં દાદીને શું આપ્યું?"

'અ' – 'લો વળી, કાઇ જ નહીં."

ડેબુ – " દાદીના મોં પર કેવા ભાવ હતા?"

'અ' – તે ખુશ થયેલાં દેખાતાં હતાં. "

ડેબુએ અમને બધાને પૂછ્યું – " બોલો 'અ' એ દાદીને શું આપ્યું? "

કોઇ જવાબ શી રીતે આપે?

ડેબુ – "મિત્રો ! 'અ' એ તો એક મહાન ભેટ દાદીને આપી. જે દીકરો દાદીની દુનિયામાંથી ખોવાઇ ગયો હતો; તે તેણે દાદીને પાછો આપ્યો. તેનો આનંદ દાદીને હતો. " પછી ઊમેર્યું – " આપણે આપણી દુનિયામાં જ રહેતાં હોઇએ છીએ. જ્યારે બીજાની દુનિયામાં આપણે પ્રવેશ કરીએ, ત્યારે જ આપણને આ ભાવ સમજાય. જેમ જેમ આપણે આ સમજતા થઇએ તેમ તેમ આપણી દુનિયા ખૂલતી જશે, ખૂલતી જ જશે. આવી નાની નાની ઘટનાઓને જોવાની આપણી નજરમાં આમૂલ પરિવર્તન આવતું જશે."

અઠવાડિયા પછી બધાનું એક મિલન રાખ્યું હતું. ઘણા બધાને મંચ પર બોલાવી, તેમના જીવનમાં શું ફેરફારો થયા તે બધાને જણાવવા ઈજન અપાયું હતું . 'અ' નો વારો આવ્યો ત્યારે તેણે કહ્યું – " તમે જે દાદી અને દૂધવાળા પ્રસંગની વાત સમજાવી હતી, તે મારા મગજમાં એવી તો ઊતરી ગઇ કે, હવે હું સાવ અતડો હતો તે મિલનસાર બની ગયો છું. આ સાત દિવસમાં મને અગિયાર નવા મિત્રો મળ્યા છે. "

**આ છે અભણ થવાના ફાયદા... જૂનાં ચશ્મા ઊતારી નવા પહેરવાના ફાયદા.**

# ૫૮ - વૃક્ષ અને વેલી - ૪

હવે વેલીને કેવળ વિષવેલ તરીકે જોવાની મારી દષ્ટિ બદલાઈ. જેને વિકાસ માટે આધારની જરૂર છે, તેવા સમાજના નબળા વર્ગોના પ્રતીક તરીકે પણ આપણે તેને નિહાળી શકીએ. અરેરે મનવા! વૃક્ષ અને વેલી – પરોપજીવી, સ્વાશ્રયી કે આધારને માટે વલખાં મારતું કોઈ જીવન. એમનું જીવન એ સૌ એમની રીતે જીવ્યે રાખે છે. સમાજમાં સત, અસત; સબળ, નિર્બળ તત્વો પરાપૂર્વથી પેદા થતા જ રહે છે. પોતાનું જીવનકાર્ય પોતાની રીતે પૂર્ણ કરે છે અને ભુતકાળમાં વિલીન થઈ જાય છે. સંસાર તો આગળ વધતો જ રહે છે. પ્રગતિ, અધોગતિ, નવસર્જન, વિનાશ, ઉત્ક્રાન્તિ ... આ બધાં રોલર કોસ્ટરની જેમ ઊપર તળે થયાં જ કરે છે. કોઈ પેગંબર, વિચારક, સમાજ સુધારક, ફિલસૂફ, રાજકર્તા કે સેનાપતિ આ ક્રમને આમૂલ રીતે ઉથાપી શક્યા નથી. આમ કેમ થાય છે? અથવા આનાથી વધારે સારી રીત કે વ્યવસ્થા કેમ ન હોય? – એ બધા તર્કના, વાણી વિલાસના, અર્થહીન પ્રલાપ નથી વારુ? અને તરત અવળચંડુ મન બબડી ઊઠ્યું , “ તો આપણે શું હાથ જોડીને બેસી રહેવું? સ્લમ ડોગને સ્લમમાં જ સબડવા દેવા? આપણું સમાજ તરફ કોઈ ઉત્તરદાયિત્વ જ નહીં? “

ગઈકાલે, બરાબર આઠ મહિના પછી, ફરી પાછો, હું પાર્કમાં આવેલા એ વૃક્ષ પાસેથી પસાર થયો. અને ત્રણ જૂનાં અવલોકનો યાદ આવી ગયાં. વેલીનો વૃક્ષ પરનો ભરડો વધારે સઘન બન્યો હતો! હવે તો છેક ઊંચેથી તે વેલીની તગડી શાખા વડવાઈની જેમ લટકી રહી હતી. એને છેક જમીન સુધી પહોંચી નવા મૂળ નાંખવા હતા. રસ્તાથી થોડે દૂર બીજાં વૃક્ષો પર નજર ગઈ. અનેક વૃક્ષો વેલીગ્રસ્ત દેખાણાં! જૂન મહિનાના આકરા તાપમાં આ વૃક્ષો, વેલીઓ અને જમીન પર ઊગેલા લાંબા, ઊંચા ઘાસની લીલીછમ્મ વનરાજી છવાયેલી દષ્ટિગોચર થઈ.

ધ્યાનથી નજર કરી તો વૃક્ષ અને વેલી પર અનેક કીડીઓ ચહલ પહલ કરી રહી હતી. એક પક્ષીએ કદાચ પોતાની ઘરવાળીને સાદ પાડતો ટહૂકો કર્યો. એક ખિસકોલી બીજીની પાછળ પીછો કરતી ઝાડની ડાળીઓ પર કુદંકુદા કરતી પણ નજરે ચઢી. વિચાર નિમગ્ન એવો હું રસ્તા પર આગળ વધ્યો. મારી બાજુમાંથી એક મકોડો તીવ્ર ગતિએ, મારી કશી પરવા કર્યા વિના, ક્યાંક પહોંચી જવા લપકી ગયો.

ત્રણ ત્રણ અવલોકનો, અલગ અલગ વિચારો, આશાના, નિરાશાના, વ્યથાના, દ્વિધાના, જ્ઞાન અને અજ્ઞાનના વિચારો. પણ સૃષ્ટિ તો એની મેળે, એના અકળ નિયમો થકી, મારા બધાયે ડહાપણ, દોઢ ડહાપણ, ગાંડપણની એસી તેસી કરીને, પોતાના રાસમાં રમમાણ હતી. વૃક્ષો, વેલીઓ, ઘાસ, પક્ષીઓ, ખિસકોલીઓ, કીડીઓ, મકોડાઓ અને મને નહીં દેખાતા બીજાં ઘણાં જીવોનું આ ‘બાયોમ’( Biophysical નું ટૂંક રૂપ – જીવભૌતિક) યથાવત વિલસી રહ્યું હતું. સૌ એકમેક પર આધાર રાખીને પોતપોતાની જીવન યાત્રામાં મશગૂલ હતાં. એમાં હિંસા હતી; તો સહ અસ્તિત્વ પણ હતું. પરોપજીવિતા, આશરો, અસહાયતા, સર્વોપરિતા અને સહકાર પણ મોજૂદ હતાં જ. હું હોઉં કે ન હોઉં; તેનાથી મીનમેખ ફરક એમાં પડવાનો ન હતો. જીવનનો રાસ, સૃષ્ટિના સાતત્યનો રાસ અવિરત જારી હતો.

મારા આખાયે આયખાની, મારા જીવનના રાસની એક લહેરખી ચિત્તમાંથી પવનના ઝપાટાની જેમ પસાર થઈ ગઈ. ભૂત અને ભવિષ્યની વચ્ચે ચસોચસ ગોઠવાયેલો અને સતત ગતિ કરતો રહેતો વર્તમાન જ એક માત્ર સત્ય છે; એ ઊડીને આંખે વળગી રહ્યું. બદલાવના, પરિવર્તનના ચઢાવ અને ઊતરાવને અતિક્રમીને વર્તમાનનું એ સાતત્ય મારા ચિતને ઘેરી રહ્યું. અવલોકન કરો કે ન કરો; કશો ફરક પડવાનો ન હતો. અને છતાં દર ઘડી, દરેક સ્તળે, બધું બદલાઈ રહ્યું હતું. માના શરીરમાં સાવ નાનકડું ઈંડું બનીને ૭૪ વર્ષ પહેલાં સુષુપ્ત પડેલો આ જ જણ હતો. અને આજે ચાર દાંત પડેલો, લથડાતી ચાલે ચાલતો ડોસો પણ એ જ જણ છે. કાલે એની રાખ આ જમીનની માટીમાં મળી જશે.

**બધું બદલાતું રહે છે. પણ જે જીવાય છે; તે આ ક્ષણમાં છે. એ જ એકમાત્ર સત્ય છે. આ ઘડીનો ધડકાર, એ થડકાર, એ શ્વાસ અને ઉછ્વાસ, એ કંપન .. આ જ છે જીવન. આ જ છે હોવાપણું. બાકી બધા વિચારો, બધાં અવલોકનો, બધી મમતા અને વ્યથા મનની માયા માત્ર જ છે.**

અનુક્રમણિકા

# ૫૯ - શા માટે?

'ખદબદતા ભ્રષ્ટાચારથી અકળાઈને, પ્રાત:સ્મરણીય શ્રી. અન્ના હજારે આમરણ ઉપવાસ પર ઉતર્યા છે.' એ સમાચાર જાણીને મન ખળભળી ઊઠ્યું અને 'શા માટે?' નો આક્રોશ અભિવ્યક્ત થઈ ગયો.

- એમ કેમ કે, કોઇ પણ સારી ચીજ સદા સારી રહી શકતી નથી? એમ કેમ કે, જમાનાઓથી સારપ ઠેર ઠેર વેરાયેલી રહેવાં છતાં અસત્યનો ઘોડો જ સદા આગળ રહેતો હોય છે?
- શા માટે **'सत्यमेव जयते'** નાં સૂત્રો વારંવાર ગાવાં પડે છે? શા માટે અનેક લોકોત્તર મહાત્માઓ, સંતો, યુગપરિવર્તકો અને પેગંબરો પેદા થયા છતાં અધર્મ ફૂલ્યો અને ફાલતો જ રહે છે?
- અસત્ય કપટ,સ્વાર્થની નો મહિમા ગાતી કોઈ મદરેસા કે પાઠશાળા ન હોવા છતાં એના પાઠ લોકો શા માટે બહુ જલદી આત્મસાત કરી લેતા હોય છે?
- એમ કેમ કે, સત્ય, નીતિ, શીલ શીખવાડવા પડે છે; અને છતાં તરત વિસરાઈ જાય છે.
- જીવન માટે શીલ જરૂરી છે જ. પણ પ્રેક્ટિકલ બનવા આપણે સૌ કયા શિક્ષણથી પ્રેરાઈએ છીએ?
- એમ કેમ કે, જો ઈશ્વર છે; તો પ્રતિ ઈશ્વર પણ છે જ?
- શું માનવતામાં પશુતા એટલી ધરબાઈને પડેલી છે કે, એનું આમૂલ પરિવર્તન કદી શક્ય જ નથી?

**यदा यदा हि धर्मस्य ग्लाजिर्भवति भारत**

**अभ्युत्थानाय धर्मस्य तदात्मानं सृजाम्यहं ।**

એમ કહીને શ્રી કૃષ્ણ કબુલ નથી કરતા કે, ધર્મની ગ્લાનિ તો થયા જ કરવાની?

**શા માટે? શા માટે? શા માટે?**

કોઈ પણ શીલ અને સદાચારના ચાહક, સમજદાર માણસને આવો આક્રોશ થાય જ – એવો માહોલ છે.

અને પછી આ વિચાર ઉદભવ્યો -

- ગુરુત્વાકર્ષણ છે; માટે દરેક ચીજ નીચે જ પડવાની.
- જડમાં કોઈક અજાણી તાકાત ભલે ને જીવન પ્રગટાવે. પણ તેનું મૃત્યુ નિશ્ચિત છે જ.
- એક સરસ મજાના પૂંઠા વાળું અને મનભાવન સુગંધથી તરબતર, નવું નક્કોર પુસ્તક ખરીદ્યું હતું. વાંચીને કબાટમાં મૂકી દીધું હતું. ગઈકાલે વીસેક વરસે મન થતાં, એને બહાર કાઢ્યું. અને આ શું? પાનાં પીળાં પડી ગયાં હતાં; જર્જરિત થઈ ગયાં હતાં, ન ગમે તેવી વાસ એમાંથી આવતી હતી.

આ જ તો પ્રકૃતિનો સામાન્ય નિયમ છે. બધું સતત અવનત થતું રહે છે. આખુંય અવકાશ અંધકારમય, શૂન્ય. અને ઠંડુગાર છે. ક્યાંક જ આગ ઝરતા તારાઓ છે. અને એ પણ અબજો વર્ષો પછી 'બ્લેક હોલ' બની જવાના છે! 'શા માટે?'ના આક્રોશનો આ ન ગમતો ઉત્તર છે. એ જ વાસ્તવિકતા છે. આથી જ શીલ, સદાચાર, સુવિચાર, પ્રેમ, કરૂણા, સુંદરતા, માધુર્ય, વિકાસ, ઉન્નતિ. ઉત્ક્રાન્તિ ગમતાં હોય તો પણ; સૃષ્ટિનો ક્રમ જ છે – એ અવનત થવાનું, થવાનું અને થવાનું જ. એનો ગમ ન કરીએ. એ તો એમ જ હોય.

અનુક્રમણિકા

- નીચે પડેલી ચીજને ઉપર ચઢાવવા તાકાતની જરૂર પડે છે.
- વહી જતા પાણીને પમ્પ વડે ઊંચે ચઢાવવું પડે છે.
- જડમાં જીવન પ્રગટે છે; ત્યારે જ પ્રવૃત્તિ શક્ય બને છે.
- ગમે તેટલી દુષ્ટતા, કુરૂપતા, લોભ, મોહ, મદ, અહંકાર, લોલુપતા ન હોય; જીવન હમ્મેશ શુદ્ધ આનંદને માટે તલસે છે.
- ગમે તેટલો અંધકાર ન હોય; તારાઓ ઝગમગવાના જ.
- રાત ભલેને હોય; સૂર્ય પ્રકાશવાનો જ; જીવન પ્રગટાવવાનો જ.

જીવીએ છીએ, ત્યાં સુધી દિવો પ્રગટેલો રાખીએ. ઈશ્વરમાં માનીએ કે ન માનીએ; આત્મા/ પરમાત્માના વિવાદોમાં ફસાયા વિના આજની ઘડીને રળિયામણી બનાવતા રહીએ. આજુબાજુ ગમે તેટલી ગંદકી ન હોય...

- વૈષ્ણવજન બનીએ.
- સાચા ખ્રિસ્તી બનીએ
- પાક મુસ્લિમ બનીએ
- તપસ્વી જૈન બનીએ
- સૌ માટે મંગળકામના ચાહતા બુદ્ધ બનીએ
- માનવતાવાદી વિવેકપંથી બનીએ.




સંસ્કૃતમાં એક સરસ  શ્લોક યાદ આવી ગયો-

**सर्व जातिशू चाण्डालाः**
**सर्व जातिशू ब्राहमणाः**
**ब्राह्मणेष्वपि चाण्डालाः**
**चाण्डालेष्वपि ब्राहमणाः ।**

**બધી જાતિઓમાં ચંડાળો ( દુર્જન) હોય છે.**
**બધી જાતિઓમાં બ્રાહ્મણો ( સજ્જનો) હોય છે.**
**બ્રાહ્મણોમાં પણ ચંડાળ હોય છે.**
**ચંડાળોમાં પણ બ્રાહ્મણ હોય છે.**

અને રસ્તા પર કાર ચલાવતાં આ એક અવલોકન...

સરસ મજાનો રસ્તો છે. બન્ને બાજુ અને રસ્તાની વચ્ચે પણ આંખને ઠારી દે તેવી હરિયાળી છવાયેલી છેરસ્તાની એક બાજુએ શહેરનો જાણીતો પાર્ક છે. સહેજ આગળ જતાં એ રસ્તો શહેરના એક ઠીક ઠીક મોટા તળાવ નજીકથી પસાર થાય છે. મન નાચી ઊઠે તેવો માહોલ છે – કવિ હૃદયમાં કવિતા સ્ફૂરી ઊઠે તેવો.  પણ.. થોડાક જ ફૂટ નીચે શું છે? આખાયે શહેરની ગંદકીને શહેર બહાર ઠાલવતી બાર  ફૂટ વ્યાસવાળી

ગટરમાં લાખો લોકોએ સૂગથી ત્યજી દીધેલી, ગટર ગંગા વહી રહી છે. એમાં લાખો કીડા અને વંદા મહાલી રહ્યા છે. એ બધું નજરે પડે તો? ત્યાં નજર તો પહોંચે તેમ નથી છતાં એ છે તો ખરી જ.

સરસ મજાની ફાઈવ સ્ટાર હોટલમાં પાર્ટી યોજાઈ છે. ફેશન પરેડની અંદર હરિફાઈ કરતાં હોય તેમ, સભ્ય સમાજના સદગ્રહસ્થો અને સન્નારીઓ, ચકાચૌંધ માહોલમાં મહાલી રહ્યા છે. બાજુના ટેબલ પર મોંઘીદાટ, જાતજાત અને ભાતભાતની, ખુશબૂદાર વાનગીઓની સોડમથી મોંમાં પાણી છૂટી જાય છે. પણ એ દરેક સભ્ય જણ, પોતાની સાથે ગંદી, ઊબકા આવે તેવી વિષ્ટાથી ભરેલી કોથળી સંતાડીને ફરી રહ્યું છે – તેની ઉપર કદી આપણી નજર પડવાની નથી.

આછાં વસ્ત્રો પહેરેલી, રૂપરૂપના અંબાર જેવી નૃત્યાંગના સ્ટેજ ઉપર અંગો ઉછાળતી નાચી રહી છે. એના પ્રત્યેક નખરાં થકી પુરૂષોની કામૂકતા તો ઉત્તેજિત થાય છે જ; પણ દર્શક સ્ત્રીઓ પણ તેનાં રૂપને ઈર્ષ્યાના ભાવથી નિહાળી રહી છે. પણ.. એના એ મનોહર, સૌંદર્યથી છલકાતી, ચામડીની એક જ મિલીમિટર નીચે લોહીથી લથબથ માંસ, ભય ઉપજાવે તેવા હાડપિંજરની ઉપર લટકી રહ્યું છે – તેની ઉપર આપણી નજર નથી જ પડવાની.

એક દેશનેતા મંચ પરથી લાખોની માનવમેદનીને સૂફિયાણી દેશદાઝ અને સેવાના ભેખની આલબેલ પુકારી રહ્યો છે. એની જોમભેર વાણીના પ્રવાહમાં, હકડેઠઠ માનવમેદની વાક્યે વાક્યને તાળીઓના ગડગડાટથી વધાવી લે છે. પણ એ માંધાતાનું મન તો કલાક પછી, આંતરરાષ્ટ્રીય કમ્પનીના પ્રતિનિધિ પાસેથી કેટલા કરોડની લાંચ મળવાની છે; એના ખયાલોમાં નાચી રહ્યું છે – એની ખબર થોડી જ આમ જનને પડવાની છે? પણ એ મહાપ્રતાપી નેતાના સ્વીસ બેન્કના ખાતામાં એની દસ તો શું , સો પેઢી પણ ભોગવતાં ન ખૂટે તેટલો ભંડાર ભરેલો છે.

ગગનચુંબી, વૈભવી ઈમારતો અને મહાલયોથી થોડેક જ દૂર દરેક ક્ષણે, સતત, માનવતા ગંદી ગલીઓમાં, ભૂખી, પ્યાસી દરિદ્રતાના બધાં દૂષણોમાં મજબૂરીથી કણસી રહી છે – તે આપણી નજરે કદી પડે છે?

નકારાત્મક દૃષ્ટિ? પાણીથી અડધો ભરેલો પ્યાલો – ખાલી પણ કહી શકાય; અને ભરેલો પણ કહી શકાય. ચમકતા રૂપની પાછળ ગંદી, ગોબરી કુરૂપતા પણ નિહાળી શકાય. જેવી જેની નજર. પણ સત્ય તો કઠોર છે - રૂપ અને કુરૂપ બન્ને છે, છે ને છે જ. રૂપ, કુરૂપ બન્ને હોવા છતાં – એ વાસ્તવિકતાનો સ્વીકાર કરવાની તૈયારી આપણે કેળવી શકીએ? જગતના સર્જન કાળથી જ બન્નેનો આવિર્ભાવ થતો રહ્યો છે.

રૂપના પરમાણુ અને કુરૂપના પરમાણુમાં કોઈ તાત્વિક ભેદ નથી; એટલે કે, એમાં આ સારું અને આ ખરાબ – એવું કશું હોતું નથી. હું, તમે, આપણે સૌ .દરેક વસ્તુને આપણી મનોવૃત્તિ મુજબ સારા/ નરસામાં; ગમતા/ અણગમતામાં વિભાજિત કરવા માટે ટેવાયેલા છીએ. પણ વાસ્તવિકતા તો એ છે કે, દરેક ચીજને અનેક પાસાં હોય જ છે. પ્રેમ અને ધિક્કાર એક જ ગુણના બે પ્રતિબિંબો છે. આપણે સાવ અજાણી વ્યક્તિને ધિક્કારતા નથી હોતા. આપણા અંગત દુશ્મનો એક કાળે આપણા મિત્રો જ હતા. પણ, આપણે સતત ન્યાય આપતા ન્યાયાધીશો હોઈએ છીએ!

જેમ જેમ આપણે જાગૃત થતા જઈએ, તેમ તેમ જીવનનાં આવાં અનેક રૂપ આપણને દેખાવા લાગે, અને સમતા ગાઢ બનતી જાય. જ્યારે આપણે પુરા જાગૃત બની જઈએ, ત્યારે પૂર્ણ પ્રકાશનો અનુભવ થાય કે, સતત, સદા, દરેકે દરેકે દરેક ચીજ પરિવર્તન પામતી હોય છે. ગણી ન શકાય તેટલા અણુઓ અને પરમાણુઓ સતત એક મેક સાથે સંયોજાતા રહે છે – વિખૂટા પડતા રહે છે. આકારો સર્જાય છે, અને વિલય પામે છે. અરે! એ દરેક પરમાણુમાં પણ ઇલેક્ટ્રોન તિવ્ર ગતિથી કેન્દ્રની આજુબાજુ ઘૂમ્યા કરતા હોય છે.

આમાં શું સાચું, અને શું ખોટું? સારું અને ખરાબ – એવી વ્યાખ્યાઓ તો આપણે ઊભી કરી છે. એ ત્રાજવાં તો આપણા મને બનાવ્યાં છે. આપણે એને ત્યજવા શક્તિમાન નથી. કે પછી એવા શક્તિમાન આપણે બની શકીએ તેમ છીએ?

# ૬૦ - સાબુ પર સાબુ

**- ૧ -**

સાબુ પર સાબુ? આ તે કેવી ઊટપટાંગ વાત? હા! એમ જ છે. લો જોઈ જ લો ને –



તમે કહેશો ... "અહો! આમ વાત છે.આમાં શું નવાઈ? અને તે પણ ગુજરાતીને ? અમદાવાદીને? વાત એમ છે કે, આ દૃષ્ય જોયું અને બ્લોગબદ્ધ ( નવા શબ્દની રચના ! 'વાહ, રે! મેં વાહ.') કરવા તલપાપડ થઈ ગયો. પહેલાં એનો ફોટો પાડ્યો; અને હવે આ આલેખન. આમાં એક જ સંદેશ ત્રેવડ, કરકસર - આજે સાબુની બચેલી પતરી બચાવો; એમ બને કે, કાલે નહાવા સાબુ જ ન હોય.

- ખોરાકની અછત
- પાણીની અછત
- ઉર્જાની અછત

કારણ?

- વધતી જતી વસ્તી
- કૂદકે ને ભૂસકે આગળ ધપતું જીવન ધોરણ
- અમર્યાદિત બનતી જતી માનવ અપેક્ષાઓ
- જમીનનો વધતો જતો બિન ઉત્પાદક ઉપયોગ અને...
- દરેક સેકન્ડે ટાંચાં થતાં જતાં સ્રોતો

માનવજાતના માથા પર તોળાઈ રહેલી તાતી તલવાર; ભયાનક ભવિષ્યના કાળઝાળ ઓથારનો ઉવેખી ન શકાય તેવો, અચૂક અણસાર.

પથ્થરયુગથી સ્પેસમાં પહોંચેલો કાળા માથાનો ( કે બીજા ગમે તે રંગના માથાનો ), માથા ફરેલ માનવી કશોક ઊકેલ તો શોધી જ કાઢશે; અથવા સૌથી બળિયો બીજા બધાંને ઢાળી દઈ, એકદંડીયા મહેલમાં મિત્રમંડળ, કુટુમ્બ કબીલા સહિત મઝેથી મહાલશે.

પણ, આજે તો સાબુ પર સાબુ મૂકો અને એ પળને થોડીક આઘી ધકેલો; પથ્થરયુગમાં પાછા ધકેલાઈ જવામાંથી બચવાનો ઊકેલ મળી જાય તે પહેલાં.

અનુક્રમણિકા

## - ૨ -

સાબુ પર સાબુ જોયાને પંદર દિવસ થઈ ગયા. આજે ફરી એની પર નજર પડી. સ્વાભાવિક રીતે આજે ત્રેવડની વાત તો ન જ હોય ને? સાબુની નાનકડી પતરી હવે તો સાવ નાની થઈ ગઈ છે. મોટા સાબુમાં ઓગળવાની પ્રક્રિયા લગભગ પતવામાં જ છે. એની મોટા ભાગની જાત પાણી સાથે ઓગળીને વહી ગઈ છે.

હવે દ્વૈતનું અદ્વૈતમાં રૂપાંતર થવાનું છે. સમજુને બીજું કશું કહેવાની જરૂર છે ખરી?

## - ૩ -

આજે બાથરૂમમાં એવા જ સાબુને જોતાં સાવ નવા જ વિચારો ઊભરી આવ્યા. હવે ત્રણ પતરીઓ ભેગી થઈ ગઈ છે.

**સાબુની ત્રણ પેઢી!**

નવા સાબુની ઉપર ચોંટાડેલો નાનકડો, જૂનો સાબુ અને તેનીય ઉપર ચોંટાડી છે – ટચૂકડી, ત્રણેમાં સૌથી જૂની પતરી.

જે સૌથી નાનો છે; તે સૌથી જૂનો છે. કદાચ સાબુના એ ભાગને વાપરવામાં ન આવે, તો તે એમનો એમ રહે અને મોટા દેખાતા સાબુભાઈ પણ નાનકડા બની જાય. સાબુની નવી પેઢી આવે અને તેમને ઓલ્યા વડીલોની વચ્ચે ધકેલી દે! ત્રણને બદલે ચાર પડ બની જાય. એમ પણ બને.

આપણા મન પર તો આવાં કેટલાંય પડ છે. સાબુ તો શું, ડુંગળીનાં કે કોબિજનાં પડ પણ એની આગળ કોઈ વિસાતમાં નથી. જન્મતાંની સાથે કદાચ ઉત્ક્રાન્તિની પ્રક્રિયાથી સંઘરાયેલાં અનેક પડ આપણને ડી.એન.એ. પાસેથી મળી જાય છે. જેમ જેમ આપણે મોટાં થતાં જઈએ છીએ; તેમ તેમ બીજાં અનેક ઉમેરાતાં જાય છે. પેલાં જૂનાં તો બહુ સૂક્ષ્મ હોય છે, આપણી મોટા ભાગની પ્રતિક્રિયાઓ આ જૂના, રૂઢ થઈ ગયેલા, વજ્રલેપ બની ગયેલા સંસ્કારો થકી હોય છે.

એમને અતિક્રમી અંદરના પોતને ઝળહળાવવા બહુ કઠણ તપ કરવું પડે છે. જેમ જેમ આ પડ ઉકેલાતાં જાય છે; તેમ તેમ જૂનાં ઊભરવા માંડે છે. જેમ મોટા સાબુને ઓગાળવો વધારે સરળ છે; તેમ નવા વહેમો જલદી ઓગળી શકે છે. પણ એ બુઢ્ઢા ખખ કેમેય જવાનું નામ નથી લેતાં!

નવા જમાનાની રીત વધારે સારી. જૂની પતરીઓને આમ સંઘરવા કરતાં ફેંકી દઈ, સાવ નવો નક્કોર સાબુ જ વાપરવો!

***પણ આ અમદાવાદી જણની ચિત્તવૃત્તિ એમ શી રીતે આમૂલ પરિવર્તન પામે?***

## - ૪ -

એ ત્રણ ભાગ કરતાં આ સાવ જુદું જ અવલોકન છે. સ્ટોરમાં ફરતાં સાબુઓની થપ્પી પર નજર કેન્દ્રિત થઈ, ઉપરા ઉપરી ઘણા સાબુ મૂકેલા છે. અથવા એમ દેખાય છે! જે દેખાય છે; તે સાબુ નથી. રેપર છે. અંદર સાબુ હોય કે ન પણ હોય!

આપણી નજર સામે માણસ દેખાય છે. એ માણસ કહી શકાય તેવો માણસ હોય કે ન પણ હોય! મોટા ભાગે આપણે રેપર – મહોરાં જ જોતાં હોઈએ છીએ. આપણે ખુદ પણ રેપર જ – અનેક મહોરાં જ. બીજી રીતે કહીએ તો, આપણે બાહ્ય દેખાવ પરથી જ અનુમાન બાંધી લેવા ટેવાયેલા હોઈએ છીએ. મૂળ તત્વ ક્યાં સહેલાઈથી જોઈ શકાતું હોય છે?

**- ૫ -**

દૃશ્ય એ જ પણ નવો વિચાર. બાથરૂમમાં જતાં સાબુ પર નજર ગઈ. ગયા શુક્રવારે જ નવો કાઢ્યો હતો. જૂનો કોણ જાણે ક્યાં હતો! પણ ગઈકાલે એ જૂનો સાબુ હાજર થઈ ગયેલો દેખાયો- નવા પર સવારી કરીને જ તો! બે જણ થોડા દિવસ અલગ અલગ રહ્યા હતા. નવાની ઉપર જૂનો મૂકીએ તો અળગો જ રહે. પણ આજે બે એકરૂપ થઈ ગયા હતા – અલગા કરવા હોય તો પણ ન થાય. ચપટિક કે ચમચિક પાણીનો પ્રતાપ. થોડું અમથું જ પાણી – પણ બન્નેની સપાટીઓને સ્નિગ્ધ કરી નાંખે. અને એ સ્નિગ્ધ સપાટી સૂકાતાં સૂકાતાં સાબુનો ચીકણો રસ બન્નેને એટલો તો વળગે; કે બેય સાબુ એકરૂપ થઈ જાય.

પાણી એટલે જીવન. કોઇ સજીવ એના વિના જીવિત ન રહી શકે. પણ અહીં તો નિર્જીવ સાબુમાંય એણે કમાલ કરી હતી. છૂટા રહેલા બે સાબુને ભેગા કરી દીધા હતા. પાણીના કેટકેટલા ગુણ? જીવનને પ્રગટાવે, પોષે, વર્ધન કરે; અને નિર્જીવને પણ જોડે.

એવું જ સજ્જનનું પણ હોય છે ને? મૈત્રીભાવ જગાવે. સદભાવનાને વ્યાપક કરે. છૂટા પડી ગયેલા વચ્ચે મનમેળ કરાવે. મંગળભાવનાને ઉદ્દીપિત કરે – જાતે સૂકાઈને પણ.

**भवतु सब्ब मंगलं ।**

# ૬૧ - સુડોકુ

સુડોકુ – તમને બહુ જ પ્રિય પઝલ-રમત : તમારા પોતાના જીવન જેવી.

નવ હાર, નવ સ્થંભ અને નવ ચોખંડી ખોખાંઓમાં વહેંચાયેલાં કુલ ૮૧ ખાનાંઓની રમત. આ ૮૧ માંથી લગભગ ૨૭ ખાનાંઓમાં આંકડાઓ આપેલા છે. આ તમને મળેલી મૂળ મૂડી છે. એ તમારા જીવનની : અરે! ભુલ્યો , રમતની સ્ક્રિપ્ટ છે - જાણે કે જન્મકુંડળીના નવ ગ્રહોથી રચાતું એક નાટક. તમારે બાકીના ખાનાં શોધી કાઢવાનાં છે. શરત એ કે દરેક હાર, સ્થંભ કે ખોખામાં નવે નવ આંકડા આવી જવા જોઈએ. કોઈ આંકડો બેવડાવો ન જોઈએ. જેમ જીવનનો દરેક અનુભવ એક અનન્ય અનુભવ હોય છે, તેમ આ નવે નવ આંકડા જુદા જ હોવા જોઈએ. બહુ જ તર્ક અને ધીરજ માંગી લેતી આ રમત છે. ક્યાંક એક ભુલ કરી દીધી અને તમે એવા ગૂંચવાડામાં પડી જવાના છો કે, રમત અધૂરી જ સંકેલી લેવી પડે. આ દારૂણ જંગ તો ખરાખરીનો ખેલ છે. તલવારની ધાર પર ચાલવાનું છે. ક્યાંય શરતચૂક ન ચાલે.

શરુઆતમાં તમે શોધી કાઢેલી જીવનપધ્ધતિ, અરે! તર્કપધ્ધતિ પ્રમાણે ચાર પાંચ જગ્યાઓએ તો એક જ શક્યતા તરત જણાઈ આવે છે. તમે હરખાઈ જાઓ છો. એના આધારે એક માત્ર શક્યતાવાળાં બીજાં બે ત્રણ ખાનાં પણ, થોડા પ્રયત્નો પછી તમને દેખાય છે. તમે અડધો જંગ જીતી ગયાના ગર્વમાં મુસ્તાક છો. જેમ બાળપણ મધુર હોય છે, તેમ સુડોકુનો શરુઆતનો આ ભાગ પણ સરળ અને ગૂંચવાડા વિનાનો લાગે છે. પણ હવે આ અડધે રસ્તે જ ખરી કઠણાઈ શરુ થાય છે. જ્યાં જુઓ ત્યાં બે, ત્રણ કે ચાર શક્યતાઓ જણાવા લાગે છે. બધે ત્રિભેટા જ ત્રિભેટા! ક્યાંય આગળ વધાય જ નહીં. તમે અકળાઈ ઊઠો છો. ક્યાંય તમે આગળ વધી શકતા નથી. આ માયાજાળમાં આગળ ધપવાની ચાવી ક્યાંક ખોવાઈને સંતાયેલી છે. પણ ત્યાં પહોંચતાં પહોંચતાં તમને પસીનો પસીનો થઈ જાય છે. જીવનની બપોરનો આ તાપ છે!

અને ત્યાં જ એકાએક પરમ તત્વની અસીમ કૃપાથી તે ચાવી આગળ તમે પહોંચી જાઓ છો. કોઈ પરીએ કરેલ પુષ્પવર્ષાની જેમ; ફરી એક વાર એક જ શક્યતાવાળાં ખાનાંઓની હારમાળા એક પછી એક તમારી ઉપર વરસવા માંડે છે. તમારા જીવનના મધ્યકાળના સુવર્ણયુગની જેમ તમારી સમ્પત્તિ અને સમૃદ્ધિ વધતાં જાય છે.

અનુક્રમણિકા

હવે પોણો જંગ જીતાઈ ચૂક્યો છે. વિજયશ્રી તમારા હાથવેંતમાં છે. પણ હવે બે બે શક્યતાવાળાં જોડકાં – એ જ વિતાડતા ત્રિભેટા – ફરી ખડા થઈ જાય છે. તમારી અકળામણનો આ છેલ્લો તબક્કો છે. આમ તો હવે ઘણાં ઓછાં ખાનાં તપાસવાનાં બાકી છે. પણ ફરી ચાવી ખોવાઈ ગયેલી છે. તમે ચોપડીની પાછળ આપેલો ઉકેલ જોવા તત્પર બનો છો. પણ તમારી મર્દાનગીને, રમત રમવાની તમારી ચાલાકીને આ છેલ્લો પડકાર છે. તમે વળી એ પ્રલોભન બાજુએ મુકી, ફરી એ તર્કયુધ્ધમાં ખુંપી જાઓ છો. ખણી ખણીને સાવ નિર્વાળ (!) એવા તમારા ચકચકિત માથાનાં વધારે વાળ ઓછા થવા માંડે છે. વીતેલા સમયને કારણે તમારી શક્તિઓની પણ સીમા આવી ગયેલી છે. તમે અકળાયેલા, થાકેલા, અશક્ત છો. એ બાળપણની મધુરતા અને યુવાનીનો તરવરાટ આ વાર્ધક્યમાં હવે ક્યાં છે?

અને ત્યાંજ એ છુપાયેલી ચાવી તમને દેખાઈ આવે છે. બસ એક નાનીશી અને છેવટની સમજણની (જીવનની જાગૃતિ ) જ જરુર હતી, જે તમને મળી ગઈ છે. અને મંજિલ પણ હવે ક્યાં દૂર છે? બાકીના ઉકેલોનું અવતરણ પત્તાનાં મહેલની જેમ ફરફરાટ થવા માંડે છે. ૮૧ ખાનાંઓનો એ મહેલ હવે પૂરો ભરાઈ ગયો છે. તમારો ખેલ હવે પૂરો થયો છે.

તમે આ સમસ્યાના ઉકેલનું, જીવનયુધ્ધની પેલી પાર આવેલું એ પાનું ઉત્કંઠાથી ઉથામો છો. એક એક કરીને બધી હારોમાં તમારો શોધી કાઢેલો ઉકેલ સાચો છે; તેમ જાહેરાત થતી જાય છે. અને જીવનની ફળશ્રુતિ, આ જંગ તમે સફળતાથી પાર કર્યો છે તેની ખાતરી થતાં તમે નિર્વાણ અવસ્થાની લગભગ સમાંતર કહી શકાય એવી સુખસમાધિમાં લીન બની જાઓ છો. રમતના અને જીવનના ત્રણ ત્રણ તબક્કે ખેલાયેલા જંગોનો ભવ્ય ભુતકાળ પણ તમે ભુલી જાઓ છો. હવે કેવળ વર્તમાનના પરિતોષનો ભાવ ચિત્તમાં ધારી તમારી આ રમત તમે સંકેલી લો છો.

જીવન યથાર્થ જીવ્યાનો આનંદ છે. હવે કોઈ તર્કની જરુર નથી. હવે કોઈ ચાવીઓની જરુર નથી. સુડોકુનો, જીવનનો આ ખેલ સફળતાથી તમે ખેલ્યા છો. બધી કસોટીઓમાંથી સર્વાંગ સાચી રીતે પાર ઉતર્યાની ગરિમા છે. કરી કો'ક દી કો'ક નવી જ સુડોકુ સમસ્યા ખેલવાનો સંકલ્પ કરી તમે નિવૃત્ત બનો છો. જીવનના અંતે પણ સુડોકુની આ રમત જેવો, આવો હાશકારો અનુભવી શકાય, એવું જીવન તમે જીવ્યા છો ખરા?

આવી જ એક કવિતા...

## જીવન કસરત

**કોઇ સરકે છે. કોઇ ટહેલે છે. કોઇ ધસમસ શ્વાસે દોડે છે.**

**કોઇ હાંફે છે. કોઇ નીતરે છે. કોઇ લયમાં શિરને ડોલે છે.**

**કોઇ મરકે છે. કોઇ બબડે છે. કોઇ રડમસ ચહેરે લટકે છે.**

**કોઇ ભારે ભારને ઊંચકે છે. કોઇ હળવા દડાથી ખેલે છે.**

**ધરતી સરકે છે પગ નીચે, પણ ચિંતા વિણ હું ઊભો છું.**

**બળે કેલરી ક્ષણે ક્ષણે, પણ હું તો સાવ જ શીતળ છું.**

**કેટકેટલાં અંતર કાપું, છતાં નથી હું સહેજ ખસ્યો.**

**આ વાત જીવનની છે કે પછી, ટ્રેડમીલથી એક દર્શન છે?.**

# ૬૨ - સ્વીમિંગ પુલમાં

## સ્વીમીંગપુલની સપાટી

તે દિવસે સવારે વહેલો પુલમાં તરવા ગયો. કોઇ હાજર ન હતું. પુલની સપાટી સાવ તરંગ-રહિત હતી. સામેની દિવાલ પરના ત્રણ દીવા, બારીઓ અને બાજુએ રાખેલા થાંભલાના પ્રતિબિંબ પાણીની સપાટી પર યથાવત્ ઝીલાતા હતા – અરીસામાં ઝીલાય તેમ. હું પુલમાં દાખલ થયો. પાણી ડહોળાયું. એ સ્વચ્છ પ્રતિબિંબ રોળાઇ ગયું. બધું ધુંધળું થઇ ગયું. થોડી વાર શાંત ઊભો રહ્યો અને પાણી પરના તરંગો શાંત થવા લાગ્યા. થોડી વારમાં પાછું સ્વચ્છ દેખાવા લાગ્યું. વિજ્ઞાનની દ્રષ્ટિએ આ સાવ સામાન્ય ઘટના હતી, પણ……

આપણું મન જડ અરીસા જેવું નથી હોતું. તે તો પાણીની તરલ સપાટી જેવું હોય છે. સહેજ સંવેદનાની લ્હેરખી આવી અને માનસપટ પરનું ચિત્ર ડહોળાઇ જાય. દ્રશ્ય રોળાઇ જાય.

કાશ, આપણે ગીતાના સ્થિતપ્રજ્ઞ જેવા બની શકીએ – પ્રચંડ પ્રભંજન પણ તેની સમતાને વિખેરી ન શકે તેવા.

## ફ્લડલાઈટ

બીજા દિવસે સાંજે મોડા તરવા ગયો હતો. પુલમાં તરતાં ચારે બાજુની દીવાલો પર મુકેલ ફ્લડલાઈટો પર નજર કેન્દ્રિત થઈ. બહુ પાવરવાળી લાઈટો હતી. તેમના પ્રકાશથી ઉપરની સફેદ છત પ્રકાશિત થતી હતી- આંખને ગમે તેવી દેદિપ્યમાન લાગતી હતી. ફ્લડલાઈટનાં થોડાં કિરણો સીધાં આંખમાં પણ આવતા હતા, પણ તે આંખોને આંજી દેતા હતા. તરત સૂર્ય અને ચન્દ્રના પ્રકાશ સાથે સરખામણી થઈ ગઈ. સૂર્યની સામે બે સેકન્ડ પણ ન જોવાય. ચન્દ્રકિરણો કેવાં શીતળ લાગે છે?

લે કર વાત! આમાં શી નવાઈ? એ તો એમ જ હોય ને? પણ ……બહુ પ્રતાપી વ્યક્તિત્વો ફ્લડ લાઈટ કે સૂર્ય જેવાં હોય છે. તેમના મદથી દેખનાર દાઝી જાય! એ પ્રકાશના દર્પને પચાવી, તેને નરમ બનાવી એ છત, એ ચાંદો કેટલી મોટી સેવા કરે છે?

બીજી રીતે જોઈએ તો, મુળ સ્રોતમાં ખરી શક્તિ હોવા છતાં, પરાવર્તિત શક્તિ ક્યાંક વધારે કામમાં લાગે છે. આપણે પરમતત્વની શક્તિના પરાવર્તક બનીએ તો ? આંખોને દઝાડતી ફ્લડલાઈટ નહીં, પણ એ સૌમ્ય છત જેવા બનીએ તો?



# ૬૩ - હાઈવે પર સફર

**- ૧ -**

દરરોજનો અનુભવ છે. આમ તો લાંબા અંતરે જવાનું હોતું નથી. દીકરીના દીકરાને નિશાળેથી બપોરે લઈ આવવાનું એ રોજનું કામ. પાંચ માઈલનો એ રોજનો રસ્તો. પણ એ પાંચ માઈલની મુસાફરી માટે પણ હાઈવેનો સહારો લેવો પડે છે. એ વિના પણ મુસાફરી થઈ તો શકે છે. પણ એ રસ્તો બહુ લાંબો પડે છે. તેની ઉપર ધીમી ગતિએ જવું પડે છે. વચ્ચે રુકાવટો પણ ઘણી આવે છે. ક્યાંક ટ્રાફિક સિગ્નલ તો ક્યાંક સ્ટોપ સાઈન. વળાંકો પણ ઘણા આવે. ક્યાંક તો રસ્તો સાવ નાનો હોય, બન્ને દિશામાં માત્ર એક એક જ લેન. આથી દરરોજ એ હાઈવેનો સહારો અચૂક લેવો પડે છે. અમારા ઘરની નજીકના મુખ્ય રસ્તા પરથી તેમાં પ્રવેશવાનું અને નિશાળની નજીકના નાનકડા રસ્તા પર પ્રવેશવા તેમાંથી નીકળી જવાનું. પાછા વળતાં આનાથી ઉંધી પ્રક્રિયા. આ બન્ને માટે એક્ઝિટનો સહારો લેવાનો.

હવે વાત એ કરવાની છે કે, જ્યારે એક્ઝિટ પરથી હાઈવેમાં પ્રવેશવાનું હોય ત્યારે ખાસ સતેજ રહેવું પડે. હાઈવે પર ચાલી રહેલી ગાડીઓનો પ્રવાહ દૂર હોય, ત્યારે જ એમાં પ્રવેશી શકાય. મોટા ભાગે તો જગ્યા મળી જ જાય. પણ કો’ક વખત લાંબી વણજાર આવી રહી હોય ત્યારે બહુ જ અસમંજસ રહે. ગતિ વધારે પણ ન રાખી શકો અને ધીમી પણ નહીં. કદીક સાવ અટકી પણ જવું પડે અને ચાલ મળતાં ત્વરાથી ઝડપ વધારી હાઈવેની ઝડપ સાથે તાલ મેળવી લેવો પડે – કલાકના સાઠ માઈલ ! હાઈવે પર ચાલ મળી જાય ત્યારે હાશકારો થાય. ચાલો! હવે નિરાંત. ઝડપથી લક્ષ્ય તરફ પહોંચી જવાશે.

હાઈવે પરથી બહાર નીકળતી વખતેય સતેજ તો રહેવું પડે, પણ પ્રમાણમાં તકલીફ ઓછી પડે. જેવા એક્ઝિટમાં પ્રવેશી જઈએ અને ઝડપ ઓછી કરવા માંડીએ એટલે પહોંચ્યાનો હાશકારો થાય. ધીમે ધીમે શહેરની કલાકના ૩૫ – ૪૦ માઈલની ઝડપ ઉપર આવી જઈએ. હવે અટકવાનું સરળ બની જાય. તાણ પણ ઓછી થાય.

બે હાશકારા – પણ બન્નેની અનુભૂતિ અલગ. એકમાં ઝડપ વધવાનો આનંદ; બીજામાં અટકી શકાવાનો આનંદ. પહેલામાં તાણના વધતા પ્રવાહ સાથે તાલ મેળવવાનો આનંદ, લક્ષ્ય સુધીનું અંતર હવે ઝડપથી કપાશે તે આશાનો આનંદ. બીજામાં તાણ ઘટી શકાવાનો આનંદ – લક્ષ્યની નજીક આવી ગયાનો આનંદ. પહેલાંમાં ઉપર ચઢવાનું તાણ. બીજામાં નીચે ઉતરવાની હળવાશ. ઉપર ચઢવાનું હમ્મેશ વધારે શક્તિ, વિશેષ ધ્યાન, વિશેષ સતર્કતા માંગી લે છે. એમાં વિશેષ જોખમ છે. નીચે ઉતરવાનું પ્રમાણમાં બહુ સરળ છે. રસ્તો ટૂંકો હોય તો આ ઉપર અને નીચે જવાના અનુભવોની એક આવૃત્તિ થાય એટલે પત્યું. લાંબા રસ્તે જતાં હોઈએ તો આવા બે, ત્રણ કે વધારે ચઢાવ ઊતારમાંથી પસાર થવું પડે.

પર્વત ઉપર ચડવાનું અને ઊતરવાનું – એમાં પણ આ જ અનુભૂતિ દોહરાય છે. નાની ટેકરી હોય કે મસ મોટો પર્વત હોય.

**જીવનમાંય આમ જ છે ને વારુ ?**

## - ૨ -

હાઈવે પર કાર ચલાવતાં, બધી લેનની બહાર, બન્ને બાજુએ પીળા પાટા દેખાયા કરે. એને ઓળંગી, એની પારની લેન ઉપર કાર ન ચલાવી શકાય. અહીં એ લેનને 'શોલ્ડર' કહે છે. કોક વાર જ એની ઉપર કાર લઈ જવાનો અવસર થયો છે. અને એ વખતે એની ખરબચડી સપાટી કાર ચલાવવા ઘણી કષ્ટ દાયક હોય છે- તેની ખબર પડી હતી. એ શોલ્ડર પર કાર ચલાવ્યા વિના પણ, એની સપાટી ખરબચડી છે; તે દેખાઈ આવે છે. એને ખાસ એવી બનાવી છે; જેથી કોઈ પણ વ્યક્તિ આપત્તિ વગર એની ઉપર વાહન ન ચલાવે.

આમ કેમ? દેખીતું કારણ કે, શોલ્ડર જાહેર જનતાના માત્ર આકસ્મિક ઉપયોગ માટે અને ઈમર્જન્સી વાહનોના ઉપયોગ માટે બનાવેલો હોય છે. એ હમ્મેશ ખાલી રહેવો જોઈએ; જેથી રસ્તા પર થતી મુશ્કેલીઓ સુલઝાવનારાને કોઈ અવરોધ ન નડે. એને ખરબચડો બનાવ્યો છે; જેથી એની વિશિષ્ઠિતા તરત ખબર પડી જાય. કોઈને એની પર વાહન ચલાવવાનું ન ગમે.

**સામાન્ય માર્ગ સરળ હોય છે. મુશ્કેલીઓ સુલઝાવવાનાઓના રસ્તા હમ્મેશ ખરબચડા જ હોય છે; ખાલી હોય છે. એ રસ્તા પર કોઈ જતું નથી. એ રસ્તો – ખાંધ દેનારો એ શોલ્ડર - હમ્મેશ ખાલી જ હોય છે.**

## - ૩ –

રાતનું અંધારું શરુ થઈ ગયું હોય તેવી, શિયાળાની મોડી સાંજે, તમે મુસાફરીએ આવેલા સ્થળથી તમારા ઘેર પહોંચવા નીકળ્યા છો. નજીકના નાના અને જાણીતા રસ્તા છોડી, તમે સ્ટેટ હાઈવે પર આવી ગયા છો. આજુબાજુ, ચોગમ, કાળોડિબાંગ અને ઝાડી ઝાંખરાથી ભરપૂર વગડો માત્ર જ છે. મધુરું બાળપણ છોડીને જવાબદારી અને માથાકૂટથી ભરેલા વિદ્યાર્થી કાળના જેવો જ તો.

કાળા ઘોર વગડાની વચ્ચે એક પ્રકાશનો પુંજ કલાકના સાઠ માઈલની ઝડપે સરકી રહ્યો છે. આગળનો રસ્તો બરાબર દેખાય તે માટેની ઝળાંહળાં થતી હેડ લાઈટ અને પાછળ આવનાર વાહનને તમે પણ રસ્તા પર છો; તેની જાણ કરવા માટેની લાલ ચટ્ટાક ટેઈલલાઈટ : આ બે પ્રકાશના સ્રોત થકી આ પુંજ બનેલો છે. જીવન સંગ્રામમાં ઝઝુમવા માટે જરુરી, પ્રજ્ઞા, શાણપણ અને સુરક્ષાની પાયાની વૃત્તિ જેવા, તમારાં આ થોડાંક જ સાધનો છે. અલબત્ત શરીરનાં મહત્વના અંગો અને ઉપાંગો જેવું એન્જિન તો એની મેળે ચાલતું જ રહ્યું છે – પ્રાણતત્વ જેવું ઈંધણ ભરેલું છે ત્યાં સુધી.

તમે જે દિશામાં જઈ રહ્યા છો , તે જ દિશામાં રડ્યાં ખડ્યાં વાહનો તમારી આગળ અને પાછળ મુસાફરી કરી રહ્યાં છે. પણ એ તમારા કશા ખપનાં નથી. કોઈક તેજ ઝડપે જનારાં તમારી કારને ઓવરટેક કરીને આગળ નીકળી જાય છે; તો કો'ક મંદગતિવાળાને તમારી કાર ઓવરટેક કરી દે છે.

પણ જો આવા કોઈ વાહનની વધુ નજીક તમે આવી ગયા તો? અને તેય કોઈ માતેલા સાંઢ જેવો કે, કોઈ બળિયા પ્રતિસ્પર્ધી જેવો ખટારો હોય તો? શું વલે થાય? બરાબર જીવન સંગ્રામની જેમ જ તો!

સામેની દિશામાંથી પણ તમારી કાર જેવા કોઈક પ્રકાશના પુંજ ધસમસતા જઈ રહ્યા છે. સદભાગ્યે, એમની અને તમારી વચ્ચે ભેદી ન શકાય તેવી આડશ છે. પણ જો એમની સાથે મુઠભેડ થઈ ગઈ તો? બન્નેનો ખુડદો જ બોલી જાય ને – હાથોહાથની અથડામણની જેમ? તમારી જીવનદ્રષ્ટિથી સાવ વિપરિત દ્રષ્ટિ ધરાવતા લોકોથી આમ સાવ છેટા રહો તો જ ગનીમત!

અનુક્રમણિકા

ક્યાંક ક્યાંક એ કાળાડિબાંગ ફલકમાં દુર કોઈક તગમગતા તારલા જેવા ગામ કે એકલદોકલ ફાર્મ હાઉસના અણસાર પણ દ્રષ્ટિગોચર થઈ જતા હોય છે. પણ આ કાળઝાળ રાત્રિમાં તમે એકલા નથી એટલો સધિયારો પૂરવા સિવાય એમની કશી ઉપયોગિતા નથી. તમારે તો ગાતાં જ રહેવાનું છે –

**'એકલા જ આવ્યા મનવા, એકલા જવાના**

**સાથી વિના, સંગી વિના, એકલા જવાના.'**

**– બેફામ**

પણ છેક એમ તો નથી. તમારી સાથે ગાડીમાં જીવનભર સાથ આપનાર તમારી જીવનસંગિની તો છે જ; પણ આગલી સીટમાં તમારા બન્નેનો અંશ તમારો પુત્ર સારથી બનીને તમારી જીવનસફરમાં – ભૂલ્યો, તમારી આ મુસાફરીમાં – તમને દોરી રહ્યો છે. એની બાજુમાં એની જીવનસંગિની છે. જીવનના અંતિમ તબક્કામાં તમારા કુટુમ્બની આ એકવાક્યતાથી તમે જીવન – સાફલ્યના પરિતોષના ભાવમાં રમમાણ છો.

અંધારિયાની એ રાતના આકાશમાં ટમટમતા તારલા ચમકી રહ્યા છે. એમનો નજારો આકર્ષક છે; પણ એ કશા ઉપયોગનો નથી; સિવાય કે, બ્રહ્માંડની વિશાળતાની સાક્ષી પૂરતા એ તમારી ક્ષુદ્રતાની વારંવાર યાદ આપતા રહે છે.

પુરાણા કાળમાં સાચી દિશાની એંધાણી આપવાનું એમનું મહત્વ કારના ડેશબોર્ડની ઉપર ટીંગાડેલા જી.પી.એસ. સાધને લઈ લીધું છે. એમને માનવ પ્રજ્ઞાની સીમા જેવા ત્રણ ત્રણ સેટેલાઈટો એક એક માઈલની માહીતી આપી રહ્યા છે. હવે એ જી.પી.એસ. જ તમારો ધ્રુવતારક છે.

તમારો વક્રદ્રષ્ટિ સ્વભાવ આ સાધનોને તુચ્છકારી રહ્યો છે. 'તમારા યુવાની કાળની સફરની, બધી સનસનાટી અને આવેગો તમારો પુત્ર એના થકી ખોઈ બેઠો છે.' એવો મિથ્યા વિચાર તમારા અહંકાર અને નવી પેઢી પ્રત્યેની તમારી ઈર્ષ્યા અને અણગમાને પોષી રહ્યો છે!

અને લો ! દૂરથી પ્રકાશિત દીવાઓનો સમૂહ તમારી નજીક આવી રહ્યો છે. થોડીક જ વારમાં તમે ઝળહળતા કોઈક નાના નગરના સીમાડે પહોંચી ગયા છો. તમારી સફરનો એક માઈલ સ્ટોન તમે સર કર્યો છે. પણ શહેરની લાલ લીલી લાઈટો તમારી સફરને અટકાવી દે છે – જેમ સમૃધ્ધિ મળતાં જીવન સફરનો વેગ ધીમો બની જાય તેમ. આ સિદ્ધિનો લાભ લઈ, પગ છૂટો કરવા તમે થોડા રોકાઓ છો. પણ ક્ષણિક રાહત સિવાય, આ મુકામ તમારા કશા કામનો નથી. તમે અહીં અટકી નથી શકતા. આગળ અને આગળ અંતિમ મુકામ સુધી તમારે સફર જારી રાખતા જ રહેવાનું છે.

આવાં અનેક નગરો આવે છે; અને પાછળ વિદાય લે છે. એમાંનો કોઈ ઝળહળાટ તમારી સફરના ધ્યેય સાથે સુસંગત નથી. એને તમારે અલવિદા કહેવી જ પડે છે. લો! એક મોટું જન્ક્શન આવી ગયું. હવે તમારી જીવનકાર સ્ટેટ હાઈવે પરથી રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આવી ગઈ છે. તમારી જીવનભૂમિકાનો હાઈવે તમને લબ્ધ થઈ ચૂક્યો છે.

તમારી કારની ઝડપ હવે વધી ગઈ છે. હવે રસ્તે આવતા નગરોની કોઈ લાલલીલી બત્તી તમારી સફરને રોકી શકે તેમ નથી. તમારી પ્રગતિ હવે તેની ચરમસીમાએ પહોંચી ગઈ છે. હવે રસ્તો બહુ ઝડપથી કપાવા માંડે છે. સંવાદિતાથી ચાલતી કારના બધા નાદ અને આઈપોડમાંથી રેલાતું સૂરીલું સંગીત તમને નિદ્રાધીન/ સમાધિસ્થ કરી દે છે.

અને આ શું? તમારી કાર રસ્તાની બાજુના શોલ્ડર ઉપર, ખોટકાઈને ખડી થઈ ગઈ છે. તમે ચારે જણ હાંફળા ફાંફળા બનીને મદદ માટે હાથ લાંબા કરી સનસનાઈને પસાર થઈ જતાં વાહનોને રોકવાનો મિથ્યા પ્રયત્ન કરો છો. પણ જીવનની જેમ, કોઈ કોઈના માટે રોકાતું નથી. તમે નિરાશ વદને, આ ઘનઘોર રાત્રિમાં, આ કાળાડિબાંગ, અવાવરુ અને ભયજનક બંજરમાં બેબસ, બેસહારા, નિરાધાર બની ગયાની હતાશામાં માથે

હાથ દઈ બેસી પડો છો. આકાશમાંથી બે ચાર છાંટા પડ્યાનો તમને અહેસાસ થાય છે. દુકાળમાં અધિક માસ જેવી આવી પડેલી આ આપત્તિને સ્વીકાર્યા સીવાય બીજો કોઈ વિકલ્પ તમારી પાસે નથી. તમે ચારે જણ કારનું શરણું લેવા પારોઠનાં પગલાં ભરો છો.

અને ત્યાં કોઈ હાથ તમારી ગરદન ઉપર ફરતો તમે અનુભવો છો. તમારા સમગ્ર શરીરમાં ભયનું એક લખલખું ફરી વળે છે. શિયાળાની આ કડકડતી ઠંડીમાંય તમે પસીને રેબઝેબ થઈ જાઓ છો. ત્યાં જ તમારી પત્નીનો સ્નેહાળ અને રણકતી ઘંટડી જેવો અવાજ તમને સંભળાય છે.

" હું કહું છું; તમને કંઈ થાય છે? શરીરે ઠીક તો છે ને?"

અને તમે પાછા સ્વપ્નજગતની એ ભયાનક અનુભૂતિમાંથી પાછા, કારની સવલત ભરેલી દુનિયામાં પુનરાગમન કરો છો. તમારી જીવનસંગિની જ તમારી એક માત્ર સાચી મિત્ર છે; એની સ્વાનુભવી પ્રતીતિ તમને થઈ જાય છે.

જીવનમાં આવતી કસોટીઓની જેમ આ દુ:સ્વપ્ન પણ પસાર થઈ જાય છે. તમને હવે ખબર પડે છે કે, એક લાલ લીલી સિગ્નલ લાઈટ આગળ કાર થંભેલી છે. તમારી નજર રસ્તાની બાજુએ આવેલા તમારાં જાણીતાં ગેસ સ્ટેશન, હોટલ અને બેન્કના મકાન તરફ જાય છે.

તમે ધન્યતા અનુભવો છો કે, છેવટનો મુકામ આવી ગયો છે. તમારું કાયમનું ઘર હવે ઢુંકડું છે. ત્યાં જઈ તમે આરામની ઉંઘમાં ગરકાવ થઈ જવાના છો. એમાંથી જ્યારે ઉઠાય ત્યારે ખરું. એ તમારી આ સફરની ચિંતા, વ્યથા, થાક, હતાશા, અસલામતી – બધાંનો છેવટનો ઉકેલ છે. તમારી ગાડી અહીં ગતિ કરતી અટકી જવાની છે. પણ તમને એનું કોઈ દુખ નથી. તમારી મુસાફરી થોડી ઘણી અગવડ અને પેલા દુ:સ્વપ્ન સિવાય નિર્વિઘ્ને પૂરી થયાનો સંતોષ માણી તમે 'સ્વધામ'માં થાકેલા તને, પણ પ્રફુલ્લ મને પ્રવેશ કરો છો.

## - ૪ –

તમે એક્સપ્રેસ હાઈવે પર કલાકના સાઠ માઈલની ઝડપે આગળ ધસી રહ્યા છો. રસ્તાની બન્ને દિશામાં બબ્બે લેન છે. પણ તમે તો તમારી બે લેન પર જ ગાડી ચલાવી શકો છો. જ્યાંથી આવ્યા ત્યાં પાછા નથી જઈ શકતા. નાકની દાંડીએ બસ આગળ ને આગળ- લક્ષ્ય પાસે ન પહોંચાય ત્યાં સુધી. બસ સતત દોડતા જ રહેવાનું છે.

વચ્ચે ઘણા ત્રિભેટા ( Exit) આવે છે. પણ એમાંનો એક પણ તમારા કામનો નથી. ઘણા તો બહુ આકર્ષક ત્રિભેટા છે. સરસ મઝાના, કુદરતી સૌંદર્યવાળા પાર્ક, લેક કે મનોરંજનના સ્થળ પર તે લઈ જાય છે. ક્યાંક ખાવાપીવાની સરસ મજાની વાનગીઓ પણ મળે છે. પણ તમે ત્યાં અટકી નથી શકતા. તમારે તો લક્ષ્ય સ્થાને પહોંચવાનું છે – સમયસર. કોઈ અણમોલ તક તમારી રાહ જોઈ રહી છે. નસીબ આડેનું પાંદડું કદાચ ખસી જવાનું છે. હા ! થોડો સમય ખાણીપીણી માટે કે નાનો મોટો છુટકારો લેવા અટકાય; પણ લાંબો વખત નહીં. ન વિરામ ઘટે; ન વિલંબ ઘટે.

**થાકી ગયા તો કિનારો ન આવે,**
**સતત ચાલવું જોઈએ, એક જ દિશામાં.**

અને તમારો ત્રિભેટો હવે નજીક આવી રહ્યો છે. જો જરા ગાફેલ રહ્યા, બેધ્યાન રહ્યા કે બીજી કોઈ વાતમાં મન પરોવ્યું અને તમારો ત્રિભેટો તમે ચૂકી ગયા, તો પાછા જ ફરવું પડે. એમ બને કે, આવી ગફલત થઈ છે, તેનો ખ્યાલ તમને બહુ મોડો આવે – ચોથા કે પાંચમા ત્રિભેટા પછી આવે, તમે પાછા વળો અને ફરી પાછા તમારી સાચી દિશામાં આગળ વધો. તમારો રસ્તો તમને પાછો મળી પણ જાય. પણ ગયેલી એ ઘડી, એ પળ પાછી નહીં આવે. તમે લક્ષ્ય પર પહોંચો ત્યારે કદાચ બહુ મોડું થઈ ગયું હોય. એ તક જતી રહી હોય. આગળ ચોટલાવાળી અને પાછળથી સાવ બોડી તક! અથવા એટલું મોડું થઈ ગયું હોય કે ગાઢ અંધારું તમને ઘેરી વળે, અને તમે કોઈ ન ઊઠી શકાય તેવી નિદ્રામાં પોઢી જાવ.

**જીંદગીય માળી આવા એક હાઈવે જેવી જ છે, નહીં વારુ?**

અનુક્રમણિકા

## - ૫ –

તમે એક્સપ્રેસ હાઈવે પર રિક્રિએશન વેહિકલમાં ( RV ) મુસાફરી કરી રહ્યા છો. તમે અને તમારો મોટો દીકરો આગળની સીટ ઉપર બેઠા છો. તમારી બન્નેની સીટની વચ્ચે પાછળના ભાગમાં જવાનું બારણું છે. એ ભાગમાં નરમ સોફાઓ ઉપર તમારું બાકીનું કુટુમ્બ બેઠેલું છે. આ ભાગમાં બધી જ આધુનિક સવલતો છે. પાછળ ટીવી જોતાં જોતાં નાસ્તાની જ્યાફત ઊડી રહી છે. તમારો બીજો દીકરો બારણું ખોલીને તમારા બે માટે નાસ્તો અને ઠંડા પીણાં લઈ આવે છે. રસ્તો આરામથી કપાઈ રહ્યો છે. રસ્તામાં એક પાટિયું તમે વાંચો છો કે, એક બહુ જાણીતું નહીં એવું સરોવર અને તેના કાંઠે કેમ્પિંગ માટેનો પાર્ક છે. બધાંને મન થાય છે કે. એક રાત ત્યાં રહી જઈએ. તમે વાહનને એ એક્ઝિટ ઉપર વાળો છો, અને દસેક મિનિટમાં તે બહુ સુંદર જગ્યાએ પહોંચી જાઓ છો. ધસારાની સીઝન નથી એટલે તમને કેમ્પિંગની જગા મળી જાય છે.

બહુ જ થોડી વારમાં તમને વિજળી, પાણી અને ડ્રેનેજનાં જોડાણ મળી જાય છે. તમે અને તમારા દીકરાઓ  સાથે મળીને થોડીક જ મિનિટોમાં વાહનના બે પડખાં ફેલાવી દો છો. અંદર વાહન કરતાં બમણી પહોળાઈ વાળો ખંડ બની જાય છે. ફટાફટ બહાર ફોલ્ડિંગ ખુરશીઓ નંખાઈ જાય છે. બાળકો પાછળથી સાઈકલો કાઢીને સરોવરની પ્રદક્ષિણા કરવા નીકળી પડે છે. તમે અને તમારાં પત્ની આરામખુરશી ઢાળી, ખુશનૂમા હવા માણતાં પગ લંબાવો છો. દીકરો અને તેની પત્ની રાતવાસા માટે એક તંબુ ઉભો કરી દે છે. તેમને એમાં રાત પસાર કરવાનો શોખ જાગ્યો છે.

સવાર પડે છે અને બહાર ખુલ્લામાં સહિયારા પ્રયત્નોથી, ગરમ ગરમ નાસ્તો બની રહ્યો છે. બધાં નાસ્તો કરી, તળાવમાં બે એક કલાક નહાવાની અને તરવાની મઝા માણી લે છે. પછી બધું હાઉસન જાઉસન મુસાફરી ફરી શરુ કરે છે. વચ્ચે કોઈ સુંદર વળાંક ઉપર નીચેની ઊંડી ખીણ અને પર્વતની કોર પરથી દૂર સુધી ફેલાતા દ્રશ્ય માણવા રસ્તાની બાજુએ ક્યાંક તમારું વાહન તમે રોકી પણ લો છો, અને એ દ્રશ્યની મજા માણી હળવાશથી પાછી મુસાફરી ચાલુ પણ કરો છો.

કોઈ ખાસ સમયે લક્ષ્ય પર પહોંચવાની ઉતાવળ નથી. આખે રસ્તે આવી મજાઓ માણતાં માણતાં તમારી આ મોજ અને મસ્તીથી ભરેલી મુસાફરી આગળ વધે છે. તમારા લક્ષ્યસ્થાને પહોંચ્યા પછી પણ આવી જ હળવાશ ચાલુ  રહે છે. ત્યાં તો તમે બધાં એક અઠવાડિયું રોકાઓ છો. અને તાજામાજા થઈ વળતી મુસાફરીનો આરંભ કરો છો. તે પણ આ જ ગતિવિધિથી, આ જ રસમથી ….

****

જ્યારે તમે નોકરી કરતા હતા અને આવી ભાડાની આર.વી.માં મુસાફરી કરવા સમર્થ ન હતા,   તે વખતે પણ કમ્પનીની  નાનકડી કારમાંય આમ જ આનંદથી મુસાફરી કરી હતી. એનાથીય ઘણા વર્ષો પહેલાં તમારી નવોઢા પત્નીની સાથે અમદાવાદથી વડોદરાના હાઈવે પર પોતાની મોટર સાયકલ પર પણ આવા જ ઉલ્લાસથી મહાલ્યા હતા.

અને તેના ઘણાં વર્ષો પહેલાં, કિશોરાવસ્થામાં,  નવું નવું સાઈકલ ચલાવતા શીખેલા ત્યારે, તમારા સમવયસ્ક મામાના દીકરા સાથે અમદાવાદની તમારી પોળથી પરા વિસ્તારના પાલડી સુધી, ઊતર્યા વિના, સફળતાપૂર્વક  સાઈકલ ચલાવી હતી અને એ જ ચલાવ્યાના ઉત્સાહમાં છેક સરખેજ સુધી અને તેનાથી ય આગળ સાણંદ સુધી આવા જ ઉત્સાહથી પહોંચી ગયા હતા જ ને ?

**સતત ધ્યેયલક્ષિતાના પ્રતાપે તમારી જીવનયાત્રા અમદાવાદમાં મોટાભાઈ પાસેથી માંગી લીધેલી  સાઈકલથી શરુ કરીને , અમેરિકામાં આર.વી. સુધી પહોંચી છે. પણ આ ધ્યેયલક્ષિતાની સાથે સાથે, રસ્તે વેરાયેલા પડેલા જીવનના નાના નાના આનંદોને માણતા રહેવાની  આ રસમ પણ તમે જાળવી રાખી છે, નહીં વારુ ?**

અનુક્રમણિકા

# ૬૪ - હાથનાં મોજાં

આમ તો રોજ વાસણ સાફ કરતી વખતે હું રબરનાં મોજાં હાથ પર ચઢાવતો નથી. એવી બધી નજાકત તો આંગળીઓની કુમાશ માટે જાગરૂક એવી મારી દીકરીની ચિવટ! પણ તે દિવસે મારે એ ચઢાવ્યા વિના છૂટકો જ ન હતો. કામ કરતાં જમણા હાથની એક આંગળી પર નાનકડો ઘા પડ્યો હતો અને એને રિપેર કરવા પટ્ટી લગાડી હતી. મોજાં ન પહેરું તો એ ઊખડી જાય અને ઘા પર પાણી ફરી વળે.  એટલે તે દિવસે બહુ જ જફા વ્હોરીને, એ લીસાં અને હાથના પહોંચાને ચસોચસ ફિટ થઈ જાય એવાં મોજાં ચઢાવ્યાં. પાણીની પહેલી જ સિકર અને  આંગળીઓને પાણી અડ્યાનો અહેસાસ થયો. એમ લાગ્યું કે, મોજાંમાં લીકેજ (ગળતર) છે. બહુ મુશ્કેલીથી પહેરેલાં એ મોજાં એવી જ મુશ્કેલીથી કાઢ્યાં. પણ હાથ તો સાવ કોરા કટ જ હતા. મોજાં ચઢાવવાની એ પળોજણ  ફરી એક વાર. અને ફરીથી એ જ પાણી અડ્યાનો અનુભવ.

અને મન વિચારના ઝોલે ચઢી ગયું.  આમ તો આ સ્પર્શભ્રમ છે – એ તરત સમજાઈ ગયું. હાથની ચામડીને અડીને સજાગ રહેતા ચેતાતંતુઓ માટે આ પહેલો જ અનુભવ હતો. એમણે રબરનાં મોજાંની સપાટી પર ખળખળ વહેતા પાણીના પ્રવાહના સ્પર્શને પારખ્યો હતો. જાણે કે રબરનાં મોજાં છે જ નહીં, તેવો ભ્રમ. રબરની સપાટીને અવગણીને પાણી અડ્યાનો સંદેશ વફાદારીપૂર્વક સતત કામગરા અને સજાગ તંતુઓએ  મગજને પહોંચાડી દીધો હતો.  પણ એ તો શરીર વિજ્ઞાનની નજરે -

**આ  અવલોકનકારને તો એના જ્ઞાનની, એના કહેવાતા, હુંશિયાર (!) મગજની મર્યાદાઓનું ભાન થઈ ગયું હતું!**



# ૬૫ - હીમકણિકા

હવામાં ભેજનું પ્રમાણ વધતું જતું હતું. એમ જ ઠંડીનું પણ. થર્મોમિટરનો પારો શૂન્યથી પણ નીચે જતો રહ્યો હતો. ઝાડના પાંદડાં પરના બાષ્પબિંદુઓ થીજવા માંડ્યા હતા. કાચાં પોચાં પાંદડાં તો ક્યારનાંય ખરી ચૂક્યાં હતાં. પણ આ તો ઠંડા પ્રદેશનાં ખમતીધર, જાડી ચામડીનાં પર્ણો હતાં ને! ધીમે ધીમે વરસાદના છાંટાં પડવા માંડ્યા. હવાની ઠંડી હજુ તેમને થીજાવી શકે તેટલી પર્યાપ્ત ન હતી. જેમ જેમ એ વર્ષાબિંદુઓ ઠંડાગાર પાંદડાં ઉપર પડી એકઠાં થવાં માંડ્યાં; તેમ તેમ તે ઠંડાં અને વધુ ઠંડાં થવા લાગ્યાં. એમનો સરકતો એક રેલો ઠંડા બાષ્પબિંદુઓ પરથી પસાર થતો થતો, વધારે ને વધારે ઠંડો થવા લાગ્યો. પાંદડા પરથી ટપ્પક..ટપ્પક...ટપ્પ...ટપ્પાક, ટપ્પાક... નીચે ટપકી પડવાનો પોતાનો જાતિસ્વભાવ છોડી; નીચે ધરાશાયી થતાં પહેલાં જ એ તો ઠરી ગયો. સોડ વાળીને ઈવડો ઈ તો પોઢી ગયો! ઓલ્યું બાષ્પબિંદુ, આ રેલાના આશ્લેષમાં પ્રાપ્ત થયેલી નવી સંપદાથી વધુ પુષ્ટ બનવા માંડ્યું. એ સાવ ઝીણા મોતી જેવું હતું; પણ હવે તેની કાયા વિસ્તરવા લાગી. એ તો લાખેરાં મૂલ્ય વાળા મોતી જેવું, મોટું મસ બનતું ગયું.

વરસાદ ટૂટી પડ્યો. રેલે રેલા..... પાણીની છાકમ છોળ....... થીજેલા એ મોતી પરની એમની એ સફર એમનેય થીજવાની માયા લગાવતી ગઈ. હવે એ મોતી તો ઝૂલતું લટકણિયું બનવા માંડ્યું. એલચીના દાણા જેવડું, ને પછી લવિંગની લાકડી જેવડું, ને પછી પીકનની ફાડ જેવડું.

અને લ્યો! આ તો ત્રણ ઈંચ લાંબી હીમકણિકા બની ગયું. એની આવી અનેક સહીપણીઓ ઝાડની ડાળ પર, પવનમાં ઝૂલતી ઝૂલતી, 'કોની મિલ્કત મોટી?' – એની હોડ બકવા માંડી! ચારે બાજુ જ્યાં નજર કરો ત્યાં હીમનાં ઝુમ્મરો જ ઝુમ્મરો. કોક કોક તો મકાનના છાપરાં પરથી હીંચતા વાર, બે વાર લાંબા ઝુમ્મર !

વરસાદ થંભી ગયો. વાદળ વિખેરાઈ ગયાં. એમની આડશે ઢંકાયેલા સૂરજે, બીતાં બીતાં ડોકિયું કર્યું. એ તો ગુસ્સામાં રાતો પીળો અને આકુળ વ્યાકુળ બની ગયો. પોતાના ગરમાગરમ સામ્રાજ્ય પર વ્યાપી ગયેલી કડકડતી ઠંડીની આ અનધિકાર ચેષ્ટા જેવી વિરાસત પર કડવી, રાતી, તીખી નજર કરતો સૂરજરાણો, ક્રોધમાં પ્રદિપ્ત બની, થર્મોમીટરને ઉશ્કેરતો રહ્યો. પારાને ઊંચે ને ઊંચે ચઢાવતો રહ્યો.

ધીમે ધીમે બધીય હીમકણિકાઓ ટપક ટપક ઓગળવા લાગી. ફરી પાછું એ ટપ્પક..ટપ્પક...ટપ્પ...ટપ્પાક, ટપ્પાક... ચાલુ! જમીનમાં ધરબાઈને પોઢેલા, સુક્કા ઘાસના મૂળની વાસંતી તરસ, વસંતના આગમન પહેલાં થોડી જ સંતોષાવાની હતી? પણ શિયાળાની મોસમમાં ભીંજાવાનો, અનેરો લ્હાવો કાંઈ જતો કરાય?

કાલે દખણાદા વાયરા વાવાનો વાવડ છે. ફરી ભીંજાયેલી ધરતી તપશે. અને ભીંજાયેલું ઘાસ ફરી સુકાશે. ધીમે ધીમે એમાં લીલાશ ફરીથી પાંગરશે. એ હીમકણિકાઓ ફરી પાછી ભેજ બનીને વાતાવરણમાં ઓગળી જશે.

**વરસાવું, રેલાવું, થીજાવું, જામવું, ઝૂલવું,**
**ઓગળવું, ફરી રેલાવું, સુકાવું, વિસ્તરવું, વિખેરાવું,**
**સતત પરિવર્તન જ પરિવર્તન ...**

# ૬૬ - હાલોકન – પહેલું અને છેલ્લું

એ જ પાર્કમાં હું આવ્યો છું - એ જ પાર્ક જ્યાં અનેક ' અવલોકનો' સૂઝયાં હતાં. પણ વર્તમાનમાં જીવવાના ધખારે આજે **'હાલોકન'** લખવા કોશિશ કરવાનો છું.

બાળકો રમવામાં તલ્લીન છે; અને હું બધા વિચારો બાજૂએ મૂકીને માત્ર મારા શ્વાસને આવતો જતો જોઈ રહ્યો છું. શરીરની નસોમાં વહેતા લોહીના પ્રવાહને પણ અનુભવી શકું છું. સામે લીલાંછમ ઝાડની ડાળીઓ મંદ મંદ પવનમાં હળુ હળુ ઝૂલી રહી છે. એમના હોવાપણા સાથે મને પણ ઝૂલનની અનુભૂતિ થઈ રહી છે. અરે! પણ આ તો અવલોકન છે, વર્ણન છે! દરેક શબ્દ જાણીતો, ભૂતકાળમાં મળેલા જ્ઞાનમાંથી ઉપજેલો છે. દરેક ક્રિયા મનની જાણીતી છે. બાળકો પાર્કમાં આમ જ રમે, ઝાડની ડાળીઓ આમ જ ઝૂલે. આને ઝાડ કહેવાય; આને બાંકડો કહેવાય; આને રસ્તો કહેવાય. બાજુમાં બેસેલ મેક્સિકન યુગલના મનમાં પણ આમ જ વિચારો ચાલતા હશે. એમના શબ્દો સાવ અલગ હશે – મને સમજ ન પડે તેવા.

અમે આગળ ચાલવા જઈએ છીએ. એક નાનકડા તળાવની પાળે, કોઈ ફિશિંગ કરી રહ્યું છે. બાળકો એમની જાળમાં માછલી પકડાઈ કે નહીં ; તે જોવાના કુતૂહલમાં તલ્લીન ઊભા છે. હું બાંકડે બેસી આ બધી લીલા નિહાળું છું. ઘડી બે ઘડી ધ્યાન અને ફરી 'હાલોકન'નું મેટર મેળવવાનો ચાળો ઊપડે છે. અને ફરી એ જ વિચારોની હારમાળા.. એ જ જંજાળ ફરી પાછી મોજૂદ. અને ફરી વર્તમાનમાં જીવનમાંથી વિચારોમાં અવગતિ!

આ બધા વિચારોમાં 'વર્તમાનમાં જીવવાનો સંકલ્પ' ક્યાં સરી ગયો તે તો ખબર જ ન પડી!

**ન લખાય.....ન લખાય..... ન લખાય.......કદી હાલોકન ન લખી શકાય. એ તો અનુભવી જ શકાય, એની અભિવ્યક્તિ કદી ન હોય.**

પણ એ હકીકત છે કે, એ ઘડી બે ઘડીમાં મારું અને આજુબાજુનું અસ્તિત્વ, સઘળી ચીજોનું હોવાપણું એકરૂપ થયેલું અલપ ઝલપ ભાસી ગયું હતું. કેવો અદ્‌ભૂત આનંદ; કેવી સુખદ પળો! આ લખું છું ત્યારે પણ લખવાના આનંદની અનુભૂતિ થઈ રહી છે. આંગળીઓનો કિબોર્ડ પરનો થપકારો, શ્વાસની આવન જાવન, લોહી ફરવાની મધુર ઝણઝણાટી -

**અવર્ણનીય**

**આનંદ, છતાં કેવો**

**અનભિવ્યક્ત ?**

બસ! આ છેલ્લું હાલોકન છે. હાલમાં જીવી શકાય, હાલોકન કદી લખી ન શકાય. એનું ચિત્ર, શિલ્પ કે નાટક ન હોઈ શકે. અલવિદા હાલોકન! વર્તમાનમાં જીવતાં રહીશું અને સરી ગયેલી પળોને સ્મરતા રહીશું. પણ માત્ર સ્મરણ જ. કશો બોજો નહીં; કોઈ વળગણ નહીં. કોઈ ગમો કે અણગમો નહીં. હવે અવલોકનોની મઝા જ મઝા માણીશું. ભલે એ ભૂત અને ભાવિ પર અવલંબિત હોય.

